# ભક્તિ પુષ્પ

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ११८८८ वर्गांक

पुस्तकनुं नाम लेटे३ खून

विषय ८३५७.३

ૐ

# ભેદક ખૂન.

( એક રહસ્યમય ડિટેક્ટીવ નવલકથા. )

પ્રયોજક


**શંકરલાલ નાથજી શુકલ.**

માતર



પ્રકાશક –

**હરિભાઈ દલપતરામ પટેલ.**

શાહપુર—અમદાવાદ

સોલ એજન્ટ:-

**હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.**

૩૦૩૫, પાનકોર નાકા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૧ સને ૧૯૨૪

કીંમત રૂ. ૧-૮-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

પ્રકાશકે સર્વ હક્ક પોતાને સ્વાધિન રાખ્યા છે.

અમદાવાદ—શાહપુર વનમાળી વાકાની પોળમા હરિભાઇ
દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમા છાપ્યુ

# પ્રસ્તાવના.

વાચનનો શોખ દિનપ્રતિદિન વધતો જવાથી ગુર્જર ભાષાના વિદ્વાનો તરફથી નવી નવી નવલકથાઓ લખાય છે અને તેનો જનસમાજ યોગ્યતાનુસાર સાદર કરે છે, તથાપિ જોઈતુ સાહિત્ય ગુર્જરગિરામા જોઈએ તેટલુ અવલોકાતુ નથી.

આજ કાલ બંગાળી ભાષામા અનેક પુસ્તકો સાહિત્યના સાધન તરીકે પ્રખ્યાતિ પામેલા છે, જેમાના કેટલાકના ગુર્જર સાહિત્યના શોખીન અને તેમા વૃદ્ધિ કરનાર ઇચ્છનાર વિદ્વાન લેખકોએ રૂપાન્તર કરી ગુર્જર પ્રજા સન્મુખ મૂકેલા છે, જો કે તેના પુસ્તકો બંગાળી પુસ્તકોનુ અક્ષરશ રૂપાતર હોય છે, તથાપિ ભાષા ફેર થવાની સાથે મૂળ પુસ્તકના નામને પણ ફેરવી નાખવાના પ્રયત્નો કરાય છે આ રીત અમને અયોગ્ય લાગવાથી આ પુસ્તકના અસલ નામને નહિ ફેરવતા બંગાળી ભાષામાના તેના નામને અમે કાયમ રાખ્યુ છે

પ્રસ્તુત પુસ્તકમા દુનિયામા મિત્ર નામની કેટલી મહત્તા છે, અગર મિત્રનુ કાર્ય તથા ફરજો કેવી દુર્ઘટ હોય છે, તે બતાવતા સ્વાર્થી અને સ્વહિત સાધક મિત્રો કેવા નીચ કર્મો કરે છે, તેનુ આબેહુબ પ્રતિબિંબ પ્રગટ કરવામા આવ્યુ છે તેમજ "મેસ્મેરિઝમ" વિદ્યાનો સદુપયોગ કરવાને બદલે સ્વાર્થ સાધુ પુરુષો તેનો દુરુપયોગ કરી કેવા અધમ કૃત્યો કરે છે, તે પણ દર્શાવવામા આવેલુ છે

આ નવીન નૉવેલ વાર્તાના શોખીનોને આનદ સાથે જ્ઞાન આપવામા બહુજ ફળદાયક નિવડો એજ અમારી અભિલાષા છે. "કિંબહુના ?"

દાસગા-પ્રાણ નિવાસ } પ્રયોજક

પ્રજામાં એકી અવાજે લોકપ્રિય થઈ પડેલી

# કુંદન અને કુસુમ.

## ભાગ ૧ થી ૮.

જૂની આંખ નવા તમાશા, મનમાન્યું કામ કરનાર પિતાઓ, સુધારાથી થયેલા સ્મશાન સમાં મકાનો, ટીમમાં મદ્દીની અજ્ઞાનયુક્ત લીલા અને કળિકાળના નાટક પારકાની રીતભાતોનું અંધ અનુકરણ કરતાં થતી ખાનાખરાબી ને પાયમાલી, સાધ્વી સન્નારીનો પતિપ્રેમ વગેરે અમૂલ્ય ચિત્તાકર્ષક બનાવોથી ભરપૂર **ભાગ ૧ થી ૮** દરેક ભાગની **કીંમત રૂ** ૧-૪-૦ પોસ્ટેજ જુદું

---

# વસંત-વિહાર.

રમતની રંગીલી ગઝલો તેમજ આકર્ષક દોહરા, સુપ્રસિદ્ધ વર્તમાનપત્ર ગુજરાતી 'સાંજ વર્તમાન' વગેરે જેમણે વાંચ્યા છે તેમને તેની ઉત્તમતાની સંપૂર્ણ ખાત્રી છે. પ્રેમ, ભક્તિ, વૈરાગ્ય, શૃંગાર, સાહિત્ય ધર્મ વગેરે અનેક વિષયો ઉપરની ગઝલો તેમજ દોહરા આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સુંદર સફેદ ચીકણા કાગળ પર મનહર છપાઇ, પાકું સોનેરી પુઠું હોવા છતાં **કીંમત** માત્ર રૂ ૨-૮-૦ પોસ્ટેજ જુદું

**મળવાનું ઠેકાણું -**

**હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.**

૩૦૫, પાનકોર નાકા-અમદાવાદ

# ભેદક ખૂન.

## પ્રકરણ ૧ લું.

### આત્મઘાત કે ખૂન ?

" કોણ, રાજીવલોચન આવ્યો ? "

" હાજી "

" આટલી બધી મોટી રાત્રિ સુધી ક્યાં ગયો હતો ? "

" પશ્ચિમ દિશા તરફના દરવાજા આગળ કોઇ બે યુવાનો આવેલા હતા તેમની સાથે સહેજ બાબતમાં તકરાર થઇ પડવાથી બહુ વખત ગયો એટલે આટલું બધું મોડું થયું "

" બહુ વખત થયો હું તારી રાહ જોયા કરતો હતો "

" કેમ શું કામ હતું ? "

" સૂતો છું, પરંતુ બીલકુલ ઉંઘ આવતી નથી, મનમાં ઘણાજ તર્કવિતર્ક અને ચિંતા થયા કરે છે ભાઇના સંબંધમાં અનેક નઠારા નઠારા વિચારો ઉત્પન્ન થાય છે, માટે ચાલો ! એક વખત જઇ તેમને મળી આવીએ તેમને મળ્યા સિવાય મને મુદ્દલ ચેન પડશે નહિ "

" ઠીક ! ત્યારે હું કપડા બદલીને આવું એટલે જઇએ "

એ પ્રમાણે કહી રાજીવલોચન પોતાના સૂવાના ઓરડા તરફ ચાલ્યો ગયો.

રાજીવલોચન એક બળવાન અને વિખ્યાત પહેલવાન હતો તે જયતિલાલના સોબતી તરીકે હમેશા તેની સાથેજ રહેતો હતો

જયતિલાલ પોતે બ્રાહ્મણ જ્ઞાતિમા ઉત્પન્ન થયેલો હતો બહુજ સારા વિદ્વાન તરીકે તેની વિજયનગરમા ગણના થતી હતી તેના માતપિતા તેને બાલ્યાવસ્થામા મૂકીને પરલોક ગમન કરી ગયા હતા ફક્ત એક ઓરમાન ભાઈ સિવાય તેને કોઈપણ બીજુ અ ગત સ બ ધી હતુ નહિ

જયતિલાલના મોટાભાઈનુ નામ રામપ્રસાદ હતુ તેણે જીદગી પર્યંત અવિવાહિત રહેવાનો નિશ્ચય કર્યો હતો તેથી લગ્ન કર્યુ નહોતુ તેની પાસે લગભગ બે લાખ રૂપીયાની સમ્પત્તિ હતી પિતાની દરિદ્રાવસ્થા હોવાથી તેમના તરફથી કાંઇપણ વારસો તેને મળ્યો નહોતો, પર તુ તેના મોસાળમા કોઇપણ વારસ નહિ હોવાથી મોસાળની સઘળી મિલકતનો તે સ્વત ત્ર વારસ બન્યો હતો અને તેથીજ પોતે પોતાના મોસાળમા રહેતો હતો તેણે પોતાના ભાઇ જયતિલાલને પણ પોતાની પાસેજ એક મકાન જુદુ લઇ આપી રાખ્યો હતો જયતિલાલ પોતે પણ પોતાના ભાઈ રામપ્રસાદે લઈ આપેલા મકાનની અ દરજ રહેતો હતો

રાજીવલોચન પણ જયતિલાલની સાથેજ રહેતો હતો જયતિલાલનુ સઘળુ ખર્ચ રામપ્રસાદ આપતો હતો અને

તેને કોઇપણ પ્રકારની હરકત પડે, તેવો પ્રસ ગ કદાપિ પણ તે આવવા દેતો નહોતો

રામપ્રસાદને મોસાળમાથી મળેલી સમ્પત્તિની આવકમાથીજ તેનુ અને જયતિલાલનું ખર્ચ બહુજ સારી રીતે નભતુ હતુ, બન્ને ભાઇઓની વચ્ચે કોઇપણ દિવસ કોઇ પ્રકારનો પૈસાના સ બ ધમા કલહ થવા પામતો નહિ

રામપ્રસાદ એક રસાયણવિદ્યાના પ્રખ્યાત પ્રૉફેસર તરીકે લેખાતો હતો તે અનેક પ્રકારના વિષો તૈયાર કરવામાજ પોતાનો સઘળો દિવસ હમેશા વ્યતીત કરતો હતો જુદા જુદા દેશોમા પર્યટન કરી તેણે જુદી જુદી જાતના રસાયણિક વિષો બનાવવાની બહુજ સારી માહિતી મેળવી હતી પોતાનુ સઘળુ જીવન એ કાર્યમાજ વ્યતીત કરવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો હતો તેણે એક વિશાળ રૂમ પોતાના રસાયણિક પ્રયોગોને માટેજ ખાસ નિર્માણ કરેલો હતો અને તેમાજ તે અનેક પ્રકારના નવીન નવીન વિષોનો જથ્થો તૈયાર કરી ભરી મૂકતો હતો ફક્ત ભોજન અને નિદ્રાના વખત સિવાય તે તે રૂમમાથી ભાગ્યેજ બહાર નિકળતો હતો

પોતાની તે રસાયણિક પ્રયોગશાળાની અ દર તે કોઇને પણ પ્રવેશ કરવાની પરવાનગી આપતો ન હતો તે પ્રયોગશાળાની અ દર પેસવાના દ્વાર તેણે તદ્દન લોઢાનાજ બનાવરાવેલા હતા તેમજ દ્વાર ખુલ્લા કરવાની યુક્તિ પણ પોતાના સિવાય કોઇના પણ સમજવામા આવે નહિ, તેવી તેણે ગોઠવણ કરી રાખેલી હતી, એટલે તેના સિવાય તે દ્વાર

ખુલ્લા કરવાની યુક્તિ અન્ય કોઈના જાણવામા ભાગ્યેજ હશે, એમ જણાતુ હતુ

જયતિલાલ શરીરે હૃષ્ટપુષ્ટ અને બળવાન હતો તેને જોતાજ તેના શરીરના બાધા ઉપરથી તે બળવાન હોવો જોઈએ, એમ સામાન્ય માણસ પણ અનુમાન કરી શકતો હતો તેનુ મુખ જોવાથી તે એક ભયાનક મ ણુસ હશે, એમ દેખાઈ આવતુ હતુ પર તુ જ્યારે તેની સાથે પ્રસ ગ પડતો ત્યારે તેના સ'બ ધમા ઉત્પન્ન થયેલી ભયાનકપણાની કલ્પના તદ્દન નાશ પામતી હતી, અને એક સુશિક્ષિત, મિલનસાર, દયામય તથા સદ્ગુણુશાળી પુરૂષ તરીકે તેની પ્રભા જોનાર મનુષ્યના અ'તરમા પડતી હતી

રાજીવલોચન રાત્રિના સમયે પહેરવાના સામાન્ય કપ ડાની અ દર સજ્જ થઈને જયતિલાલના દિવાનખાનામા આવ્યો બન્ને મિત્રો એકમેકને મળી જલદીથી દિવાનખાના માથી બહાર નિકળ્યા અને રામપ્રસાદના મકાન તરફ ચાલ્યા,

આજે શ્રાવણમા ની કૃષ્ણ એકાદશીનો દિવસ હતો, આકાશ વાદળોથી ઘેરાયલુ હતુ અને મ દમ દ વૃષ્ટિ થયા કરતી હતી, તેવે સમયે બન્ને યુવકો રામપ્રસાદને મળવાના પૂર્ણ ઉત્સાહમા હોવાથી સામાન્ય વૃષ્ટિની કાઈ પણ પરવા નહિ કરતા લગભગ અર્ધા કલાકની અ દર રામપ્રસાદના વિશાળ બ ગલાની સમીપમા આવી પહોચ્યા

મધ્યરાત્રિનો સમય વ્યતીત થઈ ગયો હતો કોઇ પણ મનુષ્ય કે પ્રાણીનો શબ્દ સ ભળાતો ન હતો સઘળે શાન્તિનું

સામ્રાજ્ય સ્થાપિત થઇ ગયેલુ હતુ, ફક્ત વચ્ચે વચ્ચે વર્ષાના સમયમા ગુજારવ કરનારા તમરાઓનો શબ્દ કવચિત્ કવચિત્ કર્ણમા પ્રવેશ કરી ગુજારવ કરી શાન્તિનો ભગ કરતો હતો.

રામપ્રસાદ પોતે એકલોજ પોતાના બગલાની અદર રહેતો હતો નોકર ચાકરને માટે તેણે પોતાના બગલાની નજીક સ્હામેની બાજુએ ન્હાના ન્હાના મકાનો બધાવેલા હતા અને તેમા તેઓ નિવાસ કરતા હતા

જયતિલાલે ભાઇના બગલામા આવી અદર પ્રવેશ કરવાના દ્વારને ધક્કો માર્યો દ્વાર ધક્કો લાગતાજ ખુલ્લા થઇ ગયા જયતિલાલ દ્વાર ખુલ્લા જોઇ બહુજ આશ્ચર્ય પામ્યો આટલી મોડી રાત્રે શા માટે બારણા ખુલ્લા રાખેલા હશે ? એવો પ્રશ્ન જયતિલાલના મનમા ઉપસ્થિત થયો

દ્વાર ખુલ્લા જોવાથી જયતિલાલના મનમા પળે પળે વહેમની વૃદ્ધિ થવા લાગી તરતજ રાજીવલોચન જરા દૂર ઉભેલો હતો તેને જયતિલાલે હાથનો ઈસારો કરી પોતાની પાસે બોલાવ્યો અને તેઓ બન્ને ઉતાવળે પણ ધીમે પગલે ઉપરના માળ ઉપર ચડયા માળ ઉપર તે વખતે રામપ્રસાદના શયનગૃહની અદર મદમદ પ્રકાશ આપતો એક ટેબલ ઉપર રાખવાનો દીવો બળતો હતો

જયતિલાલ હિમ્મતવાન અને બળવાન માણસ હોવા છતા તેની આ વખતે આગળ ચાલવાની હિમ્મત ચાલી નહિ તેણે રાજીવલોચનને જણાવ્યુ–" રાજીવ ! આજે સમાચાર કાઈ સારા હોય એમ લાગતું નથી ! "

રાજીવલોચને તેને બોલતો અટકાવીને કહ્યું–" મને લાગે છે કે મોટાભાઈ હજુ જાગતા હોવા જોઈએ. જુઓ ! તેમના સૂવાના રૂમમા હજી દીવો બળે છે ! "

જયતિલાલે દિલગીરી દર્શાવતા અને દુખી થતા જણાવ્યુ કે–" નહિ, રાજીવ ! એમ અનુમાન કરી શકાય તેવુ નથી જો ઉપરની બાજુએ તેમની રસાયણશાળાની અંદર દીવો બળતો જણાતો હોત, તો તેવો વિશ્વાસ રાખવાનું ઉચિત હતું, કિન્તુ સૂવાના ઓરડામા આટલી મોડી રાત્રે દીવો બળતો જોવામા આવે છે, તેથી મારા મનમા પ્રબળ સંદેહ ઉત્પન્ન થાય છે કે સમાચાર સારા નથી તમે અંદરની બાજુએ જઈ જુઓ પછી ઉપરની બાજુએ જઈને તપાસ કરીશુ "

રાજીવલોચને તરતજ આગળ ચાલી સૂવાના ઓરડાની અંદર પ્રવેશ કર્યો જયતિલાલ પણ તેની પાછળ પાછળ અંદર ગયો અંદર જતા જે દેખાવ તેમની નજરે પડયો તેથી તેઓ બન્નેના મનમા બહુજ ભીતિ ઉત્પન્ન થઇ બન્નેની વાકશક્તિ બંધ થઇ ગઇ તેઓ બન્ને એક બીજાના સ્હામુ એકી નજરે નિહાળી રહ્યા

એ ઓરડો બહુ વિશાળ નહોતો, છતા બહુજ સારી રીતે શણગારવામા આવેલો હતો. ઓરડાના મધ્યભાગમા એક સુંદર આરસનું વિશાળ ટેબલ ગોઠવવામા આવેલુ હતુ, જેના ઉપર ટેબલ લેમ્પની અંદર દીવો બળતો હતો

આ બનાવ નજરે નિહાળી કેટલાકવખત સુધી મૌન રહી

આખરે જયંતિલાલે રાજીવલોચનને ઉદ્દેશીને કહ્યુ-" જોયુ રાજીવ ! જો આવુ ન હોત તો મારા મનમા વહેમ આવત ખરો કે ? હવે શુ કરવુ ? હાય ! ભાઈ મારો ત્યાગ કરીને જરૂર ચાલ્યા ગયા "

રાજીવલોચને દીર્ઘ નિ શ્વાસ નાખતાં જણાવ્યુ-" હવે મિથ્યા શોક કરવો ઉચિત નથી જલદી આ હકીકતથી પોલિસના માણસોને વાકેફ કરવા જોઇએ મને લાગે છે કે અવશ્ય કોઇએ તેમનુ ખૂન કરેલુ હોવુ જોઇએ ! મારી ધારણા પ્રમાણે તો તેઓ કદાપિ આત્મહત્યા કરેજ નહિ !

જય તિલાલે તેના બોલવા તરફ કાઈ પણ લક્ષ નહિ આપતા કહ્યુ -" રાજીવ ! આ બ ગલામા તમારૂ કાઇ પણ અજાણ્યુ નથી માટે મારૂ માની પ્રથમ રસાયણશાળામા તમે એક વખત બરાબર તપાસ કરી આવો મને લાગે છે કે તમને ત્યાથી આ સ બ ધમા કાઇક વિશેષ હકીકત મળી આવશે ! "

રાજીવ તરતજ પોતાના આશ્રયદાતાનુ-મિત્રનુ કહેવુ માન્ય કરી ઉપરની બાજુએ રસાયણશાળાના ઓરડા તરફ ગયો ત્યા ચારે તરફ તપાસ કરી પાછો આવી તે જયતિલાલને કહેવા લાગ્યો-હુ ફક્ત રસાયણશાળા સિવાયના બધા ઓરડાઓ સઘળી જગોએ તપાસી આવ્યો છુ ત્યા આગળ કોઇ પણ જોવામા આવતુ નથી રસાયણશાળાનો ઓરડો બ ધ છે અને તે બહુ પ્રયત્ન કરવા છતા ઉઘાડી શકાતો નથી, માટે તે મારાથી જોઇ શકાયો નથી.'

" બીજે સઘળે તો બરાબર રીતે તપાસ કર્યો છેને ? "

"હા ! બીજે તો બરાબર તપાસ કર્યા છે રસાયણ શાળાના દ્વાર ઉઘાડવાની ચાવી કેવી છે તે જાણુવામા નથી, તેમ તે કેવી રીતે ઉઘાડવામા આવે છે, તેનો સકેત પણ મારા જાણુવામા નથી તમે જાણુતા હો તો બતાવો '

"ના રાજીવ ! મને પણુ તે રૂમ ઉઘાડવાનો ગુપ્તભેદ ભાઈએ કદાપિ પણ બતાવ્યો નથી, તેમ બીજા કોઇના પણ જાણુવામા હોય તેવુ મને લાગતુ નથી પણ મને લાગે છે કે વખતે સુરેશકુમારીને તેમણે જણાવ્યો હોય '

' શુ સુરેશકુમારીને તેઓ જણાવે ખરા ?"

"હા ! તે તેમને પોતાની પુત્રી સમાન પ્રિય છે મારા કરતા પણ સુરેશકુમારી તેમની અધિક સભાળ રાખતી હતી તેથી વખતે તેના ઉપર કૃપા કરી તેને જણાવે પણ ખરા ! પરતુ જો તો ખરો ! મોટા ભાઇના ડાબા હાથમા મને કાંઈક લોહીનો ડાઘ પડેલો હોય તેવુ દેખાય છે !"

રાજીવલોચન તરતજ રામપ્રસાદના મૃત શરીરની પાસે ગયો અને તેનો હાથ પોતાના હાથમા લઇ કેટલીકવાર સુધી જોઈ રહી વિચાર કરી કહેવા લાગ્યો –"હા ! લોહીના ડાઘ જેવુ જ જણાય છે ! પણ અન્ય કોઈ સ્થળે તેવો બીજો ડાઘ પડેલો હોય તેવુ જણાતુ નથી શરીર પર કોઇ પણ આઘાત થયેલો હોય તેવુ પણ સમજાતુ નથી, ફક્ત આટલુ લોહી નીકળવાથી ભાઇનુ મૃત્યુ થયુ હોય, એ પણ મને તો સભવિત લાગતુ નથી !

"વારૂ આ ગોળી ભાગેલી પડેલી છે તે જો તો ખરો "

" આતો કાચની ગોળી છે ! મને લાગે છે કે આ ગોળીને ભાગતા કાચને નાનો ટુકડો હાથમા પેસી જવાથી આ લોહી આવ્યુ હશે ! "

" હા ! મને પણ એમજ લાગે છે કે ભાઇ આ કાચની ગોળીને હાથ વડે ભાગવા ગયા હશે, પરતુ એ સઘળી બાબત આપણે તપાસવાની જરૂર નથી પોલિસના માણસો આવીને સઘળુ તપાસશે '

" મને અત્યારે તો એવુ સમજાય છે કે વખતે તેમણે આત્મહત્યા કરી હોય ! "

" મને લાગે છે કે તારૂ મગજ અત્યારે ભમી ગયુ છે વિચાર તો કર કે ભાઇને શુ દુખ હતુ કે તેઓ આત્મહત્યા કરી પ્રાણુ કાઢે ? '

" ત્યારે આ શાનો ડાઘ હશે ? "

' એ પણ લોહીનો ડાઘ હોય એમ દેખાય છે મને લાગે છે કે તેમના હાથમાના લોહીનો ડાઘ દિવાલ પર પણ લાગેલો છે '

" મારી ધારણા પ્રમાણે પોલિસને આ બાબતની ખબર આપ્યા સિવાય બીજો એકે રસ્તો નથી "

" તો પછી અહિ આ નકામો વખત ગુમાવવાની શી જરૂર છે મારી મરજી છે કે આપણે એક વખત ભાઇની રસાયણુશાળાનો ઓરડો ઉઘાડવાનો પ્રયત્ન કરી જોઇએ તો ઠીક ! "

"ના ! ના ! તે નકામી મહેનત કરવા જેવુ છે મે તેને ઉઘાડવાનો બહુજ પ્રયત્ન કરી જોયો છે પણ કોઇ રીતે ઉઘાડી શકયો નથી"

તરતજ જય તિલાલ અને રાજીવલોચન બન્ને તે ઓર ડાની અ દરથી બહાર નિકળ્યા એટલામા એક ગાડી જાણે બ ગલાના પગથીયા આગળ આવીને અટકી પડી હોય, તેવો અવાજ તેમને કાને પડયો ગાડીનો અવાજ સાભળી બન્ને જણુ ઉતાવળા ઉતાવળા છજાની અ દર આવ્યા અને નીચે નજર કરી તો બે પોલિસના અમલદારો ગાડીમાથી નીચે ઉતરતા તેમના જોવામા આવ્યા

તેમણે પહેરેલા વસ્ત્રો ઉપરથીજ જય તિલ લ તેઓ બન્ને પોલિસના અમલદારો છે, એમ ઓળખી ગયો તેમને જોતાજ રાજીવલોચન પણ બોલી ઉઠયો.–"મને લાગે છે કે આપણે ખબર પહોચાડતા પહેલા તો તેઓને ખબર મળી ગઇ લાગે છે'

## પ્રકરણ ૨ જુ.

### પિંજરામાં પુરાયેલી પખિણી !

આવેલા બન્ને પોલિસ અધિકારીઓમાનો એક સ્થાનિક પોલિસનો સબ ઇન્સ્પેકટર મી રસિકલાલ કરીને હતો તથા બીજો વિજયનગરનો પ્રખ્યાત ડીટેકટીવ પોલિસ ઇન્સ્પેકટર મી આણુદરાવ કરીને હતો

બગલાની અદર પેસતાજ મી રસિકલાલે સ્હામે ઉભેલા જયતિલાલને જોઇને પૂછ્યુ–" આપનુ નામ શુ ? "

" મારૂ નામ જયંતિલાલ છે "

" ત્યારે તો મારા ધારવા પ્રમાણે આપજ મરનાર મી રામપ્રસાદના ભાઇ હશો ? "

" હાજી ! "

" મે થોડા સમય પહેલાજ મી રામપ્રસાદના ખૂનના સમાચાર સાભળ્યા છે મને તેમના ખૂનના સબધમા દરવાજા ઉપર પહેરો રાખનાર ભૈયાના ઉપર પ્રથમ સદેહ ઉત્પન્ન થયો હતો આપે અહિયા આવી તપાસ કરી તે પહેલાજ તે અહિ આવી જોઈ ગયો હશે અને તેથી તેણે અમોને ખબર આપી હશે, એમ સમજાય છે સારા ભાગ્યે તેણે ખબર આપી તે વખતે આપણા વિજયનગરના પ્રખ્યાત છુપી પોલિસના ઈન્સ્પેટકર સાહેબ મી આણદરાવ પણ ત્યા કામ પ્રસગે આવેલા હોવાથી બેઠેલા હતા જલદીથી ખુનના સબધમા પત્તો મળે એટલા માટે હુ તેમને પણ સાથે લેતો આવેલો છુ વારૂ ! પણ આપને કોણે ખબર આપી ? "

" મને આ સબધમા કોઈએ ખબર આપી નથી પણ હુ સૂતો હતો ત્યારે મારા મનમા બહુજ ચિન્તા થવા લાગી કોઇપણ પ્રકારે મને ચેન પડયુ નહિ અને વધારે ને વધારે બળવા લાગ્યો અને તેથી ઉઘ આવી નહિ મનમા અનેક પ્રકારની નઠારી શકાઓ ઉત્પન્ન થવા લાગી અને ભાઇને મળવાને મન બહુજ આતુર થવા લાગ્યુ એટલે હુ

મારા મિત્ર રાજીવલોચનને સાથે લઈ અહિયા આવ્યો અહિ આવ્યા પછી આ દુ ખકર બનાવ મારી નજરે પડયો મે જે કાંઈ જોયુ છે તે આપ ઉપર પધારો એટલે આપને સમજાવુ'

સબ ઇન્સ્પેકટરની ઉમ્મર આશરે પચાસેક વર્ષની હતી, કિન્તુ એટલી ઉમ્મર હોવા છતા તેમનુ શરીર બહુજ બળવાન હતુ તેમની સાથે આવેલો ડીટેકટીવ પોલિસ ઇન્સ્પેકટર આણુદરાવ આશરે ત્રીસેક વર્ષની ઉમ્મરનો હતો તે દેખીતો બહુજ નિડર, ધૂર્ત અને સદ્વર્તનશાળી જણાતો હતો આટલી નાની ઉમ્મરમા તેણે અનેક ચોર, લુટારા અને ખૂનીઓને પોતાની જાળમા ફસવી પકડયા હતા જુદા જુદ' સ્થળોએથી અનેક ઇનામો અને સોના રૂપાના ચાદો તેણે મેળવ્યા હતા વિજયનગરના રાજ્યમા આ વખતે આણુદ રાવનુ નામ બહુજ પ્રખ્યાત હતુ

પોલિસ સબ ઇન્સ્પેકટરે સીડી ઉપર ચઢતા ચઢતા જયતિલાલને પૂછયુ –" કેમ સાહેબ ! આપે ઉપરની બાજુએ સઘળે સ્થળે તપાસી જોયુ છેને ?"

"હાજી ! કેટલેક સ્થળે જોયુ છે અમારી નજર નહિ પહોચવાથી અમે આપને ખબર આપવા માટે અવતા હતા, એટલામા આપજ પોતે અહિ આવી પહોચ્યા છો "

"મે આપને આવતા વાતજ જણાવ્યુ છે કે દરવાજાના પહેરાવાળાએ આવી મારી ઑફીસમા ખબર આપી હતી તે પણ અમારી સાથેજ પાછો આવ્યો છે, પરતુ રસ્તામાથી તેના પેટમા દુખતુ હોવાથી તે જાજરૂ જવા

ગયો છે તે હમણુાજ આવશે ને કહેતો હતો કે રાત્રિના દશેક વાગ્યાના સુમારે મરનાર રામપ્રસાદના ત્રીજા મજલા ઉપરના એક ઓરડાની અ દર દીવો બળતો જોવામા આવ્યો હતો આપના ભઇ હમેશા રાત્રિએ બહુ સમય પર્યંત જાગતા રહેતા હતા, તેથી પહેરાવાળાને કોઇ પણ પ્રકારનો વહેમ આવવાનુ કારણ હતુ નહિ, પણ આજે આશરે સાડા દશેક વાગ્યાને સુમારે એકાએક ત્રીજા માળ ઉપરથી ભયની બૂમ તેના સાભળવામા આવી તેથી તેના મનમા વહેમ ઉત્પન્ન થયો તે વિચાર કરતો હતો, એટલામા એક સ્ત્રીને સીડી પરથી બીજા માળ પર આવતા તેણે જોઇ તેથી તેના વહેમમા અધિક ઉમેરો થયો ”

“ એ સ્ત્રી કોણ હતી તે પહેરાવાળો ઓળખી શકયો છે ? ”

“ ના ! દીવાના ઝાખા અજવાળાને લીધે તે તેને બરાબર ઓળખી શકયો નહોતો ! ’

“ પછી ? ”

“ પછીથી તે રમણી બગલામાથી નીચે ઉતરી વાડીના દરવાજા તરફ વળી પહેરાવાળાએ તેને અટકાવી નહિ, તેમ તે તેની પાછળ પણ ગયો નહિ, પણ પહેલા ભયનો પોકાર સાભળેલો હોવાથી બગલાના ઉપરના માળ પર આવ્યો ઉપર આવીને જોતા રામપ્રસાદ મરી ગયેલા હોય તેવુ તેને જણાયુ, તેથી નકામો વખત નહિ ગુમાવતા તેણે પોલિસ સ્ટેશન પર આવી અમને ખબર આપી ”

આ પ્રમાણે વાત કરતા કરતા ચારે જણા ઉપરની બાજુએ આવેલા રામપ્રસાદના સૂવાના ઓરડાની સમીપમા ગયા અત્યાર સુધી આણુદરાવ એક શબ્દ પણ બોલ્યો નહોતો રામપ્રસાદના સૂવાના ઓરડામા જઈ તેણે મૃતશરીરને બરાબર રીતે તપાસ્યુ તેમજ તે ઓરડાની અદર રાખવામા આવેલી સઘળી ચીજોનુ બહુજ બારિકાઇથી અવલોકન કર્યું પોતાની તપાસ પૂરી થયા પછી તેણે જયતિલાલને પૂછ્યુ –
" આપે આ બગલાની અદરના બધા માળો અને તેમાના ઓરડાઓ બરાબર રીતે તપાસ્યા છે ? "

" નાજી ! મે બધે ફરીને તપાસ કરી નથી, પરતુ આ મારા મિત્ર રાજીવલોચને એક સિવાયના સઘળા ઓરડાઓ તપાસ્યા છે '

" તો પછી તેમણે તે એકજ ઓરડો જોવાનો કેમ બાકી રાખ્યો છે ? "

" તે ઓરડાના બારણા બધ છે અને તે ઉઘાડવાની યુક્તિ અમારા જાણુવામા નથી તેથી. "

" શુ આપના મોટા ભાઈએ આપને પણ તે ઉઘાડવાની યુક્તિ બતાવી નથી ? "

' નાજી "

" ઠીક ! ચાલો ત્યારે પ્રથમ આપણે તે ઓરડાનીજ તપાસ કરીએ "

તરતજ તેઓ સઘળા તે ઓરડાના દ્વાર સન્મુખ જઇને ઉભા રહ્યા આણુદરાવે તેના દ્વાર બહુજ બારિકાઇથી

તપાસ્યા, પણ કાંઈ પત્તો નહિ લાગવાથી તેણે પુન. જયતિલાલને પૂછયું –" જ્યારે બારણા તૈયાર કરાવ્યા ત્યારે આપ આહુયા હાજર હતા કે ?"

નાજી ! તે વખતે હુ આ દેશમા પણ નહોતો "

" આ બારણા ઉઘાડતા તો તમે બહુએ વાર જોયુ હશે ? "

" બહુ વખત ઉઘાડા જોયા હશે, પરતુ કોઇપણ વખત તેને ઉઘાડતા જોયા નથી મોટાભાઇ તેને બહુજ ગુપ્ત રીતે ઉઘાડતા હતા તેઓ ઉઘાડતા તે વખતે અમને કોઇને પણ પાસે રહેવા દેતા નહિ કાઇને કાઇ બ્હાનુ કહાડી જો અમે હાજર હોઇએ તો અમને બહાર કાઢી મુકતા હતા

" આપે કોઈ પણ વખત એ સબધમા આપના મોટા ભાઈને પૂછેલુ હતુ ? '

" નાજી ! એવી રીતે તેમને પૂછવાનુ સાહસ મારાથી કરી શકાય તેમ ન હતુ "

" અમે પહેરાવાળાના મુખે સાભળેલુ છે કે આપના મોટાભાઈ એક બાલિકાનુ પાલન કરતા હતા તે વાત ખરી છે ? '

" હાજી ! એ વાત સત્ય છે મોટાભાઇ સુરેશકુમારીનુ બાળપણથીજ પાલન કરતા હતા '

" સુરેશકુમારી કોણ ? '

" મોટાભાઇના એક મિત્રની તે પુત્રી છે '

" આપના ભાઇ એ બાલિકાને બહુ ચહાતા હતા ? '

" હા ! "

" ત્યારે તે સુરેશકુમારી આ બારણા ઉઘાડવાની યુક્તિ જાણતી હશે નહિ વરૂ ? "

" તે મારા જાણવામા નથી તેમ મોટાભાઈ તેને કોઈ પણ ગુપ્ત સકેત કહે એ વાત પણ મારા માનવામા આવતી નથી "

" સુરેશકુમારી ક્યા રહે છે ? '

" અહિયા અર્ધાક માઈલ ઉપર '

" તે અહિયા કેમ રહેતી નથી ? '

" તેને અહિ રાખવાની ભાઈની ઇચ્છા નહિ હોય પોતાના રહેવાના સ્થળમા તે કોઇને પણ રહેવા દેવાની ઇચ્છા રાખતા નહોતા અમે વારવાર તેમને મળવા આવ્યા કરતા હતા અમારા સિવાય ઘણુ ખરૂ ભાઇ ભાગ્યેજ કોઈની સાથે વધારે વખત વાતમા ભેળાત તેમની પાસે અનેક ચાકરો છે, છતા તેઓને પણ આ મકાનમા તેઓ રાખતા નહિ તેમનુ' કામ પુરૂ થઇ રહેતા સાયકાળના સમયે સઘળા નોકર ચાકરો આ સામેના મકાનમા પોતપોતાને સોપવામા આવેલી ઓરડીમા ચાલ્યા જતા હતા "

"સુરેશકુમારીને આ સમાચાર પહોચાડવામા આવ્યા છે?"

" ના ! આ સબધમા હજી તે કાઈ પણ જાણતી નહિ હોય એમ જણાય છે "

" ઠીક ! પહેલા એક વખત મારે એ ઓરડાની અદર જઇ તપાસ કરવી જોઈએ મને લાગે છે કે, એ ઓરડાની

અ દરથી મને કાઈને કાઇ નવિન હકીકત મળી આવશે, અને તેથી આપના ભાઇના ખૂનના સ બ ધમા તપાસ કરવામા બહુજ સારી મદદ મળશે ચાલો, એક વખત આપણે અ દર જઈ બધુ તપાસી જોઈએ ”

પાચ મિનિટની અ દર સઘળા રામપ્રસાદના રસાયણ શાળાવાળા ઓરડાની સમીપમા આવીને ઉભા રહ્યા રસિકલાલ અને આણ દરાવ બન્નેએ બહુજ બારિકાઈથી તપાસ કરી, પર તુ તેમની કોઈપણ યુક્તિ બારણા ઉઘાડવામા કામ આવી નહિ છેવટે તેમણે બારણા તોડી નાખી અ દર પેસવાનો વિચાર નક્કી કર્યો તેમણે જયતિલાલને કહ્યુ – “ મહાશય ! આપ આ ઘરમા વારવાર આવતા હોવાથી ઘરના માહિતગાર હશો, માટે ગમે ત્યાથી એક હથોડી અગર પરાઇ અમને લાવી આપો, કેમકે આ દ્ર ર ઉઘ ડવાનો કોઈ પણ ઉપાય નહિ હોવાથી તે ભાગવા પડશે ”

જયતિલાલે તરતજ ઇન્સ્પેકટરોની આજ્ઞાનુસાર નીચે જઈ એક હથોડી અને પરાઈ લાવી આપ્યા આણ દરાવે રાજીવલોચનને બળવાન જોઈ બારણા તોડી નાખવાનુ કાર્ય સોપ્યુ

રાજીવલોચને પરાઇને હાથમા લઈ બારણા ઉપર બહુજ બળપૂર્વક દશ બાર પ્રહાર કર્યા પર તુ તેથી લોઢાના દ્વાર ઉપર કાઇ પણ અસર થઈ નહિ ફરીથી પોતાનામા હતુ એટલુ બળ એકત્ર કરી બીજા દશ પ્રહાર રાજીવલોચને દ્વાર ઉપર કર્યા, તોપણ દ્વારની કળ તૂટી નહિ

આ વખતે રાજીવલોચન વાર'વાર એ ભારે પરાઇને ઉથામવાથી બહુજ શ્રમિત થઇ ગયો અને નિશ્વાસ મૂકવા લાગ્યો જયતિલાલે તેને થાકી ગયેલો જોઈ જરા શાન્તિ લેવાને માટે સૂચવ્યુ.

આશરે દશેક મિનિટ શાન્તિ લઈ રાજીવલોચન પુન તે લોહદંડ હાથમા લઈ બારણા ઠોકવા લાગ્યો આ વખતે તેને બહુ પરિશ્રમ ઉઠાવવો પડયો નહિ બે ચાર ઘા માર તાજ તે લોઢાના દ્વાર પડવાની શરૂઆત થઇ આણદરાવે તે પડતા દ્વારને પકડી લીધા અદરની બાજુએથી અનેક પ્રકારના ઔષધોની ગધ બહાર આવવા લાગી આણદરાવ બારણાને અર્ધા ઉઘાડી અદર જવાને તૈયાર થયો એટલામા અદરની બાજુએથી એક સ્ત્રી બારણા આગળ આવી કહેવા લાગી—" તમે કોણ છો ? તમારે શા માટે બારણા ભાગવા પડયાં છે ? આ મકાનના માલિકનુ કોઇએ ખૂન કર્યું છે હુવે પછીથી હુ આ મકાનની અને તેમની સઘળી સમ્પત્તિની માલિક છુ " અદરથી સ્ત્રીના એકાએક આવા શબ્દો સાભળી બહારની બાજુએ ઉભેલા માણસો બહુજ આશ્ચર્ય પામ્યા

જો કે સઘળા માણસો ઉપરની બીના સાભળી ચકિત બન્યા, પરતુ આણદરાવ તેના બોલવાની કાઇ પણ પરવા કર્યા સિવાય અદરની બાજુએ પેસી ગયો અને અર્ધા ઉઘાડેલા દ્વારને એક બાજુએ ખસેડી દીધા તરતજ બહાર ઉભેલા ત્રણે જણા અદર દાખલ થયા જયતિલાલ અદરનો

દેખાવ જોઇને બહુજ વિસ્મય થયો. ભયથી તેનું શરીર કંપવા લાગ્યું અને પોતાના મનમા અનેક પ્રકારની ચિંતાઓ કરવા લાગ્યો સુરેશકુમારીને તેણે પોતાની સ્હામે હાથ જોડી ઉભેલી જોઈ તેનુ સુદર મુખ મ્લાન થઈ ગયેલુ નિહાળ્યુ તેના કર્ણ પર્યંત વિશાળ નેત્રોમાથી અગ્નિની વૃષ્ટિ થતી હોય તેવો ભાસ થયો ક્રોધને લીધે અતિશય ઉત્તેજીત બની જવાથી તેનું શરીર કપતુ હોય તેવુ દેખાયુ તે વારવાર દીર્ઘ નિશ્વાસ નાખતી નજરે પડી સુરેશકુમારીની આવી વિષમ સ્થિતિ જોઈ જયતિલલ કેટલીક વાર સુધી અવાક્ બની ગયો અને શરીરનું ભાન ભૂલી ગયો તે પોતે જાગૃતાવસ્થામા સ્વપ્ન જેવુ નિહાળવા લાગ્યો તે બહુ વખત સુધી શૂન્ય સમાન રહી સહસા બોલી ઉઠયો –“ કેવી વિચિત્રતા ! સુરેશ ! તુ અહિ કયાથી ? બહુજ આશ્ચર્યની વાત છે કે તુ અદર છે તુ અહિયા અદર પેસી એકલી શુ કરે છે ? ”

## પ્રકરણ ૩ જુ.

### વિષમ સન્દેહ

સુરેશકુમારી કાઈ પણ ઉત્તર નહિ આપતા ફક્ત આવેલા માણુસોના મુખ સ્હામી સ્હેજ દૃષ્ટિ ફેરવી સ્થિરપણે ઓરડાના મધ્યભાગમા ઉભી રહી

સુરેશકુમારીની ઉમ્મર આશરે ચૌદ વર્ષની હતી. તેણે

હાલ યુવાવસ્થામા પ્રવેશ કર્યો હતો તે અતિશય સુસ્વરૂપ હતી તેના સઘળા શરીરનો બાંધો સુકોમળ અને સુદર હતો રામપ્રસાદ જનસમાજની અંદર વધારે ભળતો નહિ હોવાથી તેમજ કોઈપણ લાયકાતવાળો વર નહિ મળવાથી તેણે તેણીનો વિવાહ અદ્યાપિ પર્યંત કરેલો નહોતો રામ-પ્રસાદ તેને પોતાની જાતની પુત્રી કરતા પણ અધિક પ્રેમથી ચહાતો હતો

રામપ્રસાદનો રસાયણશાળાવાળો ઓરડો અનેક રીતે શણગારવામા આવેલો હતો તેની ચારે તરફ પાચ પાચ આલમારીઓ ગોઠવવામા આવેલી હતી, તે આલમારીઓની ઉપર નાની મોટી જુદી જુદી જાતની શીશીઓ ઔષધોથી ભરી ગોઠવવામા આવેલી હતી જુદી જુદી જાતના રસાયણિક વિદ્યાને ઉપયોગી યત્રો તથા રસાયણિક પરીક્ષામા આવતી અનેક પ્રકારની સામગ્રીઓ પણ અતરે અતરે સુરક્ષિતપણે મૂકેલી હતી એક બાજુપર ત્રણ નાના મોટા બુકસેલ્ફો ગોઠવેલા હતા તે સેલ્ફોની અદર જુદા જુદા દેશના રસાયણશાસ્ત્રને લાગતા સોનેરી નામવાળા પુસ્તકો નબરવાર ગોઠવેલા હતા

સુરેશકુમારી પ્રથમ તો દ્વારની પાસેજ ઉભી રહેલી હતી, પરતુ જ્યારે ઓરડાનું દ્વાર તૂટી પડી પોતાના પર પડવાનો સમય આવ્યો, તે જ વખતે ઓરડાના મધ્ય વિભાગમા જઈ ઉભી રહી જો તેણે તેમ કર્યું ન હોત તો દ્વાર તેના ઉપરજ પડવાનો સભવ હતો.

સુરેશકુમારીને શાન્તિથી મૌન ધારણ કરી ઉભી રહેલી જોઇ પોલિસના સબ ઇન્સ્પેકટર રસિકલાલે પૂછયુ –" તમારૂજ નામ સુરેશકુમારીને ? "

તરતજ સુરેશે ઉત્તર નહિ આપતા પ્રથમ તો જય તિલાલના મુખ સ્હામે બહુજ તીવ્ર દ્રષ્ટિએ જોયા કર્યું કેમકે પહેલવહેલાજ તેણે તેના નામથી તેને બોલાવી હતી કેટલીક વારે તેણે વિચાર કરી જવાબ આપ્યો –" હા ! મ્હારૂ નામ સુરેશકુમારી છે "

" તમે અહિયા હશો એવુ અમારા જાણુવામા જો પહેલેથીજ આવ્યુ હોત તો અમને આ દ્વાર ભાગવાની જરૂર રહેત નહિ, નાહક દ્વાર ભાગી નુકશાનમા ઉતરવુ પડયુ, તેમ કરવાની જરૂર પડત નહિ "

" શુ આપ પોલિસના માણુસ છો ? આપના મનમા ખૂનીને પકડવો એવુ જ હોવુ જોઇએ, પર તુ આપે તે ઓરડો જોયો કે નહિ ? અહિયા શુ જોવાનુ હતુ ? "

જય તિલાલ સુરેશકુમારીના કહેવાનો ભાવાર્થ સમજી શકયો નહિ કેવી રીતે સુરેશ આ લોહદ્વારવાળા ઓરડાની અ દર પુરાઇ અને કેવી રીતે તે બહાર નિકળત, એજ વિચાર તેના મનમા ઘોળાયા કરતો હતો જો આ દ્વાર ભાગવામા ન આવ્યા હોત તો તે કેવી રીતે બહાર નિકળવા પામત ? એ વિચારોએજ તેનું હૃદય હલમલાવી મૂકયુ' કોઇ પણ રીતે તેના મનનુ સમાધાન થયુ' નહિ, તેમ કોઇ પણ ગુહ્યભેદ તેનાથી કળી શકાયો નહિ. તેથી તેણે અનેક

વખત સુરેશકુમારીને તે કેવી રીતે અદર પેઠી તે સબધમા પ્રશ્નો કર્યા પરતુ તેના તરફથી કાંઇ પણ ઉત્તર મળ્યો નહિ

આખરે જે ઓરડાની અંદર મૃતદેહ પડેલો હતો ત્યા આગળ બધા ગયા સુરેશકુમારી પણ તેમની પાછળ પાછળ ગઇ રસિકલાલે ત્યા જઈ આણદરાવને સુરેશકુમારીના જવાબ તરફ લક્ષ્ય આપવાનું કહી પોતે સવાલ કર્યો

"વારૂ સુરેશ ! આજે જ્યારે તમે આ મકાનની અદર આવ્યા તે વખતે રામપ્રસાદને તમે જીવતા જોયેલા હતા કે મરેલા ?"

આનો પણ સુરેશકુમારીએ કાઇજ ઉત્તર આપ્યો નહિ એટલે આણદરાવે તેને પૂછ્યુ "મને લાગે છે કે મરનાર રામપ્રસાદના એક હાથમા જે એક નાનો લોહીનો ડાઘ પડેલો છે તે તમે જોયો હશે જુઓ ! આ દિવાલ ઉપર પણ તેવાજ લોહીનો એક ડાઘ પડેલો છે આ ટેબલની નીચે પણ કેટલાક ભાગેલા કાચના કકડા પડેલા છે, એ સઘળુ તમારા જોવામા આવેલુ છે ? બરાબર વિચાર કરીને જવાબ આપજો. યાદ રાખજો કે ખોટી વાત કહી સત્ય હકીકત છુપાવવાનો પ્રયત્ન કરશો તો અત્રે ચાલવાનો નથી"

સુરેશકુમારી તરતજ રામપ્રસાદનું મૃતશરીર પડેલુ હતુ તેની પાસે ગઇ તેણે મસ્તક નમાવી બહુજ બારીકપણે રામપ્રસાદના શબને તપાસ્યુ તેનો હાથ તપાસી સુરેશ-કુમારીએ જણાવ્યુ "આ હાથમા છે તે લોહીનો ડાઘ નથી"

રસિકલાલ બહુજ આશ્ચર્ય પામ્યો ને સુરેશકુમારીને

કહ્યુ –" શુ એ ડાઘ લોહીનો નથી ? જ્યારે પહેલીવાર અમે આ ઓરડાની અદર આવ્યા, તે વખતે આ ઠેકાણે લોહી પડેલુ હતુ "

" ખરેખર એ સબધમા આપની ભૂલ થાય છે એ લોહીનો ડાઘ તો ન હોય "

" વારૂ ! એ લોહીનો ડાઘ ના હોય એમ માનીયે, પણ આ દિવાલ પર દેખાય છે, તે પણ લોહીનો ડાઘ ન હોય કે ! ? મને લાગે છે કે જ્યારે રામપ્રસાદનું ખૂન થયુ, તે વખતે તેમણે આ દિવાલ ઉપર પોતાનો હાથ લગાડયો હોવો જોઇએ અને તેથીજ આ ડાઘ પડેલો છે "

સુરેશકુમારીએ દીવાલ પર પડેલા ડાઘ તરફ નજર કરી ગભીરપણે જણાવ્યુ–" આ શાના ડાઘ છે તે બરાબર રીતે કહી શકાય તેમ નથી લોહીનો ડાઘ હોય એવુ જણાય છે, પરતુ હાથ ઉપરનો ડાઘ તો લોહીનો ન્હોયજ ! "

રસિકલાલ બહુજ આશ્ચર્ય પામ્યો તેણે પાસે ઉભેલા ડીટેકટીવ અમલદાર આણદરાવના સ્હામુ જેયુ બન્ને જણા કેટલીક વાર સુધી વિચાર કરતા એક બીજાના મુખ સ્હામુ જેતાજ ઉભા રહ્યા એટલે તે સમયનો લાભ લેઇ જયતિ-લાલે બહુ નરમાશથી સુરેશકુમારીને પૂછયુ–" સુરેશ ! જો આ સબધમા કાઇ પણ તારા જાણવામા હોય તો મને જણાવ જો હકીકત બરાબર નહિ મળી આવે તો પોલિસના અમલદારો તેમજ છુપી પોલિસના અધિકારીઓ ખરા ખૂનીને પકડી શકશે નહિ વખતે તેમ નહિ થવાથી કોઈ નિરપરાધી

માણુસને નિરર્થક કષ્ટ સહન કરવાનો સમય આવશે ”

સુરેશકુમારીએ તેને કઠોરપણે જવાબ આપ્યો-“ હા ! હુ તે સઘળુ જાણુ છુ, કિન્તુ તમારે એ જાણવુ ઉચિત નથી હુ જે ગુપ્ત રાખવાની ઇચ્છા રાખુ છુ, તે વાત પ્રાણ જતા પણ બીજાને જણાવવાની નથી અહિયા બીજા કેટલાક એવા માણસો છે કે જેઓ રામપ્રસાદનું મૃત્યુ થવાથી લાભ મેળવવાની આશા રાખે છે પ્રથમ પોલિસના માણસોએ તેમની જુબાની લેવાની જરૂર છે ”

રસિકલાલ સુરેશકુમારીના કહેવાના સઘળા શબ્દો સાભળી પોતાને પુરતો ખુલાસો નહિ મળવાથી બોલ્યો -“ હુ એકવાર સુરેશકુમારી સાથે ખાનગી વાત કરવા ચાહુ છુ માટે આપ બધા થોડા સમયને માટે અહિયાથી બહાર જાઓ તો ઠીક ! ”

તરતજ બધા બહાર ગયા. રસિકલાલે સુરેશકુમારીને પોતાની પાસે બોલાવી અને તેને પૂછયુ -“ સુરેશ ! જો તુ ખરી વાત નહિ જણાવે તો અમારાથી ખરા અપરાધીને પકડી શકાશે નહિ. વળી તુ અમને સરળ રીતે સઘળી હકીકત નહિ જણાવે તો પછી અમારે તારી પાસેથી ખરી હકીક્ત કઢાવવા કોઇ પણ ઉપાય કરવો પડશે ”

“ જેટલુ આપને જણાવવાનું હતુ તેટલુ જણાવી દીધુ છે, હવે આપને જે કાઇ કરવુ હોય તે સુખેથી કરો, એ બાબતમા મને જરા પણ ભય લાગશે નહિ ”

રસિકલાલે અન્ય કાંઈ પણ હકીક્ત નહિ પૂછતા પોતાના

ખીસ્સામાથી એક કાગળ બહાર કાઢયો અને તે સુરેશ કુમારીના હાથમા મૂકતા પૂછયુ –" બોલો આ કાગળ સબધી તમે શુ જાણો છો ? આ કાગળ દરવાજાના પહેરાવાળા ભૈયાએ મરનાર રામપ્રસાદના ખીસ્સામાથી કાઢેલો છે "

સુરેશકુમારીએ કાગળ પોતાના હાથમા લઇ વાચ્યો તે પત્રની અદર તેણે પોતાનાજ હસ્તાક્ષરો હોય તેવુ જોયુ પોતાના અક્ષરો જોતા તે બહુજ આશ્ચર્ય પામી અને ભયભિત બની તેણે પત્ર ફરીથી ધીમે ધીમે વાચ્યો

" તમારા શત્રુઓ તમારો પ્રાણ લેવાને માટે યત્ન કરે છે, માટે બહુજ સાવચેત રહેજો "

તમારી

**સુરેશકુમારી**

વાચતાની સાથેજ સુરેશકુમારીના મનમા અતિશય ભય ઉત્પન્ન થયો તેનુ મુખ મલીન થઇ ગયુ ને વારવાર દીર્ઘ નિશ્વાસ મૂકવા લાગી તે એક શબ્દ પણ બોલી શકી નહિ સુરેશકુમારીની આવી સ્થીતિ જોઈ રસિકલાલે હસતા વદને તેને પૂછ્યુ –" વાડીના પહેરાવાળાએ જે કાગળ રામપ્રસાદના ખીસ્સામાથી મેળવ્યો છે તેના અક્ષરો શુ તમારા પોતાના છે?"

" હા, એ મારૂજ લખેલુ છે "

" તમે પત્ર શા માટે લખ્યો હતો ?"

સુરેશકુમારીએ રસિકલાલનો આ પ્રશ્ન ખરી રીતે જોતા સાંભળ્યો નહોતો. તેની ચૈતન્ય શક્તિનો લોપ થઇ ગયો

હતો તેથી તે અચેતન બનીને તરતજ પૃથ્વી પર પડી ગઈ રસિકલાલે તેને પડતા પકડી લીધી અને તેજ સ્થળે તેને સુવાડી, આણુંદરાવને બોલાવ્યો

" આણુંદરાવ આની અંદર કાંઈ પણ રહસ્ય હોય એવું સમજાતું નથી તમે જતી વખતે તેને તમારી સાથે લેઈ જજો અને તેને પોતાને ઘેર પહોચાડજો, મને આ કેસના સબંધમા કેટલીક હકીક્ત તો સમજાઈ છે, તે ઉપરથી તે કાર્ય મારા ધારવા પ્રમાણે બહુ વિષમ નથી સઘળી હકીક્ત સહજમા મળી આવશે "

## પ્રકરણ ૪ થું.

### આશ્વાસન

થોડા વખત પછી જ્યારે સુરેશકુમારીને ભાન આવ્યું ત્યારે રસિકલાલે બીજા બધાને વિદાય કરી સુરેશકુમારીને માટે એક ગાડી મગાવી તેની અંદર તેને બેસાડી પોતે પણ બેઠો અને ગાડીવાળાને સુરેશકુમારીના રહેવાના ઘર તરફ ગાડી લઈ જવાની સૂચના આપી

ગાડી સુરેશકુમારીના રહેવાના સ્થાન તરફ ચાલી લગભગ પાચેક મિનિટ પર્યંત કાંઈ પણ વાતચીત થઈ નહિ રસિકલાલ આ વખતે સુરેશકુમારીનું મુખ મ્લાન થયેલું અને વાર વાર તેને દીર્ઘ નિશ્વાસ નાખતી તથા તેના ચક્ષુ

આમાથી અશ્રુઓ વરસાવતી જોઈ, બહુજ ખિન્ન થયો કોઈ પણ બાહ્ય કારણને લીધે તેની આવી વિષમ અવસ્થા થઈ હશે એમ તે વિચારવા લાગ્યો તેનો સ્વભાવ દયાળુ હતો તેથી સુરેશકુમારીની આવી અવસ્થા જોઈ તેને કાઈ પણ પૂછવાનુ અત્યારે તેને યોગ્ય લાગ્યુ નહિ

કેટલીકવાર શાન્ત રહ્યા પછી સુરેશકુમારીએજ સહસા રસિકલાલને પૂછ્યુ –"મહાશય ! આપ પોલિસના એક અમલદાર છો અને આપની સાથેના આપના મિત્ર છુપી પોલિસના અમલદાર છે ખરૂ ને ? વારૂ ! જો કે તેઓએ તો મને ખરાજ અપરાધી તરીકે માની છે, એમ મને તેમના બોલવા ઉપરથી સમજાયુ છે, પરતુ આપ પણ શુ તેમની માફકજ મને અપરાધી માનો છો ?"

"સુરેશ ! હુ બહારની હકીકત જોઈને કોઈ પણ બાબતનો નિર્ણય કરતો નથી "

"ઠીક ! પરતુ આપના મિત્રે તો મને તે ઓરડાની અદર જોઈ, તથા મને અજ્ઞાન અવસ્થામા નિહાળી ત્યારથીજ હુ અપરાધી છુ એમ નિશ્ચય કર્યો હોય એમ જણાય છે "

"સુરેશ ! જો તુ ધારે તો તાત્કાલીક આ સબધમા અજવાળુ પાડી શકે તેમ છે તુ જે કાઈ જાણતી હોય, તે જો મને જણાવે તો કોઈ પણ પ્રકારની ગુચવણમા અમારે ઉતરવુ પડે નહિ "

"તે તમારા મિત્રના હાથમા આવેલો પેલો કાગળ જોવાથી મારા મનમા ભય ઉત્પન્ન થયો છે "

" તેંજ તેમને જણાવ્યુ છે કે તે પત્ર તારા પોતાનાજ હાથનો લખેલો છે "

" અવશ્ય તે મારા પોતાનાજ હાથનો લખેલો છે મેં કાલે તે પેસ્ટ મારફતે રામપ્રસાદને મોકલાવેલો હતો "

" જો એમજ છે તો પછી મારી આગળ તને સઘળી ખરી હકીકત જણાવવામા શુ હરકત છે ? હુ તને કોઇ પણ પ્રકારની અડચણ આવવા દઇશ નહિ '

" ભલે ! જો આપ વચનથી બધાતાજ હો તો સાભળો આપ જો કે પોલિસ અમલદાર છો તથાપિ દયાળુ છો આપનુ મુખ જોતાજ મને આપના તરફ શ્રદ્ધાભાવ ઉત્પન્ન થયો છે મારા બાપ રામપ્રસાદના અગત મિત્ર હતા રામ પ્રસાદની ઉન્નતિના સાધનરૂપ પણ તેઓજ હતા મારા પિતાએ પોતાના મૃત્યુ પહેલા મને રામપ્રસાદના પાસે મોકલી દીધી હતી રામપ્રસાદે મને બાલ્યાવસ્થામાથી આટલી મોટી અવસ્થામા મારૂ પાલન કરીને આણી છે તેમણેજ મને રહેવાને માટે એક નાનું મકાન આપેલુ છે હુ તે ઘરની અદર એક દાસીની સાથે રહુ છુ હમેશા હુ રામપ્રસાદને મળવા માટે તેમને બગલે જતી હતી જ્યારે જ્યારે હુ તેમની પાસે જતી ત્યારે ત્યારે હમેશા તેઓ મારી સાથે માયાળુપણાથી મીઠી મીઠી વાતો કરતા અને મને ખુશી રાખવાનો પ્રયત્ન કરતા હતા એક દિવસ તેમણે મારી સાથે વાત કરતા કરતા જણાવ્યુ હતુ કે, તેમના મૃત્યુ પછી હુ તેમની સઘળી સપત્તિની માલિક થવાની છુ તેમના ભાઈ

તો કેવળ જીવનપર્યંત પોતાનુ ભરણુ પોષણુનાજ હક્દાર રહેનાર છે, એ પ્રમાણેનુ તેમણે પોતે એક વિલ તૈયાર કરેલુ છે અને તે નેશલન બેકની અદર રાખેલુ છે આ નગરની અદર રામપ્રસાદના અનેક શત્રુઓ છે ગયા વર્ષે એક ભયાનક અને વિચિત્ર માણુસ તેમની પાસે આવેલો હતો તે માણુસને જોયો ત્યારથી તેઓ બહુ દુ ખી હોય તેવા જણાતા હતા મને લાગે છે કે આજે તે માણુસ રામ-પ્રસાદના મૃત્યુના સમાચાર સાભળવાથી બહુજ આનદિત થયો હશે ! '

" એ માણુસ કોણ છે ? અને કેવી રીતે તેને આજે રાત્રેજ સમાચાર મળ્યા હશે ? "

" તેનુ નામ દાક્તર દિનાનાથ છે, તે એક ભયાનક મૂર્તિ છે તે માણુસ જેને ચાહે તેને પોતાના વશ કરી શકે તેવો છે જેવો તે દુષ્ટ છે તેવીજ તેની છોકરી છે તેનુ નામ સ્નેહલતા છે જ્યારે જ્યારે દાક્તર દિનાનાથ રામપ્રસા-દની પાસે આવતો ત્યારે ત્યારે રામપ્રસાદના મનમા બહુજ દુ ખ ઉત્પન્ન થતુ હતુ એઓ એટલા તો તેના મેળાપથી દુ ખી દેખાતા કે ચોવીસ કલાક સુધી કોઇની પણુ સાથે વાતચીત કરી શકતા નહિ જયતિલાલની સાથે સ્નેહલતાને વાતનો બહુ સારો પ્રસગ છે તે તેના હાથમા પૂતળાની માફક રમે છે હમેશા તે તેના કહેવા પ્રમાણેજ વર્તે છે "

" ઠીક ! સુરેશ, આજે તુ કેટલા વાગે રામપ્રસાદના બગલે ગઇ હતી ? "

"રાત્રે અગીઆરેક વાગ્યાના સુમારે હુ રામપ્રસાદના બગલે ગઈ હતી રામપ્રસાદે મારા પત્રનો શુ ઉપયોગ કર્યો છે, એ જાણવાની ઇચ્છા થવ થી હુ ત્યા ગઇ હતી તે પત્ર આપે જોયો છે હુ જ્યારે ઘરમા પેઠી તે વખતે રામપ્રસાદ મરી ગયેલા પડયા હતા તેમને જોતાજ મને ભય ઉત્પન્ન થયો આપજ વિચાર કરો કે મારા જેવી બાળકી એવા મોટા મકાનની અદર મધ્યરાત્રીના સમયે એકલી મુડદુ પડેલુ જોઇ ભય પામે કે નહિ ? તરતજ હુ એ ઓરડાની અદરથી બહાર નિકળી, પરતુ મને ચારે તરફ તપાસ કરવાનો વિચાર થયો મે ચારે તરફ તપાસ કરી, પણ આપની તપાસમા જે કાઈ જણાયુ છે તેથી વિશેષ કાઈ પણ મારા જોવામા આવ્યુ નહિ ફક્ત એકજ ચિજ મને મળી આવી છે, અને તે મે મારી પાસે રાખી છે, જે હુ તમને બતાવુ છુ "

એ પ્રમાણે કહી સુરેશકુમારીએ એક કાચની ગોળ શીશી બહાર કાઢીને રસિકલાલના હાથમા મૂકી રસિકલાલે તેને પોતાન હાથમા લઇ બારિકીથી તપાસી અને કહેવા લાગ્યો -" આ શુ છે, તે તમારા જાણવામા છે ? "

" હાજી ! એ શીશીની અદર જે કાઈ લાલ પાતળો પદાર્થ જોવામા આવે છે, તે એક પ્રકારનુ બહુજ કાતિલ ઝેર છે એ ઝેર જેના શરીરની અદર પ્રવેશ કરે છે તેનુ તત્કાળ મૃત્યુ થાય છે "

" એ સઘળી હકીકત તારા જાણવામા કેવી રીતે આવવા પામી ? "

“ એક દિવસ ડાક્તરને રામપ્રસાદ સઘળી હકીકત કહેતા હતા ત્યારે મે ગુપ્તપણે એ સઘળી વાત સાભળી લીધી હતી ”

“ તું પહેલા કોઇ પણ વખત રામપ્રસાદના રસાયણ-શાળાવાળા ઓરડામા ગઈ હતી ? ”

“ હા ! હુ બહુએ વાર ત્યા જતી હતી એ ઓરડાના દ્વાર કેવી રીતે ઉઘાડવામા આવે છે, તે પણ હુ જાણુ છુ. જેવી મને આ ઝેરવાળી શીશી મળી આવી, કે તરતજ હુ તે રસાયણશાળાના ઓરડામા ગઈ હતી મને એમ ખાત્રી હતી કે રામપ્રસાદે આ શીશીને કોઇ પણ આલમારીની અ દર પ્રથમ મૂકેલી હોવી જોઇએ જ્યારે જ્યારે કોઇ પણ શીશીને તેઓ આલમારી ઉપર મૂકતા ત્યારે ત્યારે તે શીશીમા જે પ્રકારનુ વિષ હોય તેનુ' નામ લખતા, તેમજ શીશીના નીચેના વિભાગમા પણ તેમા રહેલા પદાર્થનુ કાગળ પર નામ લખી તે ચીઠી ચોઢી દેતા મે આલમારી ઉપર જઇ જોયુ તો તેમા બે શીશીઓની જગ્યા ખાલી પડેલી મારા જોવામા આવી ”

“ તે શીશીઓ કોઇએ ઉઘાડેલી હતી ? ”

“ ના ! જેવી રીતે બૂચના આટા મારી બ ધ કરેલી હોય તેવીજ રીતે બ ધ કરેલી હતી ”

“ ત્યારે તમે કેવી રીને શીશીઓ ગણી ? ”

“ ઉપરની બાજુએથી ગણતા બે શીશીઓ ઓછી હોય એમ મારા મનમા સ દેહ ઉત્પન્ન થયો તે બે શીશીઓ-માની એક જે આ મારી પાસે હતી તે મે તમને આપી

છે અને બીજી રામપ્રસાદના સૂવાના ઓરડામા છુટી પડેલી છે ”

“ એ ઉપરથી તમારા ધારવામા શુ આવ્યુ ? ”

“ એ ઉપરથી મારૂ અનુમાન એવુ થયુ છે કે અન્ય કોઇ પણ એ રસાયણશાળાના ઓરડામા પેમવાની યુક્તિ જાણતુ હોવુ જોઇએ, તેમજ આ ઝેરની શીશીઓ પણ કયા આગળ રાખવામા આવે છે તે તેની જાણમા હોવુ જોઇએ તેમજ શીશીની નીચે કાગળ ચોટાડવામા આવેલો હશે, તે તેના જાણવામા આવેલુ નહિ હોય, એમ મારી માન્યતા છે આ વિષનો કેવી રીતે ઉપયોગ કરાય છે તે તે માણસની જાણમા હોવાથીજ તેણે આ વિષની સહાયતા લેઇ રામ-પ્રસાદનુ ખૂન કરેલુ હોય એમ જણાય છે ”

“ તમે રામપ્રસાદને સાવધાન કર્યા હતા તેનુ કારણુ શુ ? ”

“ તેમના શત્રુના ભયને લીધે મારે તેમ કરવાની જરૂર હતી ”

“ તેમના કયા શત્રુથી તેમને સચેત રહેવા સૂચવ્યુ હતુ ? ”

“ હાલમા તેમને માથે ઘણા શત્રુઓ છે તેઓ બધા ઉપરથી રામપ્રસાદની સાથે સારા ભાવથી વર્તન ચલાવતા હતા, પણ તેમના અતરમા તેમની પાસેથી પૈસા પડાવવાનો વિચાર હોવાથી તેઓ ગુપ્ત રીતે અનેક પ્રકારની રમતો રમતા હતા ”

“ તેમાના કોઇને પણ તમે ઓળખ્યા છે ? ”

" ના ! "

" ત્યારે તમને કેવી રીતે ખબર મળી ? જ્યારે તમે કહેવાજ માડ્યુ છે તો સઘળી હકીકત મને ખુલ્લે ખુલ્લી કહી બતાવો તમારે કોઈ પણ પ્રકારને ભય રાખવો નહિ વળી તમે એ પણ જાણ્યુ છે કે તમને તે લોઢાના બારણા-વાળા ઓરડામા જોવાથી છૂપી પોલિસના અમલદાર આણ દ રાવને વહેમ ઉત્પન્ન થયો છે, તેમજ તમે આ કાગળ વાચી સ જ્ઞાહીન બની ગયા ! તેથી તેમને તમેજ ખૂની આસામી છો, એમ માનવાને કારણ મળ્યુ છે અને તેથીજ તેઓ તમારા રૂબરૂમા બોલી ગયા છે કે આ કામમા બનીને પકડી પાડવો એ સહજ છે "

" એમા તેમનો કાઈ દોષ નથી તેઓએ બહારની બીના જોઈ તેવુ અનુમાન કરેલુ છે, પર તુ આપે તો મારી સઘળી હકીકત સાભળેલી છે કહો આપ શુ મને દોષિત માની શકો છો ? "

" તમારો સ દેહ કોના ઉપર છે ? "

" મારો સ દેહ એક માણસના ઉપ છે, પણ હુ તેનુ નામ ઠામ બરાબર જાણુતી નથી એક દિવસ બહુજ ગુપ્ત રીતે છુપ ઈને મે તેની અને રામપ્રસાદની વચ્ચે થતી સઘળી છાની વાતો સાભળી છે અને તેથી મને તેના ઉપર વહેમ લાવવાનુ કારણ છે હુ તેને બરાબર રીતે ઓળખતી નથી આ મારૂ ઘર આવ્યુ, આપ જરા ગાડીવાળાને ગાડી ઉભી રાખવાનુ કહેશો ? "

" તરતજ રસિકલાલે ગાડીવાળાને ગાડી ઉભી રાખવા હુકમ આપ્યો હુકમ પ્રમાણે ગાડી ઉભી રાખવામા આવી સુરેશકુમારી કાંઇપણ નહિ બોલતા ફક્ત રસિકલાલ તરફ દ્રષ્ટિપાત કરી ઘરની અ દર ચાલી ગઇ રસિકલાલ પોતાના મનમા સુરેશકુમારીની વાતનો, તેની હિલચાલનો અને તેના સૌદર્યનો વિચાર અને પ્રશ સા કરતો કરતો પોતાના ઘર તરફ ચાલ્યો ગયો

## પ્રકરણ ૫ મુ.

### વિચિત્ર બનાવ

આગલા દિવસે રાત્રે બનેલી ઘટનાનો વિચાર કરતો કરતો જયતિલાલ રાત્રે બે વાગ્યાને સુમારે ઘેર ગયેલો હતો ભય, શોક અને ચિન્તાને લીધે તેને જરાય ઉંઘ આવી નહિ જેથી તે સવારમા વહેલો ઉઠી ફરવાના ઇરાદાથી આશરે એકાદ કોસ દૂર નીકળી ગયો અને ત્યા આવેલી એક અતિશય સુ દર ત્રણ માળની હવેલીની અ દર પેઠો

હવેલીના બીજા માળ પર અનેક પ્રકારના સરજામ અને ફર્નીચરોથી સુશોભિત કરેલો એક ઓરડો હતો તેની અ દર જયતિલાલના મોટાભાઈ રામપ્રસાદના મિત્ર દાક્તર દિનાનાથ બેઠેલા હતા દિનાનાથે જયતિલાલને જોતાજ એક ખુરશી તેને બેસવા માટે આપી અને હસતા હસતા કહેવા

લાગ્યો.–"વાહ! આજે કાંઈ આટલા બધા વહેલા પગલા કર્યાને શુ? વારૂ કહો શહેરના શુ સમાચાર છે? હુ તો કાલનો શહેરમા ગયોજ નથી એટલે મને શહેરની બીલકુલ ખબર નથી સમાચારપત્રો આવેલા તે વાચવાનો સમય પણ મળ્યો નથી કે કાંઈ નવા જુની સમજવામા આવે સ્નેહલતા પાચ છ ચોપડી ભણેલી છે, પરતુ તે પણ કાલે તો મારી પાસે આવી નહોતી કે કાંઈ વાચી સભળાવે!"

"કાલ બરાબર ઉંઘ આવી નહોતી તેથીજ આજે આટલો બધો વહેલો આવ્યો છુ"

"કેમ કેમ? એવા શા વિચારમા પડ્યા હતા કે બીલકુલ ઉંઘજ આવી નહિ? શરીરની પ્રકૃતિમા કાંઇ વિકાર તો નથી થયોને?"

"મારી શારીરિક પ્રકૃતિમા તો કાંઇ ફેરફાર થયો નથી કિન્તુ–"

"ત્યારે શુ છે તે જલદીથી જણાવો મોટાભાઇની પ્રકૃતિ તો સારી છેને?'

"નાજી! બહુજ માઠા સમાચાર છે!"

"શુ છે? શુ થયુ છે? તે મને જણાવો."

"દાક્તર! બહુજ અઘટિત બનાવ બનવા પામ્યો છે ભાઇ આ અસાર સસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે કોઈ દુષ્ટે તેમનુ ખૂન કર્યુ છે, કાલ રાત્રે તેને લીધેજ મને ઉંઘ આવી નહોતી"

" આ શું કહો છો જયતિલાલ? પરમ દિવસે તો હું તેમને મળ્યો હતો!"

" આશ્ચર્ય પામવા જેવુંજ છે પરમ દિવસે તો તેમની તબીયત બહુજ સારી હતી"

" તો પછી આમ અચાનક શુ થઇ ગયુ ?"

" પોલિસને હુ ખબર આપુ તે પહેલાજ તેમને ભાઈના ખૂનના સમાચાર મળ્યા હતા પોલિસ ઈન્સપેકટર તેમજ છૂપી પોલિસના ઈન્સપેકટર બન્ને જણા ત્યા આવ્યા હતા તેઓએ ખૂનના સબધી સઘળી તપાસ કરવાનું કામ હાથમા લીધુ છે લાસ પણ તેમણે પોતાના સ્વાધીનમા રાખી છે'

" અરેરે! શુ ત્યારે મારા મિત્રના સબધમા એવુ માઠુ પરિણામ આવ્યુ? શુ હજી સુધી તેમના દેહને અગ્નિસસ્કાર પણ કરાયો નથી? શુ બન્યુ છે અને કેવી રીતે બન્યુ? તેની સઘળી હકીકત મને બરાબર રીતે સમજાય તેવી રીતે જણાવો મને તે સાભળવાને માટે બહુજ પ્રબળ ઈચ્છા થઈ છે

જયતિલાલે સઘળી હકીકત તેને આદિથી તે અત સુધી જણાવી શા માટે તે રાત્રિએ રાજીવલોચનને લઈ ગમપ્રસાદને ત્યા ગયો હતો, તે હકીકત પણ તેણે કહી બતાવી તેમજ ત્યા પોતે શુ જોયુ, પહેરાવાળાએ પોલિસને કેવી રીતે ખબર આપી અને શુ શુ કહ્યુ હતુ, તેમજ રસાયણશાળા વાળા ઓરડાની અદર સુરેશકુમારીને છુપાઈ રહેલી જોઇ તેણે શુ કહ્યુ તે પણ કહી બતાવ્યુ

જયતિલાલ દાક્તર દિનાનાથને સઘળી હકીકત કહી

બતાવતો હતો તે વખતે એક યુવતિ ધીમે ધીમે તે ઓરડાની અંદર આવી તેની ઉમ્મર આશરે સોળેક વર્ષની હતી તેનું મુખ સુંદર, દેહ સ્થુળ, ચક્ષુઓ કાચના ગોળાઓ સમાન સ્વચ્છ અને તેજસ્વી નાસિકા ઉન્નત, મુખ ગંભીર અને આકૃતિ ખર્વ હતી તે દાક્તર દિનાનાથની એકની એક પુત્રી હતી તેનું નામ સ્નેહલતા હતું

સ્નેહલતાએ ઓરડાની અંદર પ્રવેશ કર્યો તે જ વખતે તેના બાપે તેને કહ્યું.–" સ્નેહલતા ! જયતિલાલ આજે અત્યારના પહોરમાં એક ખેદકારક અને ભયાનક ખબર લઈને આવેલા છે તેમના મોટાભાઈ રામપ્રસાદનું કોઈએ ખૂન કરેલું છે ! "

" શું કહો છો ? રામપ્રસાદનું ખૂન ! ? શું ખરી વાત છે ! ? "

" હા ! મારા સર્વસ્વનો નાશ થયો છે મોટાભાઈનું કોઈ દુષ્ટ ખૂન કરેલું છે ! "

" સ્નેહલતા ! આ પણ એક જાણવા જેવું છે કે રામપ્રસાદના તે રસાયણશાળાવાળા ઓરડાની અંદરથી સુરેશકુમારી છુપાઈ બેઠેલી મળી આવી છે પોલિસના ઇન્સ્પેકટરે અને છુપી પોલિસના અમલદારે તેને તેમાંથી બહાર કાઢી છે "

" સુરેશકુમારી ! કે જેનું રામપ્રસાદ અત્યાર સુધી લાલનપાલન કરતા હતા તે ? "

" હા ! "

" ત્યારે તે તો બહુજ ભય પામેલી જણાતી હશે "

" હા ! તે વખતે તેનું મુખ ભયથી લેવાઈ ગયું હતુ, પરતુ તેણે સાહસ કરી જણાવ્યુ હતું કે, રામપ્રસાદના મરણથી તે પોતે તેમની સઘળી મિલકતની માલિક થઈ છે તેની અનુમતિ સિવાય કોઈ પણ આ ઘરના દ્વાર ભાગી શકે તેમ નથી તો તમે શા માટે ભાગ્યા છે ? અત્યારે તો એજ એ મકાનની માલિક બની છે "

" રામપ્રસાદે એ સંબંધમા કાઈ જણાવ્યુ છે ? "

" એ મારા જાણવામા નથી, તેમ તેમણે એવુ કર્યું હોય એ પણ મને વહેમ પડતુ છે "

" વારૂ સુરેશની એ વાત શુ સાચી સમજવા જેવી છે ? ત્યારે તો તે અત્યારે રામપ્રસાદની સઘળી મિલકતની માલિક બની છે ખરૂને ? "

" તે તો હુ બરાબર જાણતો નથી '

" રામપ્રસાદે કાઇ વીલ કરેલુ છે ? "

" હા ! મારા ધારવા પ્રમાણે તો વીલ થયેલુ છે, પરતુ તેમા શુ લખેલુ છે તે બાબત કાઈ પણ હુ જાણતો નથી "

અત્યાર સુધી દાક્તર દિનાનાથ જે મૌન રહી વિચાર કરતો હતો, તેણે ધીમેથી જવાબ આપ્યો –" મને તો એમ લાગે છે કે સુરેશકુમારી આ વીલ સબધીની સઘળી હકીકત જાણતી હોવી જોઇએ ! જો તેમ ના હોય તો તે આટલુ જોર કરી કેવી રીતે કહી શકે ? હુ રામપ્રસાદનો મિત્ર છુ ને વીલની અંદર મારી પણ સાક્ષી છે "

" પિતાજી ! શુ એ ખરી વાત છે કે તે વીલમા તમારી સાક્ષી થયેલી છે ? "

દાક્તરના કહેવાથી જયતિલાલને પ્રથમ તો આશ્ચર્ય ઉત્પન્ન થયુ તેના મનમા વિચાર આવ્યો કે દાક્તરની સાક્ષી તેમા કેવી રીતે થઇ હશે ? બીજીજ પળે તેના મનમા નિશ્ચય થયો કે ફક્ત દાક્તરજ પોતાના મોટાભાઇના મિત્ર હતા, એટલે વખતે તેમણે તેમની સાક્ષી કરાવી પણ હોય ! એમા આશ્ચર્ય પામવા જેવુ નથી તેણે એ પ્રમાણે વિચાર કરી વધારે જાણવાની આકાક્ષાથી દાક્તરને પૂછયુ –" મારા ધારવા પ્રમાણે ત્યારે તો તમે વીલમા લખેલી સઘળી હકીક્તથી વાકેફ હશો ? '

" ના જયતિ ! મારૂ મન તે વખતે બહુજ ચચળ હતુ, તેથી મે તે બરાબર રીતે જેયુ નહોતુ', પરતુ વગર જેયે સાક્ષી કરી આપી હતી તેમજ પોતાની મિલકત તેઓ ગમે તેને લખી આપે તે વિષે મારે તેમને પૂછવાની પણ જરૂર શી '

" મને એમ લાગે છે કે તેઓ સુરેશનેજ પોતાની સઘળી મિલકત સોપી ગયા હશે તેમણે નાનપણમાથીજ તેને ઉછેરીને મોટી કરી છે, તેમ તેના ઉપર તેઓનો બહુજ પ્રેમ હતો. "

" હશે ! તે તો ગમે તેમ હશે અને થવાનું હશે તેમ થશે, પરતુ જે વખતે તેને ઇન્સ્પેકટરે અદર જેઈ, ત્યારે તેને પૂછયુ હતુ કે તુ કેવી રીતે અદર પેઠી ? '

"હા ! પૂછ્યુ હતુ, પરતુ તેણે કાઇ પણ ઉત્તર આપ્યો નહોતો "

" ત્યારે તો તેઓએ તેને પોતાને કબજે લીધી હશે "

" એમ કરવાનુ કાઇ કારણ ? આપનુ એવુ બોલવુ શા ઉપરથી થાય છે ? એમા સુરેશકુમારીનો શુ દોષ છે કે તેને અટકાવમા રાખે ? જે ઘરમાથી તે મળી આવી હતી, તેમા કોઇએ તેને પુરી દીધી હોય તો કોણુ જાણે ! કેવી રીતે તે અદર પેઠી, તે સબધમા ઇન્સ્પેકટર મિ રસિક લાલે બહુજ બારીક તપાસ ચલાવવા માડી છે '

આ પ્રમાણે વાત કરતા કરતા જયતિલાલનો સ્વર ધીમે ધીમે કમી થવા લાગ્યો અત્યાર સુધી દાક્તર દિનાનાથ એકી નજરે જયતિલાલના સ્હામુ નિહાળી રહ્યો હતો ક્રમે ક્રમે તેનુ માથુ ભમવા લાગ્યુ ને ખુરસી ઉપર બેભાન બનીને નિદ્રિત બની ગયો પછી પિતા પુત્રીએ એકબીજાના સામુ જોયુ અને બન્નેના મુખ પર હાસ્ય પ્રગટ થયુ સ્નેહલતા બહુજ હળવે હળવે જયતિલાલની પાસે ગઈ અને તેના સામે ઉભી રહી જયતિને સ્પર્શ નહિ કરતા ફરીથી પોતાના હાથ હલાવવા લાગી આ પ્રમાણે હસ્તવડે પાચેક મિનિટ પર્યંત માર્જન કરી સ્નેહલતાએ જયતિલાલનો એક હાથ પકડી ઉચો કર્યો અને તરતજ મૂકી દીધો હાથ પકડાવા છતાં જયતિની નિદ્રાનો ભગ થયો નહિ ત્યારે સ્નેહલતાએ પોતાના પિતાના સ્હામે દ્રષ્ટિ કરતા જણાવ્યુ કે–" હવે કોઈ પણુ જાતની હરકત જેવુ નથી. " આ પ્રમાણે કોઇ પણુ વખતે

પહેલાં તે અજ્ઞાન અવસ્થામા આવ્યો નહોતો.

દાક્તર દિનાનાથ તરતજ પોતાની પુત્રીનુ કહેવુ સાભળી જયતિલાલ પાસે ગયો તેણે તેના સઘળા ખીસ્સા તપાસ્યા; પરંતુ તેમાથી કાંઈ પણ મળી આવ્યુ નહિ છેવટે સ્નેહલતાની સહાયતાથી તેણે જયતિલાલને એક ખુરસી ઉપર બરાબર રીતે બેસાડચો અને ખુરસીની સ્હામે મૂકવામા આવેલા ટેબલ પર એક કાગળ મૂકયો પછી તેના હાથમા એક કલમ પકડાવી તેનો કલમવાળો હાથ પોતાના હાથમા લીધો અને તેના સ્હામે એકી દૃષ્ટે જોતો ઉભો રહ્યો

કેટલાક સમય સુધી દાક્તરે એ પ્રમાણે જોયા કર્યું અને પછી તેને આજ્ઞા કરી-" આના ઉપર લખવુ પડશે "

બેભાન બનેલા જયતિલાલે તેને સમતિ સૂચક ઉત્તર આપ્યો ક્રમે ક્રમે તેનો હાથ હાલવા લાગ્યો અને કાગળ ઉપર પડચો લગભગ પાચેક મિનિટ થઈ નહિ એટલામા લખવાનુ પુરૂ થયુ' લખેલો કાગળ તપાસી તરતજ દાક્તરે સ્નેહલતાના હાથમા મૂકયો સ્નેહલતાને તે વાચતા હસવુ આવ્યુ તેણે પોતાના પિતાને કહ્યુ -" આ પણ ઠીકજ થયુ બરાબર નક્કી થયા સિવાય શિકાર હાથમાથી જવા દેવો જોઇતો નથી, હવે તે. પાકુ થયુ છે "

" જોજે ! હવે આ કાગળ ગુમાવતી નહિ, નહિ તો પછી તારા હાથમા કાઇજ રહેશે નહિ. "

" ના ના ! હુ તે ગુમાવીશ એ તો તમારે આશા

રાખવીજ નહિ આવો મહત્વનો કાગળ શુ હુ ગુમાવી દઉં એવુ આપ ધારો છો ? ”

આ પ્રમાણે કહી સ્નેહલતા ત્યાથી ચાલી ગઈ થોડી વાર પછી જયતિલાલની નિદ્રા ઉડી ગઇ, તે પોતાને સહસા નિદ્રિત થયેલો જાણી બહુ શરમિંદો બની ગયો અને તરતજ ત્યાથી રજા લઇ ઘર તરફ ચાલ્યો ગયો .

## પ્રકરણ ૬ ઠું.

### ભાઈ અને બ્હેન

રામપ્રસાદના મૃતદેહને તેના સૂવાના ઓરડાની અંદર જ પોલિસે પોતાની દેખરેખ નીચે રાખ્યો હતો. સરકારી દાક્તરે આવી મૃતદેહની પુરતી રીતે તપાસ કરી, પરંતુ કાંઇ પણ વિશેષ કારણ મળી આવ્યુ નહિ તેણે પોતાના રિપોર્ટની અંદર જાહેર કર્યુ કે–‘ કાચની શીશીની અંદર કોઇ પણ પ્રકારનું ઝેર ભરેલુ હોવુ જોઇએ અને તે ઝેર લોહીની સાથે મિશ્રિત થવાથીજ રામપ્રસાદનું મૃત્યુ થયુ છે

આગળ જણાવ્યા પ્રમાણે પોલિસ ઇન્સ્પેક્ટર રસિકલાલ સુરેશકુમારીને તેને ઘેર પહોચાડી બીજે દિવસે સવારે પોતાની એક ખાસ સંબંધવાળી વિધવા સ્ત્રીને ત્યા ગયો. તેને આવેલો જોઈ તે વૃદ્ધા તેના તરફ જોતી હાસ્યવદને કહેવા લાગી –“ કેમ રસિકલાલ ! અત્યારે ક્યાથી ? આજે બહુ દિવસે કાંઈ પગલા કર્યાને ? ”

" બ્હેન ! કાંઈ કામ સિવાય તમારી પાસે આવી શકાય છે ? તમારી તો અમને બહુજ સહાયતા છે અત્યાર સુધી જે કાંઈ નામના મેળવી છે તે સઘળી તમારી સહાયતાને લીધેજ મળી છે "

તે વિધવા બાઇ રસિકલાલની દૂરની બ્હેન થતી હતી તેનુ નામ શારદાદેવી હતું તે બાળપણામા વિધવા થયેલી હતી તેને કોઈ પણ અગતનુ સગુ સબધી નહોતું તે પોતાને ત્યા એક બાલિકાને પુત્રી સમાન માનીને ઉછેરતી હતી તે એક સારૂ શિક્ષણ પામેલી સ્ત્રી હતી પુરૂષો કરતા તેની બુદ્ધિ બહુજ તીક્ષ્ણ હતી, એથી રસિકલાલ ઘણી ખરી વખત કાર્યાનુસાર તેની સલાહ લેવા માટે તેને ત્યા આવતો હતો

રસિકલાલે તે વૃદ્ધાના આગળ આગલે દિવસે બનેલી રામપ્રસાદના ખૂનના સબધની સઘળી હકીકત કહી સભળાવી, પણ વિધવા શારદાદેવીના મુખ પર કઇજ આશ્ચર્યભાવ દેખાયો નહિ પૂર્વ પ્રમાણેજ ગભીર જણાતી હતી તેણે રસિકલાલને કહ્યુ –" રસિક ! હુ સ્ત્રી માણુસ છુ, મારા તરફથી આ કાર્યમા તમને કાઇ પણ મદદ આપી શકાય તેમ નથી અને તમારે તેવી આશા રાખવી, એ પણ નિરર્થક છે "

" બ્હેન ! આજે તમારા મુખમાથી આવા નિરાશાના શબ્દો કેમ સભળાય છે ? તમારે તો હમેશા મને મદદ કરવી જોઇએ "

" ભાઈ ! હવે દિવસે દિવસે મારી ઉમ્મર વધતી જાય છે, તેમજ આટલી વયે એવા કામમા જોડાવુ એ કાંઈ

ઠીક જણાય ખરૂ કે? આ વાત કોઇના પણ જાણવામા આવે તો મારી કેટલી બધી ફજેતી થાય તેનો કાંઇ વિચાર છે? ”

“ નહિ બ્હેન ! આટલુ કામ તો તમારે કરવુ જ પડશે કર્યા સિવાય આ વખતે તો ચાલવાનુ નથી ’

“ ઠીક ભાઇ ઠીક ! જા તારો આગ્રહ છે તો કરીશ, પરતુ હવે પછી એવા કોઈપણ કામમા મને નાખીશ નહિ શુ કરવાનુ છે તે હવે જણાવ? ”

રસિકલાલ જે કાંઈ હકીકત જાણતો હતો તે સઘળી શારદાદેવીને તેણે સમજાવી તે સાભળતા શારદાના મનમા સહજ વિસ્મયતા ઉત્પન્ન થઇ “ત્યારે તો એ છોકરીના ભોગ મળવાના ! ? ”

“ કોના સુરેશકુમારીના ? ’

“ હા ! જેને તમે તે ઘરમા એકલી છુપાયેલી જોઇ હતી તેના ”

“ ખરૂ છે, પરતુ આ કામમા તમે જે પ્રમાણેનુ સહજ અનુમાન બાધો છો, તેવુ બાધવા જેવુ નથી ઞાણુ દ-રાવ પણ આમા શુ છે, એમ કહેતા હતા ”

“ સુરેશકુમારી એજ ઘરમા રહે છે ? ”

“ ના ! સાભળ્યુ છે કે એક દાસીની સાથે તે જુદે ઠેકાણે રહે છે તેની દાસીનુ નામ મારા જાણવા પ્રમાણે ગુલાબ છે ”

“ ત્યારે જયતિલાલ એટલી મોડી રાત્રે ત્યા શા માટે ગયો હશે ? ”

"તે તો એમ જણાવતો હતો કે પોતાના ભાઈના સબધમા પોતાના મનની અદર ચિન્તા થતી હોવાથી ત્યા ગયો હતો "

"એ પ્રમાણે પહેલા કોઈ વખત ગયેલો હતો, એમ કાઈ જણાવ્યુ છે?"

"ના ! તેવુ કાઈ જણાવ્યુ નથી

"સુરેશકુમારીએ બીજુ કાઈ તમને જણાવ્યુ છે?"

"ના ! તેની વાત પુરી થઇ નહિ એટલામા તો તેનુ મકાન અવ્યુ ને તે ગાડીમા ઉતરીને તરતજ તેના ઘરની અદર ચાલી ગઈ, એટલે વધારે કાઈ જણાયુ નથી "

શારદાદેવી બહુ વખત સુધી વિચાર કરતી બેસી રહી રાજીવલોચનના સબધમા કેટલીક હકીકત પૂછવાનુ તેના મનમા આવ્યુ, તેથી તે સબધમા પણ રસિકલાલને કેટલીક હકીકત પૂછી ખુલાસો મેળવ્યો પછી તેણે રસિકલાલને કહ્યુ –
"વારૂ, ભાઈ ! આ વખત તો હુ તમને મારાથી બનતી મદદ કરીશ, કિન્તુ હવે પછી તમે કોઇ પણ સમયે આવી બાબતમા પડવા માટે મને આગ્રહ કરશો નહિ !'

"તમારા કહેવાને હુ માન્ય કરૂ છુ, ફરીથી તમને આવા મામલામા ઉતરવા સબધી કદી કહીશ નહિ વારૂ ! પણ મને જણાવો તો ખરા કે તમે આ સબધમા કેવી રીતે કામ કરવા ધાર્યુ છે?'

"હાલ તો હુ તમને કાઈ પણ જણાવીશ નહિ, પરતુ થોડાજ સમયમા તે આકુરૂ તમારા જાણવામા આવશે "

## પ્રકરણ ૭ મુ.

### વિચાર

શારદાદેવીને કામની સમજુત આપી રસિકલાલ પોતાના ઘર તરફ આવ્યો તે દિવસે તેણે બીજુ કાંઇ પણ કાર્ય કર્યું નહિ, ફક્ત રાત્રે ખાઇ પી વિશ્રામ લેવા સૂઈ ગયો

રાત્રીનો એક પ્રહર વ્યતીત થયો નહિ હોય એટલામા તો તે જાગૃત થયો, અને કપડા પહેરી ધીમે ધીમે રામપ્રસાદના મકાન તરફ જવાને માટે નિકળ્યો અર્ધા કલાકમા તો તે રામપ્રસાદના બગલા આગળ આવી પહોચ્યો દરવાજા ઉપરનો પહેરાવાળો તેને જોઈ શકયો નહિ

સુરેશકુમારીએ જે વિષથી ભરેલી શીશીને માટે જણાવ્યુ હતુ, તે વિષથી ભરેલી શીશીની પરીક્ષા કરવાના ઉદ્દેશથીજ તે ત્યા આવેલો હતો તે બીજે કોઇ પણ સ્થળે નહિ જતા પ્રથમ રસાયણશાળાની અદર પેઠો ઓરડાના દ્વારમા પેસતાજ તેણે જોયુ તો પોતે ભાગી નખાવેલા લોઢાના બારણા કોઇએ તેની જગોપરથી ખસેડી નાખ્યા હોય તેવુ તેને સમજાયુ. આગલી રાત્રે આણદરાવે સુરેશકુમારીને રસાયણશાળાના ઓરડામાથી બહાર આણી તે વખતે જેવી રીતે તે દ્વારને રાખવામા આવેલા હતા તે પ્રમાણે જોવામા આવ્યા નહિ તેથી તેના મનમા અતિશય સદેહ ઉત્પન્ન થયો

આ વખતે એ મકાનની અદર કોઈ પણ માણુસ હતુ

નહિ બત્તી પણ બીલકુલ કરવામા આવેલી જણાતી નહોતી, માત્ર ચ દ્રનો મદમદ પ્રકાશ સહજસાજ અજવાળુ પાડતો જણાતો હતો તે સિવાય ચારે તરફ અ ધકાર હતો. રસિકલાલ બ્હીએ તેવો માણુસ નહોતો, ભય શુ છે, તે કયારેય પણ સમજતો નહોતો તરતજ તેણે પોતાના ખીસ્સામાથી ગુપ્ત રાખેલુ ચોર ફાનસ બહાર કાઢી સળગાવ્યુ અને તેના અજવાળાથી અ દર જઇ શીશી શોધવા લાગ્યો.

અર્ધા કલાક સુધી એક પછી એક એમ અનેક શીશીઓની પરીક્ષા કરી જોતા આખરે સુરેશકુમારીએ જણાવી હતી તે ઝેરથી ભરેલી શીશી મળી આવી તરતજ તેણે તે શીશીને ઓરડાના મધ્યભાગમા રાખવામા આવેલા ટેબલ પર મૂકી, અને ઉપરની શીશીઓની ગણત્રી કરી જોઇ, તો સુરેશકુમારીએ જણાવેલી હકીકત સત્ય હોય તેમ જણાયુ રામપ્રસાદે લખેલી આલમારી ઉપરની ચીઠીઓની સાથે મેળવતા બે શીશીઓ ઓછી હોય તેમ તેને સમજાયુ તેમાની એક શીશી પોતાની પાસે હતી, જે તેણે સુરેશકુમારીની પાસેથી મેળવી હતી અને બીજી શીશી રામપ્રસાદના શયનગૃહમા પડેલી જોવામા આવેલી હતી તાત્કાલિક તેના મનમા વિચાર ઉપસ્થિત થયો કે જે માણુસે આ બન્ને શીશીના ગોળાઓ ઉઠાવેલા હશે તેણેજ રામપ્રસાદનુ ખૂન કરેલુ હોવુ જોઇએ

આ પ્રમાણે રસિકલાલ વિચાર કરતો હતો તે વખતે સહસા એ ઘોર રાત્રીની અ દર શાન્તિનો ભ ગ કરતો એક શબ્દ રસિકલાલના કાન પર આવ્યો તરતજ તેણે પોતાની

પાસેનો ગુપ્ત દીવો બુઝાવી નાખ્યો, અને તે ઓરડાની અંદર કોઇપણ જોઈ ના શકે તેવી રીતે એક ખુણામાં સંતાઈ ગયો કેટલાક વખત સુધી કાંઇ પણ શબ્દ સંભળાયો નહિ. પહેલાં સંભળાયલા શબ્દને ભ્રમ રૂપ સમજી રસિકલાલ તે ખુણાની અંદરથી નિકળી બહાર આવ્યો આ વખતે બીજા માળની અંદર કોઈ પણ વ્યક્તિ બારણાં ઉઘાડવાનો પ્રયત્ન કરતી હોય, તેવું તેને પુન સંભળાયું તે શાન્ત રહી શકયો નહિ તત્કાળ તે ધીમે ધીમે નીચેના માળ ઉપર ઉતર્યો અને દ્વાર સમીપ આવી જોતાંજ તે અતિશય વિસ્મિત થયો

આખા શરીરે કાળા રંગના કપડા ધારણ કરેલી એક સ્ત્રીને રામપ્રસાદના શબ આગળ એકી દ્રષ્ટે તેના મુખ સ્હામું જોઈ ઉભી રહેલી તેણે જોઇ પ્રથમ તો રસિકલાલના મનમાં સુરેશકુમારી આવી હોવી જોઇએ, એવો વહેમ આવ્યો તેની સાથેની વાતચીત ઉપરથી તેની સાહસિકતાના સંબંધમાં તેનો તેને દ્રઢ વિશ્વાસ હતો અને તે વખતે પુન પોતાના પિતા સમાન રામપ્રસાદના દેહનું નિરીક્ષણ કરવા ફરીથી આવી હોય એમ જણાયું, પરંતુ બીજેજ પળે તેનો તે સંદેહ દૂર થઇ ગયો તેનો એ વિચાર તેને પ્રમાણભૂત લાગ્યો નહિ વળી શારદાદેવી હોય તો તે પણ આવી ઉંચી નથી એમ અનુમાન થયું

આ રીતે વિચારમાં ને વિચારમાં તે કેટલીક ક્ષણ પર્યંત એકી નજરે તે સ્ત્રીના સ્હામું જ જોઈ રહ્યો થોડીવાર થઇ નહિ એટલામાં તો તે રમણીએ બહાર નીકળવાની શરૂઆત કરી

રસિકલાલ પણ વાર નહિ લગાડતા બીજે સ્થળે છુપાઈ ગયો.

પંદરેક મિનીટ વ્યતીત થઇ છતા ફરીથી કાંઇ પણ શબ્દ સંભળાયો નહિ રસિકલાલના મનમાં સંદેહ ઉત્પન્ન થયો, જેથી તરતજ તે રામપ્રસાદના શયનગૃહની અંદર પેઠો પણ ત્યાં આગળ કોઇ જોવામાં આવ્યું નહિ હાથમાં આવેલો શિકાર અદૃશ્ય થઇ ગયેલો જોવ થી તે વધુ સમય ત્યાં ઉભો રહ્યો નહિ તે તરતજ બંગલાની બહાર આવ્યો, અને વાડી આગળના પહેરાવાળાને બોલાવી સઘળી હકીક્ત સમજાવી

રામપ્રસાદના શબને પ્રથમ જોતાની સાથેજ પોલિસને ખબર આપનાર આજ પહેરાવળો હતો એના કહેવાથીજ રસિકલાલ આણંદરાવને સાથે લેઇ રામપ્રસાદના બંગલા ઉપર આવ્યો હતો

રસિકલાલના મ્હોડે સઘળી હકીકત સાભળી પહેરાવાળો બોલ્યો –" સાહેબ ! મને આશ્ચર્ય લાગે છે કે મારા જોવામાં કાંઈ પણ કેમ આવ્યું નહિ ? ત્યારે શું આ વાડીમાં આવવાનો બીજો કોઇ રસ્તો હશે ? "

" તે હું કેવી રીતે જાણું એ તો તમારે જાણવું જોઇએ, કેમકે તમે આ વાડીના પહેરાવાળા છો

" હા ! આપનું કહેવું ખરૂં છે પરંતુ એ પ્રમાણે સંદેહ કરવાનું કાંઈ પણ કારણ અદ્યાપિ પર્યંત ઉપસ્થિત થયેલું નહોતું રામપ્રસાદ અતિશય શાન્ત પ્રકૃતિના માણસ હોવાથી તેઓ કોઇની પણ સાથે ગુપ્ત સંબંધ રાખતા નહોતા "

" ત્યારે હવે તે જાણવાનો શું ઉપાય કરવો ? "

"એક વખત આપણે બન્ને જણ ફરીથી બગલાની અદર જઇ બારિકાઇથી તપાસ કરીશુ તો મને આશા છે કે આપણને ઘણુ જાણવાનુ મળશે મારા ધારવા પ્રમાણે હજી એ સ્ત્રી બગલાની અદરજ હોવી જોઇએ "

"એમજ હોય તો ચાલો ત્યારે આપણે ફરીથી અદર જઇએ "

"જે દિવસે રામપ્રસાદનુ મૃત્યુ થયુ, તે દિવસે પણ મે એક સ્ત્રીને આ બગીચાની અદર જોયેલી હતી, પરતુ કયા આગળ થઇને તે નાસી ગઇ, તે કાઇ મારા સમજવામા આવેલુ નહોતુ '

તરતજ પહેરાવાળો અને રસિકલાલ બન્ને જણા બગલાની અદર ગયા રામપ્રસાદના શયનગૃહ આગળ જઇ રસિકલાલે પોતાનુ ચોર ફાનસ સળગાવ્યુ અને પહેરાવાળાને પૂછ્યુ—"વારૂ ! તે સુરેશકુમારીને આજે અહિયા આવતી જોઇ હતી ?"

"ના ! તે સધ્યાકાળ પહેલા આવતી હતી અને થોડો વખત રહી ચાલી ગઈ હતી રાત્રે તે આવી નથી, પરતુ તેની દાસીને મે સધ્યાકાળ પછી વાડીના દરવાજા આગળ જોઇ હતી '

"તે પહેલે દિવસે જે યુવતિને આ વાડીની પગથી આગળ જતા જોઇ હતી, તેની આકૃતિ શુ સુરેશકુમારીની દાસીના જેવીજ જણાતી હતી ?"

"ના ! સાહેબ ! ગુલાબના જેવી નહોતી "

" તે ગુલાબનુ નામ તે કેવી રીતે જાણ્યુ ? તેની સાથે કોઈ દિવસ ત્હારે વાતચીત થઈ હતી ? "

પહેરાવાળાએ મૃદુ હાસ્ય કરતા કરતા જણાવ્યુ –" કેમ સાહેબ ! એની સાથે વાત કરવામા કાઇ દોષ છે ? "

" ના ! કિન્તુ તુ એક યુવાન પુરૂષ છે અને તે સ્ત્રી-જાતિ છે. તુ એક પોલિસનો માણુસ છે તારે એ પ્રમાણે પરસ્ત્રીઓની સાથે વાતચીત કરવી એ ઠીક નથી '

" નહિ મહાશય ! આપ જે વિચારથી બોલો છો તેવો હુ નથી અને દિવસ તે સુરેશકુમારીની સાથે દિવસના સમયે અહિ આવી હતી, તે વખતે હુ પહેરા ઉપર હતો કઇક કારણને લીધે સુરેશ અને તેની વચ્ચેરકઝક ચાલતી હતી સુરેશ તેના ઉપર ગુસ્સે થઇ કહેતી હતી કે –" જો ગુલાબ ! ત્ આવી રીતે ચાલશે તો મારે તારે કદાપિ પણુ બનશે નહિ ! આ પ્રમાણેની વાત સાભળી ત્યારથીજ સુરેશની દાસીનુ નામ મારા જાણુવામા આવ્યુ હતુ પરતુ સાહેબ એ વાત જવા દો આપ તે દિવસે આણુદરાવની સાથે આવ્યા હતા ત્યારે આપે શુ તપાસ કરી હતી ? '

" કેટલીક અદરની બાજુએ તાત્કાલિક તપાસ કરવા યોગ્ય હતી તે કરી હતી "

" ઠીક ! ત્યારે તો બગલાની અદરજ આપે તપાસ કરી છે ? "

" હા ! અદરની બાજુએજ તપાસ્યુ છે બહારની બાજુએ કાઇ પણુ તપાસ કરેલી નથી "

" તે સબંધમા તમે કાંઈ તપાસ કરી છે ? "

" જો કે મે જોઇએ તેટલી પુરતી તપાસ કરેલી નથી તોપણ ખૂન થયેલું જાણુ છુ, એટલે કાંઇ મારાથી નિશ્ચિ તપણે બેસી તો રહેવાયજ કેમ ? જેમ બને તેમ તપાસ કરી પોલિસને ખબર આપવી એ તો મ્હારૂ કર્તવ્યજ છે, જેથી કરી ખૂની જલદીથી પકડાઇ શકે "

" ઠીક ! રામપ્રસાદના ખીસ્સામાથી મારા ધારવા પ્રમાણે પેલી ચીઠ્ઠી તમેજ બહાર કાઢી હતી ખરૂ ને ? "

" હા ! "

" રામપ્રસાદના હાથમા એક સામાન્ય લાલ ડાઘ હતો તે તમે જોયો હતો ? "

' હા ! જોયો હતો "

" અને ટેબલ ઉપર કાચની ગોળ શીશી હતી તે ? "

" ના ! તે મારા જોવામા આવેલી નહોતી "

" અને દિવાલ ઉપર પડેલો એક લોહીનો ડાઘ હતો તે ? "

એ પ્રમાણે કહી રસિકલાલે સહસાજ દિવાલ તરફ નજર કરી, પરતુ ખૂનને દિવસે જોવામા આવેલો લોહીનો લાલ ડાઘ પહેલાની માફક અત્યારે જોવામા આવ્યો નહિ પણ તેને બદલે સામાન્ય એક કાળો ડાઘ પડેલો નજરે પડયો તરતજ તે જોઈ રસિકલાલ દિવાલની નજીક ગયો અને તે ડાઘ તરફ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો પહેરાવાળો તેનુ આવુ વર્તન જોઈ તેના તરફજ જોઇ રહ્યો અને પૂછવા લાગ્યો.– " સાહેબ ! આપ શું જુઓ છો ? "

" પેલો લોહીનો લાલ ડાઘ આ સ્થળે હતો તે અત્યારે બિલકુલ જણાતો નથી "

પહેરાવાળો પણ દિવાલની પાસે જ્યા રસિકલાલ ઉભો હતો ત્યા ગયો અને બારિકાઈથી ચારે તરફ નિરીક્ષણ કરવા લાગ્યો. ડાઘ નહિ જોતા તે રસિકલાલને પૂછવા લાગ્યો – " શુ આપે આજ સ્થળે તે ડાઘ પડેલો જોયો હતો ? "

" હા ! ગઇ કાલે આવ્યો તે વખતે તે ડાઘ મે જોયો હતો એટલુજ નહિ પરતુ આજે થોડીવાર પહેલા હુ અહિયા એકલો આવ્યો તે વખતે પણ તે ડાઘ મારા જોવામા આવેલો હતો અત્યારે એજ ડાઘ લાલના બદલે કાળા રગમા ફેરવાઇ ગયેલો જોઇ મને બહુજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે "

" ત્યારે તો બહુજ નવાઈની વાત કહેવાય ! મને લાગે છે કે જે યુવતિને આપે આજે થોડીવાર પહેલા અહિયા જોયાનુ જણાવ્યુ હતુ તેણેજ આ ડાઘ ફેરવી નાખ્યો એમ જણાય છે "

" તમારૂ એ ધારવુ બરાબર છે ! એટલા માટેજ તે અહિ રાત્રીના સમયે આવેલી હોય એમ માનવાનુ કારણ મળે છે "

" પણ એ ડાઘ સાફ કર્યાનુ કોઈ પણ ચિહ્ન અગર નિશાન મને તો જણાતુ નથી ! "

એ પ્રમાણે વાત કરતા કરતા પહેરાવાળાએ દિવાલ પર પોતાના હાથનો સ્પર્શ કરતા ભાર મૂકીને જણાવ્યુ –" આ શુ ! આશ્ચર્ય ! ! "

તરતજ રસિકલાલે તે સ્થળ બહુજ બારીક નજરે તપાસ્યુ પણ કાંઈ પણ જણાયુ નહિ, તેણે પોતાના ખીસ્સામાથી એક સૂક્ષ્મદર્શકયત્ર બહાર કાઢયુ અને તેની મદદ વડે તપાસવા લાગ્યો તે જોતાજ તેના મુખ પર આનદના ચિહ્નો દેખાવા લાગ્યા અને તે બોલી ઉઠયો –" તમારૂ અનુમાન સત્ય છે પડેલો લોહીનો ડાઘ કાઢવા જતા આ ડાઘ દિવાલ પર પડેલો છે સહજ રીતે જોતા આ ડાઘ જણાય તેવો નથી તથાપિ આ યત્રની સહાયતાથી હુ તેને બહુજ સ્પષ્ટ રીતે જોઇ શકુ છુ "

" આપની વાત ખરી છે! આ લોહીનો ડાઘ કાઢવાને માટેજ એ યુવતિ આજે આ બગલાની અદર આવેલી હોવી જોઈએ, એમા કોઈ પણ પ્રકારનો સદેહ નથી "

" તમે તે દિવસે રામપ્રસાદનુ રસાયણશાળાવાળુ મકાન જોયુ નથી માટે આજ તમે મારી સાથે ચાલો આજે તેને આપણે પુન જોઈ આવીએ થોડા વખત પહેલા હું એ મકાનની અદર ગયો હતો અને ટેબલ ઉપર એક અગત્યની વસ્તુ મૂકી આવ્યો છુ "

" તે ચીજ તમે જે ઠેકાણે મૂકી હશે તે જ ઠેકાણા પર પડેલી હશે છતા આપને અત્યારેજ જરૂર હોય તો આપણે ફરીથી ત્યા જઇએ મે પણ એ મકાન જોયેલું નહિ હોવાથી આપની સાથે સાથે આવુ છુ "

રસિકલાલ અને પહેરાવાળો સિપાઇ બને જણા તરતજ રસાયણશાળાવાળા ઓરડા તરફ ગયા બન્ને જણે તે

ઓરડાની અંદર પ્રવેશ કર્યો અને પોતાની પાસેના ગુપ્ત ફાનસને સળગાવી તેની સહાયતાથી રસિકલાલ ટેબલની પાસે જઇ જોવા લાગ્યો, જોતાની સાથેજ ચમકયો અને તેનું મુખ રક્તશૂન્ય બની ગયુ, તેમજ તેનામા બોલવાની શક્તિ પણ રહી નહિ ”

પહેરાવાળા સિપાઇએ રસિકલાલની આવી વિચિત્ર સ્થિતિ જોઇ કારણ પૂછયુ પૂછતાની સાથે રસિકલાલે બૂમ મારી જણાવ્યુ –“ આ ટેબલ ઉપર હુ એક શીશી મૂકી ગયેલો હતો, તે અત્યારે જોવામા આવતી નથી ”

“ શુ આ ટેબલ ઉપર ? આ ટેબલ ઉપર તો કાઇ પણ જણાતુ નથી, આપે બીજે ઠેકાણે તો મૂકી નથીને ? ”

“ નહિ નહિ ! આ ટેબલ ઉપરજ હુ મૂકીને ગયો હતો હુ નિશ્ચયપૂર્વક કહુ છુ કે આ મકાનની અંદર કોઇ પણ સ્થળે કોઇ માણુસ છુપાયલુ છે અને તે માણુસેજ આ શીશી લીધી હોવી જોઇએ હજી સુધી તે બહાર નિકળ્યુ નથી ”

“ કેમ, જે વખતે આપ બહાર આવ્યા હતા, તે વખતેજ તે લઇને ચાલ્યુ ગયુ હશે તો ? ”

રસિકલાલે પહેરાવાળાના કહેવા પર કાંઇ પણ લક્ષ્ય આપ્યુ નહિ, ને કેટલોક સમય એક તરફ દૃષ્ટિ રાખી સ્થીરપણે જોઇ રહ્યો. તરતજ તેને કોઈ બહારની બાજુએ દૂર ઉભુ હોય તેવો ભાસ થયો પોતાની સાથે ઉભેલા પહેરાવાળાને તે સબધમા સહજ પણ નહિ જણાવતા, તરતજ

તે ઉભેલો હતો તે સ્થળેથી બહાર નિકળ્યો અને પશ્ચિમ તરફની એક બાજુના કઠેરા ઉપર થઇને કાંઈ પણ વિચાર નહિ કરતા બીજા માળ ઉપર ઉતર્યો એ રસ્તે થઈ ઉતરવા માટે તેની સાથેના પહેરાવાળાએ વારવાર ના કહેલા છતા તે તે જ રસ્તે ઉતરી પડ્યો

જયા આગળ રસિકલાલ ઉતરી ઉભેલો હતો, તે સ્થળ જમીનથી લગભગ સોળ હાથ જેટલુ ઉંચુ હતુ તેમજ એટલુ બધુ જીર્ણ થયેલુ હતુ કે તેના ઉપર વધુ વખત ઉભા રહેવુ, એ જોખમ ભરેલુ હતુ રસિકલાલે એવુ જાણેલું હોવા છતા ભયને દૂર કરી ત્યા આગળજ ઉભો રહ્યો અને સ્હામેની બાજુએ એક નજરે જોવા લાગ્યો

સહસા એક બંદૂક ફુટવાનો અવાજ તેને કાને પડ્યો રસિકલાલ તે અવાજ કાને આવતાની સાથેજ જમીન ઉપર કૂદી પડ્યો છોડવામા આવેલી બદૂક તેનેજ તાકીને ફોડવામા આવેલી હતી

## પ્રકરણ ૮ મુ.

### નવીન નોકર

ડાક્તર દિનાનાથ તથા તેની પુત્રી સ્નેહલતા આજે પોતાના દિવાનખાનાની અંદર નિશ્ચિતપણે બેઠેલા હતા બન્નની વચ્ચે “ મેસ્મેરિઝમ ” નો પ્રયોગ અજમાવી જય-તિલાલ પાસેથી લખાવી લેવામા આવેલા પત્ર સબંધી વાત

ચાલતી હતી તે વખતે ડાક્તરે પોતાની પુત્રી સ્નેહલતાને ઉદ્દેશી કહ્યુ–" લતા ! મારા ધારવા પ્રમાણે તો જયતિલાલ હવે આપણા હાથમા રમકડા રૂપે બ ધાયલો છે "

ધારવા પ્રમાણે શા માટે ? નિશ્ચયજ પરતુ બાપુ ! તમારી દ્રઢતા તો અવર્ણનીય છે તમે લોકોને વશ કરવાની જેવી એ વિદ્યા જાણો છો, તેવી અન્ય કોઈ માણસ જાણતુ નથી હવે પછી શુ થાય છે તે જોવાનુ છે હુ તો તમારી ઇચ્છા પ્રમાણે વર્તવા તૈયારજ છુ

" બ્હેન ! સ્વાર્થ સાધવાને માટે સહુ કાઈ કરવુ પડે છે. જો રામપ્રસાદે તારી સાથે વિવાહ કર્યો હોત, તો સઘળી સ પત્તિ તનેજ મળત અને ભાઇ તો ભાઇને ઠેકાણેજ રહેત એને કાઈ પણ મળત નહિ "

આ પ્રમાણે પિતા અને પુત્રી વાત કરતા હતા, એવામા એક દાસી આવી ત્યા આગળ ઉભી રહી, અને કહેવા લાગી - " આપે તે દિવસે એક સારી દાસી લાવી આપવા મને જણાવેલુ હતુ, તે પ્રમાણે હુ તેને લઈ આવેલી છુ આપ કહેતા હો તો તેને અહિયા આપની પાસે બોલાવી લાવુ કેમ, આપનો શુ હુકમ છે ? "

" શુ તે તારી ઓળખીતી છે ? "

દાસીએ જરા અચકાઇને જવાબ આપ્યો–" ના ! તે પોતાની મેળેજ આવી છે તે કહે છે કે, મે મોટા મોટા માણસોને ત્યા નોકરી કરી છે. હાલમા જે માણસને ત્યા પોતે રહેતી હતી તે માણસની અવસ્થા જરા ગરીબ જેવી થઈ

ગયેલી હોવાથી તે આપની પાસે નોકરીને માટે પૂછવા સારૂ આવી છે ”

દાક્તરે તેને પોતાની પાસે લાવવા દાસીને જણાવ્યુ દાસી તરતજ બહાર ગઇ અને એક સ્ત્રીને પોતાની સાથે લઇ પાછી આવી આવેલી સ્ત્રી કોઈ સારા કુળની વૃદ્ધા હોય એવુ તેના મુખનું અવલોકન કરતા સહજમા સમજાઇ આવતુ હતુ આટલી વૃદ્ધ વયમા પણ તેનુ પૂર્વનુ સૌદર્ય તેના દેહને શોભાવતુ હતુ

આવેલી વૃદ્ધા સ્ત્રી દાક્તર અને તેની પુત્રીને નમસ્કાર કરીને તેમની સ્હામે ઉભી રહી પિતા અને પુત્રી એક વખત તો તેના મુખનુ નિરીક્ષણ કરતાજ સહુજ ચમકયા, પરતુ કાંઈપણ વાત તેમણે પોતાના મુખ બહાર કાઢી નહિ

દાક્તરે આખરે તેણીએ પોતે કયા કયા કામ કરેલુ છે તે સબધી જણાવવા કહ્યુ

વૃદ્ધાએ તરતજ પોતાની હકીકત જણાવતા કહ્યુ કે –
“ હુ પહેલા જે ગૃહસ્થને ત્યા કામ કરતી હતી, તેમની અવસ્થા શોચનીય થઇ પડવાથી મારે બીજે સ્થળે નોકરીની તપાસ માટે આવવુ પડયુ છે ”

“ ત્યારે તો અત્યાર સુધીમા તમે એકજ સ્થળે નોકરી કરી છે ? કેટલો વખત થયા તે સ્થળે હતા ? ”

“ લગભગ દશ વર્ષ થયા હુ તે ઠેકાણે નોકરી કરૂ છુ. મારી અત્યાર સુધી તેમની બજાવેલી સેવાના સબધમા તેમણે આ પ્રમાણપત્ર આપેલુ છે, તેથી હુ કયા નોકરીમા

હતી અને મે કેવી નોકરી બજાવી છે, તે આપને સહજ સમજાશે ” એ પ્રમાણે કહી આવેલી વૃદ્ધ સ્ત્રીએ એક કાગળ દાક્તરના હાથમા મૂકયો

દાક્તરે કાગળ હાથમા લઈ વાચ્યો કાગળની અદર પરિચીત વ્યક્તિના અક્ષરો હોવા છતા તે પારખી શકયો નહી પરતુ દાક્તરના જાણવામા હતુ કે તે લખી આપનાર માણસની અવસ્થા દિન પ્રતિદીન ગરીબ થતી જાય છે

દાક્તરના ઘરમા બે દાસીઓ કામ કરતી હતી, તેમાની એક દાસી લગભગ એક માસ થયા પોતાના સ્વદેશમા રજા ઉપર ગયેલી હતી ઘરની અદર કામ કરનાર માણસની જરૂર ઘણી હોવાથી દાક્તરે આવેલી દાસીને ના કહેવાનુ યોગ્ય ધાર્યું નહિ જો કે પ્રથમ તેને જોતાજ પોતે ચમકયો હતો અને તેથી તેને પોતે કોઈ પણ સ્થળે જોઇ છે, એમ અનુમાન થયુ હતુ, તથા તે પોતાની પ્રતિસ્પર્ધી છે, એવો મનની અદર વહેમ પણ ઉત્પન્ન થયો હતો, છતા વધુ વખત તેને જોવાથી તેનો તે સદેહ દૂર થઈ ગયો તેણે આવેલી નવીન દાસીને કહ્યુ–“ જુઓ, અમે બ્રાહ્મણ છીએ, એટલે તમને અહિયા ખાવા પીવાની હરકત પડશે નહિ હાલમા તમને ચાર રૂપીયા ચોખ્ખો પગાર ખવા પીવાના ખર્ચ સિવાયનો મળશે, આગળ ઉપર તમારૂ કામ જોયા પછી વધારી આપવામા આવશે ”

આવેલી દાસીએ તે પ્રમાણે કામ કરવાની પોતાની ઈચ્છા જણાવી તરતજ દાક્તરે પોતાની જુની દાસીને બેલાવી

તેણીને રહેવા માટેનું સ્થાન અને કામ બતાવવાનું કહી તેને તેની સાથે જવાનું જણાવ્યુ

દાક્તરના ઘરની અદર બન્ને દાસીઓને રહેવા માટે જુદી જુદી ઓરડીઓ બનાવરાવવામા આવેલી હતી મકાન ત્રણ મજલાનુ હતુ નીચેના મજલાની અદર દાસીઓને રહેવાનું સ્થાન હતુ દરેક દાસી પેતાને સોપવામા આવેલા ઠેકાણે પોતાનો સામાન સરજામ રાખતી હતી

જુની દાસીએ નવીન આવેલી દાસીને તેના પોતાના માટેનુ સ્થાન બતાવ્યુ અને પોતે પોતાના કામ ઉપર ચાલી ગઈ દાસીઓને રહેવાની ઓરડીઓવાળા મજલાની અદરજ સ્નેહલતાને રહેવા માટેનો એક મોટો રૂમ નિર્માણ કરવામા આવેલો હતો

નવીન વૃદ્ધ દાસીએ પોતાને રહેવા માટે આપેલા સ્થાનને ચારે બાજુએ બરાબર રીતે તપાસ્યુ અને મનમાજ બોલી–" આ વખતે વાઘની બેડમા હાથ તો ઘાલ્યો છે, પરતુ હવે પાછુ સહિસલામત ઘેર કેવી રીતે જવુ, એજ ફક્ત વિચારવાનું રહ્યુ છે. "

વાચક ! એ નવીન દાસીને આપે બરાબર રીતે ઓળખી તો હશેજ એ બીજી કોઈ નહિ પરતુ રસિકલાલની દૂરની બ્હેન શારદાદેવીજ હતી તેણે પોતાના હાથમા લીધેલા કામને પાર ઉતારતાની ખાતર દાક્તરને ત્યા દાસીરૂપે પ્રવેશ કર્યો હતો

## પ્રકરણ ૯ મું.

### જાદુગર

રસિકલાલ જેવો રામપ્રસાદના બીજા માળ ઉપરથી પૃથ્વી ઉપર પડ્યો, તેવોજ બેશુદ્ધ બની ગયો તેની સાથેનો પહેરાવાળો તેને તેવી સ્થિતિમા પડેલો જોઈ તે મરણ પામ્યો હશે, એમ અનુમાન કરવા લાગ્યો તરતજ પહેરાવાળો નીચે ઉતરી રસિકલાલ જ્યા પડેલો હતો ત્યા અગળ ગયો અને તેની તપાસ કરી તો તે તેને જીવતો જણાયો રસિકલાલને જીવતો જોઈ તેને બહુજ આનદ થયો તે તેને બહુજ ધીમેથી ઉચકીને એક ઓરડાની અદર ઉઠાવી ગયો

રસિકલાલ દેખીતો વૃદ્ધ જેવો જણાતો હતો પણ તેનામા અતિશય બળ હતુ તે કેટલીક વખત વીસ વીસ હાથ ઉચેથી પૃથ્વી પર કુદી પડતો હતો તેથી આજે સોળ હાથ ઉચેથી કુદી પડવાથી તેને કઇ પણ ઈજા થયેલી નહોતી આજે તે ફક્ત ગોળી છોડનારને ગોળી તેના માથામા વાગી છે, એ જણાવવાની ખાતરજ નીચે કુદી પડયો હતો

પહેરાવાળો જમીન પર પછડાયલા અને ભાન વિનાના બની ગયેલા દેખાતા રસિકલાલના મુખ પર પાણી છાટવા લાગ્યો કેટલીક વારે તેને ભાન આવ્યુ હોય તેવુ જણાયુ' તેણે પોતાના ચક્ષુઓ ખુલ્લા કર્યા, અને પહેરાવાળાને સ્હામે ઉભેલો જોઈ મદમદ હાસ્ય કરતા કહેવા લાગ્યો–“ તમે તો મને કેવળ મરી ગયેલોજ સમજતા હતા કેમ ખરૂને ? ”

" હા ! આપની અવસ્થા જોતાજ મને તો એવો વહેમ આવ્યો હતો "

" નહિ મારૂ મરણ એમ સહજમા થાય તેમ નથી જો મારા માથા પર આ લોઢાની ટોપી ના હેત તો તેવો સભવ રહે ખરો, પરતુ એ ટોપી કોઇના જોવામા આવે તેવી નથી "

" શુ તે લોઢાની ટોપી છે ? "

" હા ! જ્યારે જ્યારે હુ આવા કામમા રોકાઉ છુ, ત્યારે ત્યારે હમેશા પ્રાણુનો ભય રાખવાની મને જરૂર રહે છે હમેશા તેવા સમયે મારે બહુજ સાવચેત રહેવુ પડે છે જુઓ ! તેણે મારા માથામા તાકીને ગોળી મારવા છતા મને કાઇ પણ વિશેષ હરકત થવા પામી નથી "

" વાહ સાહેબ ! હુ આટલા દિવસથી પોલિસની નોકરી કરૂ છુ, પણ આવી વાત તો મે કદાપિ પણ સાભળી નહોતી ઠીક, આપ એમ ધારો છો કે જે માણસે આપને ગોળી મારી હતી, તે જ માણસે આપે મૂકેલી શીશી લીધેલી હશે '

" ચોક્કસ ! મે પહેલાજ તે માણસને જોયેલો હતો અને તેથીજ તમને વાત નહિ કરતા તેને પકડવાને માટે હુ દોડચો હતો "

" ત્યારે તો હાથમા આવેલો શિકાર આજે જતો રહ્યો હશે ! કોઈ દિવસ પછો એની મેળે આવી પડશે "

"હા ! અત્યારે તો એમજ કરીને મનને શાન્ત રાખવાનું છે, પરંતુ આ વખતે તમારે એક કામ ખાસ કરવાનું છે"

"શું કરવાનું છે કહો સાહેબ !'

'આજ રાત્રે તમારે આ મકાન ઉપર બરાબર નજર રાખવાની છે બસ ! હવે તમારે જવું હોય તો જાઓ, હું થોડો વખત અહિં રોકાવાનો છું"

તરતજ પહેરગવાળો સલામ કરી ત્યાંથી ચાલ્યો ગયો તેને ગયેલો જોઇ રસિકલાલ પણ ફરી પાછો તેજ અટારી આગળ ગયો અને બહુજ બારિકાઇથી તપાસ કરવા લાગ્યો કેટલીક તપાસ કરીને ત્યાંથી શારદાદેવીના ઘેર ગયો તે પણ તેને મળી નહિં એટલે આજુબાજુ તપાસ કરી અર્ધા કલાકની અંદર તો તે એક બીજા નાના ઘર આગળ આવીને ઉભો રહ્યો.

ઘરના માલિકે રસિકલાલને જેતાજ આવકાર આપ્યો રસિકલાલ તેની પાસે બેસતા બેસતા તેને પૂછવા લાગ્યો – "રમણિકરાય ! થોડા દિવસ ઉપર એક ખૂન થયેલું છે તે સંબંધી કાંઈ તમારા સાંભળવામાં આવ્યું છે ? મને લાગે છે કે આટલે બધે દૂર તમને તેની હકીકત મળવી બહુજ મુશ્કેલ છે"

"હા ! મારા સાંભળવામાં આવેલું છે કે રામપ્રસાદ પ્રૅાફેસરનું ખૂન થયેલું છે એ મારા બહુજ જુના મિત્ર હતા એમના મૃત્યુના સમાચાર મને ના મળે એવું તે હોય ખરૂં કે ?"

'રામપ્રસાદ તમારા મિત્ર કેવી રીતે હોય ? એવો મ્હોટો માણસ તમારી સાથે કેવી રીતે મિત્રતા રાખતો હશે ?'

"નહિ રસિકલાલ ! રામપ્રસાદ મારો ખરેખરો મિત્ર હતો, પણ જે વખતથી મારા ઉપર પેલો ખોટી નોટો સબંધી ફોજદારી ગુન્હો કર્યાનું કામ ચાલ્યું તે વખતથી તે મારી સાથે બોલતો નહોતો."

"મારૂ પણ તેવુજ સમજવું હતુ હવે અત્યારે તો તે મરી ગયા છે તો તમને એ ખોટી નોટો સબંધીની ખરી હકીકત મને જણાવવાને કાંઇ હરકત છે ? મારી તો ચોક્કસ ખાત્રી છે કે એ નોટોની બાબતમા રામપ્રસાદ પણ સામેલ હોવોજ જોઇએ !"

"અત્યારે એ વાત સાભળવાથી આ કેસમા તમને કાંઈ સહાયતા મળે તેમ નથી તો પછી શા મટે એ ગઈ વાતને ફરીથી ઉકેલવી જોઇએ ?"

"એ હકીકત જાણુવાની મને ખાસ જરૂર છે તમને કયા માલુમ છે કે મને એ કામમા તમારો બચાવ કરવા માટે કેટલુ બધુ કષ્ટ ભોગવવુ પડયુ હતુ ? જો હુ તમારી તરફેણમા ન હોત તો તમારો બચાવ થવો મુશ્કેલ હતો "

"હુ તે બરાબર જાણુ છુ, તે ના સમજુ એવો હુ અજ્ઞાન નથી આ હ્યો ! આ વખને હુ આપને આ પચાસ રૂપીયાની નોટ એના બદલામા આપુ છુ '

"નહિ ! મને પૈસાની દરકાર નથી હુ જે પૂછુ છુ તે જ જણાવશો તો મારૂ મન બહુજ સતુષ્ટ થશે "

"હવે તો તે સબધમા કાંઈ ઉભુ થાય તેમ નથીને ?

"નહિ નહિ ! મારો તો આપને વિશ્વાસ છેને ?"

"હા ! તમારો પૂરેપૂરો વિશ્વાસ છે તમારા ઉપર અવિશ્વાસ રાખે પાલવે કેમ ?"

"ત્યારે તે બધુ સ્પષ્ટ જણાવો "

"કહેવાનું શુ હતુ ? રામપ્રસાદજ એ ખોટી નોટોનો બનાવનાર હતો જો તે જ વખતે તેને પકડવામા આવ્યો હોત તો સઘળી હકીકત તરતજ સમજાઇ જાય તેમ હતુ, પરતુ હવે તો તે મરી ગયો છે એટલે આપના હાથમાથી સઘળી બાજી જતી રહી છે

' વારૂ ! તેણે જેટલી નોટો બનાવી હતી, તે સઘળી બહાર તો આવી નહોતી, ત્યારે બાકીની નોટોનુ શુ થયુ હતુ?"

"એ બાકીની બધી નોટો રામપ્રસાદના ઘરમાજ છે તેના રસાયણશાળાના ઓરડા પાસે એક નાની ઓરડી છે તેમા એ સબધીની બધી ચીજો રાખવામા આવેલી છે મારા ધારવા પ્રમાણે બાકીની નોટો પણ એજ ઓરડીની અદર હોવી જોઇએ '

"ત્યારે રસાયણશાળાની પાસેજ બીજી એક નાની રૂમ છે અરૂ ને ? મારા તો તે જાણવામા પણ નથી '

"હા ! એક બહુજ નાની ઓરડી છે તપાસ કરશો તો તરતજ માલમ પડશે, પણ જુઓ સાહેબ ! હુ બધી હકીકત આપને જણાવુ છુ, તેમા પાછુ મારેજ ફરીથી ફસાવાનો વખત ના આવે '

"નહિ નહિ ! રમણિકરાય ! તમારે કોઇ પ્રણ પ્રકારનો ભય રાખવા જેવુ નથી વારૂ ! પણ એ નોટો બનાવતુ

કોણ ? શું રામપ્રસાદ પોતેજ તે બનાવતો ? "

" ના ! એક સ્ત્રી તે બનાવતી હતી "

" સ્ત્રી ! "

" હા ! તે પોતે પોતાની સારી અવસ્થામા લખી શકતી નહોતી, પરતુ કોઈ માણુસ જ્યારે તેને મેસ્મેરીઝમનો પ્રયોગ અજમાવી બેભાન કરતો તે વખતે તે બેભાન અવસ્થામા લખતી હતી "

' એ કેવી રીતે ? '

" આપ એક પોલિસના છુપા અમલદાર છો, આપને એ બધી વાત જાણવાની શુ જરૂર છે ? એ બાબતમા તો મને પણ વિશ્વાસ આવતો નથી જે માણુસ મેસ્મેરીઝમ ચઢાવતો તેની ઈચ્છાનુસાર સઘળુ કાર્ય થયા કરતુ ? "

" એ મેસ્મેરીઝમ કોણ ચઢાવતુ હતુ ? "

" એ સઘળી હકીકત જાણીને શુ આપનો મને ફાસીએ ચઢાવવા વિચાર છે ? "

' નહિ, નહિ ! એવો વહેમ ગખવાની જરૂર નથી હુ પ્રતિજ્ઞાપૂર્વક તમને કહુ છુ કે તમને કોઇ પણ પ્રકારનુ નુકસાન થાય તો તેનો જવાબદાર હુ છુ તેનું નામ શુ ? '

" તે મેસ્મેરીઝમ દાક્તર દિનાનાથ ચઢાવતો હતો તે એક બહુજ ભયાનક માણુસ છે તે ચાહે તેને મેસ્મેરીઝમ ચઢાવી પોતાના તાબામા લઇ શકે છે "

## પ્રકરણ ૧૦ મું.

### અનાયાસે લાભની પ્રાપ્તિ

બીજે દિવસે રામપ્રસાદે કરેલુ છેલ્લુ વીલ કે જેમા તેણે પોતાના ભાઇ જયંતિલાલનેજ પોતાની સઘળી સમ્પત્તિનો પોતાની પાછળ વારસ ઠરાવ્યો હતો તે વાચવામા આવ્યુ જયતિલાલ અત્યાર સુધી જાણતો હતો કે સુરેશકુમારીનેજ ભાઇની પાછળ સર્વ મીલકતની ઉત્તારાધિકારીણી નીમેલી છે અને પોતાને તો ભાઇએ ખોરાકી વગેરે ખર્ચ લેવનો પોતાના છેલ્લા વીલમા અધીકાર રાખેલો છે, પરતુ આજે તો તેના સાભળવામા આવ્યુ કે રામપ્રસાદની લાખોની મીલક્તનો પોતેજ ઉત્તરાધિકારી થયો છે-સઘળી સમ્પત્તિ પોતાને મળનાર છે આજે તેને આ સાભળી આનદ થવો જોઇએ તેને બદલે ઉલટી તેના મનમા ભીત ઉત્પન્ન થઇ

રામપ્રસાદના બગલાની અદરજ વીલ વાચવામા આવ્યુ રામપ્રસાદના બે ઓળખાણુવાળા ગૃહસ્થો, જયતિલાલ અને રામપ્રસાદના વકીલ મુખત્યારો વગેરે સઘળા ત્યા એકત્ર થયા દાક્તર દિનાનાથ પણ ગુપ્તપણે તે સાભળવાની ઇચ્છાથી આવી છૂપાઇ રહ્યો અને વાચવામા આવેલુ વીલ બરાબર રીતે સાભળ્યુ. વીલ વચાઇ રહ્યુ એટલે દાક્તર દિનાનાથ જયતિલાલ તરફ છૂપી રીતે તીક્ષ્ણ દૃષ્ટિપાત કરી કોઇ ના જાણે તેવી રીતે આવ્યો હતો તેમ વિદાય થયો.

આવેલા સઘળા માણસો પણ એકે એકે વિદાય થઇ

ગયા એટલે જયતિલાલ એકલો પડ્યો તે પણ પોતાના રહેવાના મકાન તરફ ગયો આજે તેનું મન બહુજ ખિન્ન બનેલુ હતુ તેથી વધુ વખત તે ઘરની અંદર રહ્યો નહિ તરતજ કંપિત પગે તે ધીમે ધીમે દાક્તર દિનાનાથના ઘર તરફ ગયો

આ વખતે દાક્તરે દિનાનાથ પોતાના ઘર આગળજ હતો જયતિલાલને આજે ચિંતાતુર તથા મલિન મુખવાળો જોઈ તેણે તેને પૂછ્યુ –' કેમ જયતિલાલ ! આજે કેમ નરમ જણાઓ છો ? કેમ મો પડી ગયેલુ દેખાય છે ? રાત્રે નિદ્રા નહોતી આવી કે શુ ? "

" હા ! દાક્તર તમે કહો છો તેવીજ તબીયત છે મારૂ શરીર આજે સારૂ નથી "

" તો હુ તમને દવા આપુ તે ખાશો ? હમણાજ તબીયત સારી થઈ જશે "

એ પ્રમાણે કહી દાક્તર દિનાનાથ પોતાના દવાખાનાના ઓરડામા ગયો, અને ત્યાથી એક ગ્લાસની અંદર દવા લઈ આવી જયતિલાલને આપી જયતિલાલ કંઈ પણ વહેમ નહિ લાવતા દવા પી ગયો અને થોડા વખતમાજ તે પોતાને પહેલા કરતા સારૂ છે એમ જણાવવા લાગ્યો

" દાક્તર સાહેબ ! આપના ઔષધનો ગુણ તો ખરોજ ! ઔષધ લીધા પહેલા મારી તબીયત બહુજ સુસ્ત હતી "

" જયતિલાલ ! જો ગુણ ના હોય તો અમારી દવા લે કોણ ? અને અમારી ખ્યાતિ કેમ થાય ? ગુણ થયા

સિવાય લોકો કાંઈ નકામા અમને પૈસા આપતા હશે ? બોલો હવે શુ નવિન છે ? ”

‘ દાક્તર ! આજે તો એક નવિન ખબર છે ”

“ શુ છે ? ’

“ મોટાભાઈ તેમની સઘળી મીલક્તનુ વીલ મ રા નામ પર કરી ગયા છે ’

“ બહુજ સારા સમાચાર છે ત્યારે તો ! ”

“ મે જ્યારથી એ વાત સાભળી છે ત્યારથીજ મારૂ માથુ ભમે છે આપનુ ઔાષધ લીધા પછી કાઈક ઠીક છે ’

“ તમને એટલી પણ ખબર નથી કે, આવી સારી વાત સાભળવાથી મગજની સ્થીતિ બદલાઈ જાય છે, અને તેથી તમને એમ લાગે છે ? ”

આપનુ અનુમાન સત્ય છે આજ સુધી હુ જાણતો હતો કે સુરેશકુમારીનેજ સઘળી સમ્પત્તિ મળનાર છે, અને મને તો ફક્ત ખોરાકી પોશાકી જેટલી સામાન્ય રકમજ મળશે વારૂ ! પણ સુરેશકુમારીએ મને એવુ શા માટે કહેલુ હશે?”

“ એણે એવુ કહેલુ હતુ તો હવે તેની બુરી દશા આવી ”

“ મીલક્ત કાંઈ ઓછી નથી લાખો રૂપીયાની રકમ છે ”

“ ખરી રીતે જોતા તમેજ રામપ્રસાદના ઉત્તરાધિકારી છો, અને સઘળી મીલક્ત તમનેજ મળવી જોઈએ વારૂ ! વીલ તમે પોતે વાચ્યુ છે ? મારૂ નામ તેમા છે કે ? ”

‘ તે બરાબર રીતે મારા જાણવામા નથી, પણ મને

વિશ્વાસ છે કે આપના હાથની તેમા સાક્ષી છે "

" કેમ ? કેવી રીતે તેવો વિશ્વાસ ઉત્પન્ન થયો છે ? "

" જે વકીલ તે વીલ વાચતો હતો, તેણેજ જણાવ્યુ હતુ કે, એક પ્રખ્યાત ડાક્તરની આ વીલની અ દર સાક્ષી છે "

" ત્યારે તો એજ વીલની અ દર મે સાક્ષી કરી હશે ! મે પણ તમને તે દિવસે જણાવ્યુ હતુ કે ગમપ્રસાદે કરેલા છેલ્લા વીલની અ દર મારી સહી છે વારૂ ! પણ એ વીલ વાચવામા આવ્યુ તે વખતે સુરેશકુમારી ત્યા હાજર હતી કે ? "

" ના ! હજી સુધી તેણે એ વાત સાભળી નથી જ્યારે તે સાભળશે ત્યારે તેના મનમા કેવુ થશે ? "

" ગમે તે થાઓ, હવે વીલ કાંઈ બદલવાનુ છે ? અર્થાત્ તે વીલમાં તેને તો કાંઈ લાભ છેજ નહિ સુરેશકુમારીને તમારા ભાઈએ નાનપણમાથી પોતાની પાસે રાખી મોટી કરી છે, તે સિવાય રામપ્રસાદને તેની સાથે કાંઈ પણ સ બ ધ નહોતો, અને તમે તેમના ભાઈ હતા એકજ પિતાથી ઉત્પન્ન થયેલા હતા એટલે તેમણે જે તમને પોતાની પાછળ ઉત્તરાધિકારી નીમ્યા છે, એ બહુજ ડહાપણનુ કામ કર્યું છે. વારૂ ! ખૂનના સ બ ધમા કાંઈ પણ વધુ ખબર મળી છે ? પોલિસના ઇન્સ્પેક્ટરે અને છુપી પોલિસના અમલદારે શુ કર્યું તે કાંઈ જાણુવામા આવ્યુ છે ? "

" કાંઈ પણ જાણુવામા આવ્યુ નથી "

" વારૂ ! સુરેશકુમારી રસાયણશાળાવાળા ઓરડાની અ દર કેમ છુપાઈ રહી હતી તે સ બ ધમા પણ કાંઈ જાણુ-

વામાં આવ્યુ છે કે નહિ ? સુરેશકુમારીએ એ સંબધમા કાઈ ખુલાસો કર્યો છે ? '

" ના ! "

" વારૂ છુપી પોલિસવાળાઓ તેના ઉપર વહેમ રાખે છે." "

" કોના ! સુરેશકુમારી ઉપર ? શુ તે ખૂન કરે ! આપ શુ બોલોછો ? "

" હુ તો સામાન્યપણેજ તમને આ હકીકત પૂછુછુ મને એટલી તો ખબર છે કે, રસાયણશાળાની અદર પ્રવેશ કરવાની યુક્તિ ફક્ત રામપ્રસાદ સિવાય બીજા કોઈના પણ જાણવામા હતી નહિ, પરતુ જ્યારે સુરેશ ત્યાજ સતાઇ રહી હતી ત્યારે વખતે તે ઓરડામા પેસવાના દ્વાર ઉઘાડવાની યુક્તિ તે પણ જાણતી હોય વળી જે દિવસે રામપ્રસાદનુ ખૂન થયેલુ જણાયુ તે દિવસે રાત્રે સુરેશકુમારી સિવાય તે આખા બગલાની અદર કોઈ પણ હતુ જ નહિ સધારણ રીતે લોકો પણ એ વાત સાભળીને અનુમાન બાધે કે સુરેશેજ એ ખૂન કર્યું હશે, પછી તો જેણે ખૂન કરેલુ હોય તે જાણે ! '

જયતિલાલ દિનાનાથ દાક્તરની હકીકત સાભળી બહુજ દુખી થયો સુરેશકુમારીને તે બહુજ ચહાતો હતો સુરેશકુમારી પણ તેને પોતાના પ્રાણ કરતા અધિક સ્નેહથી ચહાતી હતી જયંતિલાલે બહુજ અધીરાઇથી દિનાનાથને પૂછયુ કે –" આપને પણ શુ એ પ્રમાણેજ સદેહ આવ્યો છે ? "

" ના ! જયતિલાલ ! હુ તો સુરેશકુમારીને બહુજ સારી માનું છુ હુ તેના પર વહેમ લાવુ એ સારૂ કહેવાય

નહિ, કિન્તુ વખતે દૈવેચ્છાએ તેની મતિ ફરી ગઇ હોય તો કોણ જાણે ! ”

એટલામા સ્નેહલતા અતિશય સુંદર કપડા પહેરી ત્યા આગળ આવી સ્નેહલતાને ત્યા આવેલી જોઇ દાક્તર દિનાનાથે કહ્યુ –“ સ્નેહલતા ! જયતિલાલ આજે લક્ષાધિપતિ બન્યો છે રામપ્રસાદનુ વીલ આજે વચાયુ છે, તેમા જયતિલાલને તેમણે પોતાની પાછળ સઘળી સમ્પત્તિનો ઉત્તરાધિકારી નીમ્યો છે

જયતિલાલે સ્નેહલતાના સ્હામુ જોતા જણાવ્યુ કે—“ એટલી બધી મને તો બીલકુલ આશા નહોતી ! હજી પણ મારો તો વિશ્વાસ નથી ”

સ્નેહલતાએ સ્મીત હાસ્ય કરતા પૃછ્યુ –“ એવુ કેવુ કે તમે પોતે તે વીલ એક વખત વાચ્યુ નહિ ? ”

“ ફક્ત વાચ્યુ છે કે ભાઇની સઘળી સમ્પત્તિનો હુ તેમના પછીથી માલિક છુ પરતુ હજી પણ મને તો વહેમ છે કે એટલી બધી સમ્પત્તિ તેઓ મને સોપી જાયજ નહિ ! ”

“ કેમ ના સોપી જાય તમે તેમના ભાઇ છો વ્યાજબી રીતે તો એ સઘળી મીલકત તમનેજ મળવી જોઇએ વારૂ ! પણ એ વાતના ઉમગમા એક દીવસ અમને મીજબાની આપશોને ? ”

એ પ્રમાણે કહી જવાબની રાહ નહિ જોવા રહેતા સ્નેહલતા ત્યાથી ચાલી ગઈ તેને ગયેલી જોઈ દાક્તરે પોતાના ખીસ્સામાથી એક કાગળ બહાર કાઢી જયતિલાલના હાથમા

આવ્યો અને કહ્યુ –" જયતિલાલ ! બોલો હવે આ પ્રતિજ્ઞા ક્યારે પાલન કરશો ? '

જયતિલાલે તે કાગળ હાથમા લઈ વાચ્યો વાચતાજ તેને જણાયુ કે તે પોતે લખી આપેલુજ પ્રતિજ્ઞાપત્ર હતુ તેમા પોતે લખી આપેલુ હતુ કે, જો હુ રામપ્રસાદની સઘળી સમ્પત્તિનો વારસ થઇશ તો હુ તમારી પુત્રી સ્નેહલતાની સાથે વિવાહના બધનથી બધાઇશ "

પોતાના હસ્તાક્ષરથી લખાયેલુ પત્ર તથા તેને નીચે પોતાનાજ હાથની સહી થયેલી જોઇ જયતિલાલના મનમા બહુજ આશ્ચર્ય લાગ્યુ તેને પોતાના મનમા ભય ઉત્પન્ન થતા તે દાક્તર દિનાનાથને પૂછવા લાગ્યો–" મે આ પ્રતિજ્ઞા પત્ર ક્યારે લખી આપેલુ હતુ ? "

" વાહ ! એ વાત તમારા લક્ષમાજ નથી કે શુ ? કેવી વિચિત્રતા ! જયતિલાલ ! આટલામાજ તમારી વૃત્તિ ફરી ગઈ કે શુ ? '

" દાક્તર ! આ સબધમા હુ કાઇ પણ જાણતો નથી ! તેમ મને બીલકુલ યાદ પણ નથી. "

" ત્યારે શુ તમે એમ કહેવા લાગ્યો છો કે, આ તમારૂ લખેલુ નથી ? "

" એમ તો કેવી રીતે કહી શકાય મારૂ જ લખેલુ હોય એવુ જણાય છે ! '

" ત્યારે શુ કરવા જુઠુ બોલો છો ? "

" નહિ, નહિ ! દાક્તર ! આપ ગુસ્સે થાઓ નહિ મને જેવુ જણાય છે તેવુ હુ કહુ છું '

એટલામા સ્નેહલતા આ આગળ ફરીથી આવીને ઉભી રહી સહસા દાક્તરની તિક્ષ્ણ દૃષ્ટિ જયતિલાલના મુખ ઉપર પડવા લાગી પાચ મિનીટ થઈ નહિ એટલામા જયતિલાલ અચેત બની ગયો અને સૂઇ ગયો

" સ્નેહલતાએ સૂઈ રહેલા જયતિલાલના મુખ ઉપર હસ્ત વડે માર્જન કરવા માડયુ કેટલીક વ.ર તેમ કરી તેની સ્થીતિ તપાસી તો જયતિલાલ તદ્દન અચેતન બની ગયો છે એમ તેની ખરી ખાત્રી થઇ '

જે વખતે જયતિલાલને અચેતન બનાવવાની ક્રિયા ચાલતી હતી, તે વખતે દાક્તરે રાખેલી નવીન દાસી શારદા દેવી, સ્નેહલતા, જયતિલાલ અને દાક્તર હાજર હતા દાસી દિવાનખાનાની બહાર ગુપ્તપણે ઉભી રહી શુ શુ થાય છે, તે જોતી હતી આખરે જ્યારે તેના જોવામા આવ્યુ કે દાક્તરની વિદ્યાથી જયતિલાલ અચેતન બની ગયો છે, ત્યારે તેને તે ઠેકાણે વધુ વખત ઉભા રહેવાનુ યોગ્ય લાગ્યુ નહિ, તેથી તે પોતાના કામે બહાર ચાલી ગઈ જતા જતા તે પોતાના મનમાજ બોલી-" કેવો ભયાનક માણસ છે ? જયતિલાલ બિચારો આ વખતે તેના હસ્તમા સપડાયો છે ! '

દાક્તરે જયતિલાલને બરાબર અચેતન અવસ્થામા આવેલો જોઈ તેને પૂછ્યુ -" કેમ જયતિલાલ ! તમે આ પ્રતિજ્ઞાપત્ર લખી આપેલુ છે એ વાત યાદ આવે છે કે ? "

" હા ! હવે બરાબર યાદ આવે છે "

" વારૂ ! હજી પણ વિચાર કરીને જવાબ આપો કે

તમે મારી કન્યાની સાથે વિવાહ કરવાનું આ પ્રતિજ્ઞાપત્ર લખી આપ્યુ છે તે વાત ખરી છે કે ખોટી ? ”

“ હા ! લખી આપેલુ છે એ વાત ખરી છે ”

“ ઠીક ! હવે એ પ્રતિજ્ઞાનું પાલન કરવાનો વિચાર છે કે નહિ ? ”

“ વિચાર છે ”

“ નક્કી વિચાર છે ? ’

“ હા ! નક્કી વિચાર છે ”

“ તો તમારા હાથની વીટી સ્નેહલતાને આપો કે જેથી તમારાથી ફરીથી ભૂલી જવાય નહિ ’

જયતિલાલે પોતાની વીટી કહાડવાને માટે પોતાનો હાથ ઉચો કર્યો પરતુ તેમા તે ફાવ્યો નહિ દાક્તરે તરતજ પોતાના હાથવડે વીટી તેના હાથમાથી ખેચી કાઢી, અને જયતિલાલના હાથમા આપી કહેવા લાગ્યો–‘ ચાલો ત્યારે વીટી આપો ”

જયતિલાલે વીટીવાળો હાથ ઉચો કર્યો સ્નેહલતાએ તરતજ તે વીટી જયતિલાલના હાથમાથી પોતાના હાથમા લઈ લીધી

વીંટી લઈ સ્નેહલતા ત્યાથી ગઈ કેટલીક વારે જયતિલાલને પાછુ ચેતન આવ્યુ તરતજ તે દાક્તરની પાસેથી રજા લઈને પોતાના ઘર તરફ ચાલ્યો

પોતાનામા ચાલવાની શક્તિ બીલકુલ રહેલી નહોતી, તેથી તેણે ગાડી ભાડે કરી ઘેર જવાનો વિચાર કર્યો ત્યા

થઈને જતી એક ગાડી બોલાવી તેની અદર તે બેઠો અને પોતાના રહેવાના સ્થાન તરફ લઈ જવા જણાવ્યુ

રસ્તામા તેના મનમા અનેક પ્રકારની ચિન્તાઓ થવા લાગી તેના મનમા એમ વહેમ આવ્યો કે વખતે કોઈ પણ સમયે મે એ પ્રતિજ્ઞાપત્ર દાકતરને લખી આપેલુ હશે ! પરતુ બીજી પળે વિચાર આવ્યો કે જો મે પોતેજ લખી આપ્યુ હોય તો તેમાનુ કાઈ પણ મને કેમ યાદ ના હોય ? વળી સ્નેહલતાને પોતે ચહાતો હતો તેના કરતા સુરેશકુમારીને અધિક ચહાતો હતો એવી અવસ્થામા આ પત્ર મે શી રીતે લખી આપ્યો હોય ! આ પ્રમાણે વિચાર કરતો હતો, એટલામા તેની દૃષ્ટિ પોતાની આગળી તરફ વળી ને આગળીપર પહેરેલી વીટી જોવામા આવી નહિ તેના મનમા બહુજ દુ ખ ઉત્પન્ન થયુ એ અગુઠી તેને પોતાના મોસાળ તરફથી મળેલી હતી તે લગભગ હજાર રૂપીયાની કિમતની હતી આવી વિચિત્ર ગતિ વિલોકી ને પોતાના મનમાજ કહેવા લાગ્યો –" શનિની દશા બેઠી જણુય છે ! "

## પ્રકરણ ૧૧ મુ.

### ખોટી નોટો

રસિકલાલે રમણિકલાલને મૂખે જે કાઈ હકીકત સાભળી હતી, તેથી તે બહુજ આશ્ચર્ય પામ્યો હતો રામપ્રસાદનો રસાયણશાળાવાળો ઓરડો બહુ વિશાળ નહોતો તે બે ચાર

વખત તેની અદર ગયેલો હતો પરતુ તે ઓરડાની બાજુ-
માજ એક નાનો ઓરડો છે, તે તેની ધારણામા પણ નહોતુ
પુન તેણે તે ઓરડો શોધવાના ઈરાદેજ રામપ્રસાદના બગ
લામા પ્રવેશ કર્યો

રમણિકલાલ બહુજ વિચીત્ર અને ભયકર માણસ હતો
તેણે પોતાના જીવનની અદર અનેક ભયાનક કાર્યો કર્યા
હતા બે ત્રણ વાર તે જેલમા પણ જઇ આવ્યો હતો
રસિકલાલ તેની સાથે બહુજ સારી રીતે વર્તતો હતો, કેમકે
કેટલીક વખત તેને રમણિકલાલ મારફતે ઉપયોગી બાતમીઓ
મળતી હતી અને તેથી તેને બહુજ સારો ફાયદો મળતો
હતો રસિકલાલને બચાવવાની પ્રતિજ્ઞા કરવાથી કેટલીક ઉપ
યોગી માહિતી તેને મળી હતી

રસિકલાલની ખાત્રી હતી કે રમણિક પોતાની પાસે
કોઇ પણ વખત ખાટુ બોલતો નથી, અને તેને અનુસરીનેજ
આજે તે ફરીથી રામપ્રસાદના રસાયણવિદ્યાના પ્રયોગો કરવાના
મકાનની અદર પેઠો હતો રમણિકે બતાવેલુ ગૃહ ત્યાજ
હોવુ જોઇએ એમ તેની રમણિકના ઉપરના પોતાના વિશ્વાસને
લીધે પાકી ખાત્રી થઇ હતી, અને તેથીજ તે રમણિકલાલને
ત્યાથી નિકળી સીધો રામપ્રસાદના બગલે પહોચ્યો

રસિકલાલ જેવો રામપ્રસાદના બગલાના ઓટલા ઉપર
ચઢયો તેવોજ તેને જયતિલાલ મળ્યો જયતિલાલને સાથે
લઈ રસિકલાલ રામપ્રસાદના રસાયણશાળાવાળા રૂમની અદર
ગયો, કિન્તુ સહસા એક યુવતિને ત્યા ઉભેલી જોઈ તેઓ

બન્ને વિચારમા પડયા. બન્ને જણા એક સ્થળે છુપાઇ ઉભા રહેવાનો વિચાર કરતા હતા, તેવામા તે યુવતિ તેમની પાસે આવી ઉભી રહી એકમેકના ચક્ષુઓ એકમેકની સાથે ભેગા થયા.

રસિકલાલ તે યુવતિને જોતાજ હસી પડયો અને બોલ્યો–
" સુરેશ ! તુ અહિયા કયાથી ! ? "

" આપનુ એક કામ છે, આપ અહિયાજ મળ્યા એ પણ ઠીક થયુ છે. કાલની હુ આપને મળવાને માટે વિચાર કર્યા કરતી હતી પર'તુ વખત મળતો નહોતો "

" શુ તુ અહિ યા એકલી આવી છે ? "

" હા, પણ આપે રામપ્રસાદના વીલની હકીક્ત સાભળી?"

" હા સાભળી છે, પર તુ તેમા તેમણે તો તને કશુએ આપેલુ નથી "

" એ બહુજ આશ્ચર્યની વાત કહેવાય ! ત્ય રે શુ મને તેઓએ ખોટી વાત કહીને વિશ્વાસઘાત કર્યો હશે ? ત્યારે હવે શુ કરવાનુ રહ્યુ ? આવી રીતે કોઇપણ સમયે તેઓએ મારી સાથે ખોટી વાત કરી મને ઠગી નથી "

" પણ તુ શા માટે અહિ યા આવી હતી ? "

" મને એમ ખબર છે કે આ ઓરડાની પાસેજ એક નાનો પણ ગુપ્ત ઓરડો છે, હુ તે ઓરડાની શોધ કરવાને માટેજ આવેલી છુ "

" તે વાત તારા જાણવામા કેવી રીતે આવી ?

" એક દિવસ હુ આ ઓરડાની અ દર હતી, ત્યારે અ દરની બાજુએથી દાક્તર અને રામપ્રસાદની વચ્ચે થતી

વાત મારા સાભળવામા આવી હતી; પરંતુ તેઓ ક્યાં આગળ બેસી વાત કરે છે, તે જાણવામા આવ્યુ નહોતુ તેથી મારી ખાત્રી થઇ છે કે અવશ્ય આ ઓરડાની પાસેજ બીજો કોઈ ગુપ્ત ઓરડો હોવો જોઇએ મને પૈસાની કોઈ પણ પ્રકારની લાલસા નથી હુ તો ફક્ત તેમના મિત્રની પુત્રી છુ તેઓ મને પોતાની પાછળ પોતાની સઘળી મીલકતની માલીક બનાવતા જાય, એવી મારી સ્વપ્ને પણ ઇચ્છા નહોતી, પરતુ તેમણે મને જે કાઈ હકીકત કહેલી હતી તેથીજ મને તેવી આશા બધાયલી હતી મારી ખાત્રી છે કે એ ગુપ્ત ઓરડાની અદર કાઈ પણ ભયાનક ભેદ હોવો જોઈએ

"તુ કયારની અહિયા આવી છે ?"

"મને આવ્યે લગભગ અર્ધોએક કલાક થયો"

'કાઈ પણ તારા જાણવામા આવ્યુ છે ?'

"હજી સુધી તો કાઇ જણાયુ નથી"

તરતજ રસિકલલે રસાયણશાળાની સઘળી દિવાલો તપાસવાની શરૂઆત કરી, છતા કાઇ પણ ભેદ સમજાયો નહિ જે વખતે રસિકલલ દિવાલો તપાસતો હતો તે વખતે સુરેશકુમારી આલમારીઓની શીશીઓને તપાસવા લાગી તેણે શીશીઓ તપાસતા રસિકલાલને કહ્યુ–' રસિકલાલ ! મે જે શીશીના સબધમા આપને વાત કરેલી હતી, તે શીશીઓ આની અદર આજે જોવામા આવતી નથી આપ આ ઓરડામા મારા આપને જણાવ્યા પછીથી આવેલા હતા ?"

"હા ! આવ્યો હતો"

" તો તે શીશી આપે લીધેલી છે ? જો લીધી હોય તો ઠીકજ કર્યું છે આપ પોલીસના માણસ છો, એટલે એ ભયાનક કાર્યનો સઘળો ભાર આપનાજ ઉપર રહેલો છે એટલે તે શીશી આપ શોધી કાઢો તેમા શી નવાઇ ! "

" નહિ ! સુરેશ ! મે તે શીશી લીધી નથી "

" જો આપે નથી લીધી તો પછી કોણ લઇ ગયુ ? "

રસિકલાલે પહેલાની સઘળી હકીકત સુરેશકુમારીને જણાવી, જે સાભળીને તે બહુજ આશ્ચર્ય પામી તેણે રસિક લાલને પૃછયુ –" ત્યારે બીજા માણસો પણ આ બગલાની અદર આવે જાય છે ખરા ! શુ પહેરાવાળો તે સબધમા આપને કાઇ જણાવતો નથી ? "

" ના ! આ બગીચાને બે ત્રણ દ્વાર છે કોઇ માણસ ખોટા વિચારથી અહિયા આવે તે કાઈ મોટા દરવાજે થઇને આવે નહિ આપણે તે સબધમા પછી વિચાર કરીશુ, પરતુ પહેલા તો તમે જે કામે આવ્યા છો તે કામની તપાસ કરીએ "

તરતજ રસિકલાલ અને સુરેશકુમારીએ મકાનની અદર ચારે બાજુએ બહુજ બારિકાઇથી તપાસ કરવા માડી પરતુ કાઇ પણ પત્તો લાગ્યો નહિ રસિકલાલે સઘળી આલમારી ઓને બાજુપર ખસેડી એક આલમારીની પાછળ એક કડુ ભીતની અદર જડેલુ હોય, તેવુ તેને જણાયુ "

સુરેશકુમારીને નહિ જણાવતા રસિકલાલે તે કડુ જાણીને પકડી રાખ્યુ તરતજ એક નાનુ દ્વાર કાઇ પણ શબ્દ નહિ થતા બહુજ ધીમેથી ખુલ્લુ થયુ સુરેશકુમારી તેને જોતાજ

બહુ આનંદિત થઈ બોલી ઉઠી—" જોયું રસિકલાલભાઈ ! આ બધું શુ મારૂ કામ છે ? શુ મારાથી તે બને ? એતો સારા ભાગ્યે તમે આવી પહોચ્યા તેથી આ બધી હકીકત જાણવામા આવી "

તરતજ રસિકલાલ અને સુરેશકુમારી બન્ને તે દ્વાર મારફતે તે નાના ઓરડાની અંદર પેઠા અને અંદરની બાજુએ ચારે તરફ નજર કરી. સહસા રસિકલાલની નજર કેટલાક જુના કાગળો ઉપર પડી તે કાગળો તેણે પોતાના હાથમા ઉપાડી લીધા સુરેશકુમારીએ તેને કાગળો હાથમા લેતો જોઇ આશ્ચર્ય પામતા પૂછયુ—" એ શુ છે રસિકલાલભાઇ ? એ જુના કાગળો ઉપર આપે આટલો બધો ઉતાવળો ઝપાટો કેમ કર્યો ? "

" સુરેશ ! એ કાગળો જુના અને નકામા નથી તારા સાભળવામા આવેલુ હશે કે થોડા દિવસ પહેલા કેટલીક ખોટી નોટો પાડવામા આવી હતી, તેમાનીજ આ પણ ખોટી નોટો છે "

" આપનુ અનુમાન સાચુ છે "

" તે તે કેવી રીતે જાણ્યુ ? "

" દાક્તર અને રામપ્રસાદ એક દિવસ એ સબંધમા વાતો કરતા હતા દાકતર કહેતા હતા કે, મને પકડી શકે એવો કોઈ પણ છૂપી પોલીસનો અમલદાર પૃથ્વીમા તો છે નહિ "

સુરેશકુમારીએ એ પ્રમાણે કહી થોડા વખત વિશ્રાતિ લીધી વળી ફરીથી તેઓ તે ઓરડાની અંદર તપાસ કરવા

લાગ્યા આશરે અર્ધોક કલાક તપાસ કર્યા પછી એક નાનુ ખાનુ તેમના જોવામા આવ્યુ તે ખાનુ એક ઉંચી આલમારી ઉપર રાખવામા આવેલુ હતુ સુરેશકુમારીએ તેને ઉતારવા માટે પ્રયત્ન કર્યો, કિન્તુ તેનાથી નીચે ઉતારી શકાયુ નહિ, તેથી તેણે રસિકલાલની મદદ માગી રસિકલાલે તે ખાનુ તેને આલમારી ઉપરથી નીચે ઉતારી આપ્યુ અને પૂછયુ -" શુ તુ આ ખાનુંજ શોધવાને માટે અહિયા આવી હતી ?'

" હા ! એટલા માટેજ આવેલી છુ "

" એની અદર શુ છે ? "

" રામપ્રસાદનુ વીલ એની અદર છે '

" વીલ આની અદરજ છે, એવુ તે કેવી રીતે જાણ્યુ હતુ ?'

" એક દિવસ રામપ્રસાદ બહુજ આનદમા હતા તે વખતે આ પેટી તેમણે પોતાના શયનગૃહની અદર આણેલી હતી અને ત્યાર પછી મને બોલાવી હતી તેમના શયનગૃહમા મારા ગયા પછી તેમણે મને બહુ બહુ વાતો પૂછી હતી મારા ધારવા પ્રમાણે તો મને પૂછવામા આવેલા સવાલોના જવાબોથી તેઓ સતોષિત થયેલા જણુાયા હતા, અને તે જ વખતે તેમણે પોતાનો સતોષ મને જણાવતા કહેલુ હતુ કે-" મારા પછીથી તુ મારી સમસ્ત મિલકતની ઉત્તરાધિકારીણી થવાની છુ તે સબધનુ મે વીલ કરેલુ છે, અને તે વીલ મે આ મારી પેટીની અદર રાખેલુ છે ' તેઓએ વધારામા મને એમ પણ જણાવ્યુ હતુ કે-" આ

પેટી હું મારા રસાયણશાળાની પાસેના ઓરડાની અંદરજ મૂકી રાખુ છુ ” જ્યારે ગઈ કાલે તેમના વીલની હકીકત મારા જાણવામા આવી ત્યારેજ મને આ વીલવાળી પેટી શોધી કહાડવાની જરૂર પડી ”

“ શુ ત્યારે તુ એમ જણાવે છે કે ગઇ કાલે જે વીલ વાચવામા આવ્યુ તે અસલ વીલ ન્હોય ? ”

મારૂ તો માનવુ એવુજ છે હવે આ પેટીને મારે કેવી રીતે ઉઘાડવી ? ”

“ કેવી રીતે તે ભાગી નાખીને ? ”

“ તો તેવી રીતે કરો ”

રસિકલાલે તરતજ પોતાના ખીસ્સામાથી એક યત્ર કહાડયુ અને તે યત્રની મદદ વડે તે પેટી તોડી નાખી તેની અદરથી એક કાગળ સુરેશકુમારીએ બહાર કાઢયો, અને તેને વાચવા માડયો

“ સુરેશકુમારીજ મારી શત્રુ છે, એજ મારૂ ખૂન કર વાને માટે યત્ન કરે છે ’

રામપ્રસાદ

કાગળ વાચતાની સાથેજ સુરેશકુમારી ચમકી ઉઠી જે આશાને લીધે તેણે અત્યાર સુધી અસહ્ય દુખ વેઠેલુ હતુ, જે મહાન આશાને લીધે આવા નિર્જન સ્થળની અદર તેણે પ્રવેશ કર્યો હતો, તેની તે આશા આજે સઘળી નાશ પામી હવે શુ ઉપાય કરવો એ તેને કાઇ પણ સૂઝયુ નહિ તેનું મુખ તદ્દન રક્તશૂન્ય અને ફીકકુ પડી ગયુ તેનુ સઘળુ અગ કપવા લાગ્યુ તે એક શબ્દ પણ બોલી શકી નહિ

## પ્રકરણ ૧૨ મું.

### આશ્ચર્યકારક રહસ્ય.

લગભગ પદરેક મિનીટ બાદ સુરેશકુમારીને ભાન આવ્યુ તેણે બહુજ મહેનતે હિમ્મત ધારણ કરી રસિકલાલને કહ્યુ–"રસિકલાલભાઈ! આ શુ કહેવાય? કોણે લખ્યુ હશે?"

"સુરેશ! તે રામપ્રસાદના લખેલા અક્ષરો જોયા નથી?"

"હા! મે અનેકવાર જોયા છે"

"ત્યારે તુ કેમ પારખી શકતી નથી કે આતે તેમનું લખેલુ છે કે બીજાનું છે?"

"જણાય છે તો તેમનું લખેલુ હોય તેવુજ, પરતુ તેઓ આ પ્રમાણે લખે એ કોઈ પણ રીતે સભવતુ નથી તેઓ મારા પ્રત્યે જે પ્રેમની દૃષ્ટિથી નિહાળતા હતા, તે જોતા તેઓ કદાપિ પણ મને વિપત્તિમા આવી પડવા જેવુ લખી જાયજ નહિ."

"ત્યારે તો કોઇ ભયાનક મનુષ્યનું એ કારસ્થાન હશે એવુ જણાય છે! રામપ્રસાદના ખૂનની અદર અનેક ઉંડા ભેદો સમાયલા છે તે તુ જુએ છે? આવુ ગુપ્ત રહસ્યોથી ભરેલુ ખૂન તો પહેલા કોઇ પણ વખતે થયેલુ સાભળ્યુ નથી"

"તમે તો આવુ કહો છો, અને આપના છૂપી પોલીસવાળા ઇન્સ્પેકટર સાહેબ તો કહી ગયા હતા કે આતો સહજ વાત છે."

" કેસનો ઉંડા ઉતરી તપાસ નહિ કરતા ઉપર ઉપરથી વિચાર કરે તેને એમ જણાય એમા નવાઇ નથી, પરતુ ખરી રીતે જોતા તેમ નથી. હવે તું મારા કહેવા પ્રમાણે એક કામ કર આ કાગળને બાળી મૂકે તો તારા ઉપરથી સઘળી મુસીબત ટળી જાય તેમ છે "

" નહિ ! રસિકલાલભાઇ ! આપના કહેવા પ્રમાણે કર વાથી મારો પોતાનોજ દોષ મારે સ્વિકારવો પડે, માટે આપ આ કાગળ આપની પાસેજ રાખો '

રસિલાલને સુરેશકુમારીનું કહેવુ વ્યાજબી લાગવાથી તેણે તે કાગળ પોતાની પાસે રાખ્યો, અને તેને ખોટી નોટોની અદર લપેટી લીધો સુરેશકુમારીએ રસિકલાલને રસાયણશાળાના લોહદ્વાર ઉઘાડવાની યુક્તિ બતાવી, જે જોઇને રસિકલાલ બહુજ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો–" સુરેશ ! મને આવા ગુન્હા પકડવાનું કામ કરતા બહુ વર્ષો વીતી ગયા છે, પણ આજે પહેલવહેલીજ આ યુક્તિ તે મને બતાવી છે આ પહેલા આવી યુક્તિ હુ જાણતોજ નહોતો આ યુક્તિ બીજુ કોઇ જાણે છે એમ તારા જાણવામા છ ? "

" એ તો કેવી રીતે કહી શકાય ? રામપ્રસાદના ઓળખાણવાળા બહુજ થોડા માણસો છે એકાદ બે માણસો અહિ આવતા હતા એમ મારા જાણવામા છે. વખતે તેઓમાથી કોઈ જાણતુ હોય તો તે ના કહી શકાય નહિ "

" વધારે ભાગે અહિયા કોણ કોણ આવતુ હતુ ? "

" પેલો ડાક્તર. "

" કોણ? દાક્તર દિનાનાથ ? "

" હા ! "

" જે દિવસે રામપ્રસાદ મરી ગયા તે દિવસે તે' દાક્તરને અહિં આવેલો જોયો હતો ? "

" ના ! સાહેબ ! હુ જુઠી વાત જણાવવાને ચહાતી નથી પરંતુ એટલુ તો મારા જાણવામા છે કે, તે કોઇ પણ જાતનો જાદુનો મંત્ર જાણે છે જ્યારે જ્યારે તે રામપ્રસાદની પાસેથી ઘર તરફ જતો ત્યારે ત્યારે રામપ્રસાદનું શરીર અને મન બહુજ અસ્વસ્થ જણાતા હતા કોઇ કોઇ વખત તો તેઓ દાક્તરના ગયા પછી પણ નિદ્રીત અવસ્થામા પડી રહેલા જણાતા હતા "

" વારૂ ! એતો ઠીક, પરંતુ જયંતિલાલની સાથે તારે કયારથી વાતચીતનો સંબંધ બંધાયલો છે ? "

" જ્યારથી હું અહિંયા રામપ્રસાદના ઘેર આવી ત્યારથી લગભગ દશેક વર્ષ થયા હશે "

" જયંતિલાલ રામપ્રસાદનો ખરો ઓરમાન ભાઈજ છે ?"

" હું નાનપણથીજ એ પ્રમાણે સાભળતી આવી છુ "

" તમારા બન્નેની અંદર કોઇ પણ પ્રકારનો કલહ તો નથીને ? "

" નહિ, કદાપિ પણ નહિ ! "

" જયંતિલાલ કયારે પણ તારૂ બુરૂ કરવાની વાતો કરતો હતો ? "

" ના ! કયારે પણ નહિ એતો શું પણ જ્યારે મે

રામપ્રસાદની હું ઉત્તરાધિકારીણી છુ અને સમસ્ત સમ્પત્તિની માલીક થઇ છુ એમ કહ્યુ ત્યારે તે સાભળવા છતા પણ કોઇ દિવસ તેમના મનમા ખોટુ લાગ્યુ હોય તેવુ જણાયુ નથી, તેમ તે સબધી કાઈપણ વાત કોઇને કરી હોય તેવુ પણ સભળાયુ નથી ”

“ તુ તો તે દિવસે એમ કહેતી હતી કે જયતિલાલ દાક્તર દિનાનાથ અને તેની છોકરીના વશ છે ”

“ મારૂ તે કહેવુ સત્ય છે, પરતુ મે એ પ્રમાણે જણાવ્યુ તે મારી ભૂલ થઈ છે હુ એ માટે જયતિલાલ પાસે માફી માગીશ ”

“ દાકતરની સાથે તારે વાતચીત કરવાનો પ્રસગ કેવો છે ? ”

“ બહુજ સારો ”

“ વારૂ ! દાકતરની છોકરીની સાથે કોઈ પણ દીવસે તારો મેળાપ થયો છે ? ”

“ ના ફક્ત એકજ દિવસ મારે અને તેને મળવા અને વાતચીત કરવા પ્રસગ આવ્યો હતો, તે સિવાય કોઇ પણ વખતે અમારો મેળાપ થયો નથી ”

“ કેવી રીતે મેળાપ થયો હતો ? ”

“ હુ હમેશા રામપ્રસાદની પાસે આવતી હતી એક દિવસ રસાયણશાળાના ઓરડા આગળ હું આવી તે વખતે બે માણસો માહોમાહે તકરાર કરતા હોય તેવો અવાજ મારા કાને આવ્યો. રામપ્રસાદ બહુજ શાન્ત પ્રકૃતિના માણસ

હોવાથી તેઓને પહેલા કોઇની સાથે તકરાર થયેલી મારા જોવામા કે સાભળવામા આવેલી નહોતી મે એ તકરાર સાભળી બહારથીજ બૂમ મારી તેમને બોલાવ્યા તે વખતે મને જણાયુ કે તેઓ સ્નેહલતાની સાથે તકરાર કરતા હતા ’

“ તે તેનું નામ સ્નેહલતાજ છે એમ કેવી રીતે જાણ્યુ ?”

“ દાકતરની છોકરીનુ મ્હો તદ્દન દાકતરના મુખને મળતુ જ છે પહેલા તો હુ એમજ સમજી કે તે દાકતર છે, પરતુ જ્યારે મે બરાબર રીતે જોયુ ત્યારે સમજાયુ કે તે દાકતર નહિ પણ દાકતરની છોકરી છે પહેલા મે સાભળેલુ હતુ કે દાકતરને એક સ્નેહલતા નામની છોકરી છે ”

“ શા માટે તકરાર થતી હતી તે બરાબર તારા જાણુ વામા આવ્યુ હતુ ? ”

“ ના ! કાઇ પણ જણાયુ નહોતુ, પરતુ તે વખતે રામપ્રસાદની સ્હામે એક ચોપડી ખુલ્લી પડેલી હતી સ્નેહ-લતા વાર વાર તે ચોપડી જોવાને માગતી હતી ”

“ તે કયી ચોપડી હતી તે તારા જાણવામા છે ? ”

‘ રામપ્રસાદની સઘળી ચોપડીઓમા જુદી જુદી જાતના વિષ તૈયાર કરવાની રીતો લખેલી છે તેઓ કયારેય પણ એ ચોપડી સિવાય બીજી ચોપડીઓને હાથમા લેતાજ નહોતા ”

“ વાહ ! વાહ ! જેમ જેમ સમય જતો જાય છે, તેમ તેમ નવિન નવિન હકીકત જણાતીજ જાય છે રામપ્રસાદના ખૂનની ખરી હકીકત જુજ મહેનતે મળવી બહુજ મુશ્કેલ છે ”

" મારૂ પણ એમજ માનવુ છે, વધુમા મને એમ પણ બીક લાગે છે કે, વખતે આપ પણ કોઇ નિર્દોષને ગીરફતાર કરી ના મૂકો "

" સુરેશ ! તારે એવુ કયારેય પણ મનમા ના લાવવુ, કારણ કે જ્યા સુધી હુ બરાબર રીતે જાણુ કે સાભળુ નહિ ત્યા સુધી કોઇને પણ કેદ પકડુ એવો નથી હુ એ તો ચોક્કસ જાણુ છુ કે આ કામની અદર તુ અને જયતિલાલ તદ્દન નિર્દોષ છો, એટલુ જ નહિ પણ ખૂનના સબધમા તમે કાઇ પણ જાણુતા નથી "

સુરેશકુમારી રસિકલાલની વાત સાભળી બહુજ આનદ પામી અને કહેવા લાગી–" પરમેશ્વર આપનું ભલુ કરો હુ આપને ખાસ આગ્રહપૂર્વક જણાવુ છુ કે જયતિલાલ તદ્દન નિર્દોષ છે "

રસિકલાલે હસતા હસતા જણાવ્યુ –" હુ પ્રથમથીજ જાણુ છુ. "

## પ્રકરણ ૧૩ મું.

### ચોરનો ભાઇ ઘટીચોર

બીજે દિવસે દાક્તર દિનાનાથ પોતાના મકાનમાથી બહાર જવાને માટે તૈયાર થઇ નિકળ્યો તે થોડેક દૂર ગયો નહિ એટલામા એક બળવાન અને અતિશય ઉચી આકૃતિનો માણસ તેને ઘેર આવી ઉભો રહ્યો, અને ઘરની આગળના

બાગની ઓસરીની અંદર પ્રવેશ કરી એક દાસીની પાસે ગયો. દાસીએ તેને આવવાનું કારણ પૂછયું. તેણે જવાબ આપ્યો કે–" દાક્તરને મળવુ છે એટલા માટે આવેલો છુ "

દાસીના મુખે દાક્તર ઘરમા નથી એમ જાણવા છતા તે માણુસે પાછો નહિ વળતા દાક્તરની પુત્રી સ્નેહલતાને મળવાની ઈચ્છા જણાવી દાસીએ તરતજ તે હકીકત સ્નેહ લતાને કહી સ્નેહલતાએ મળવાની હા કહેતાજ દાસી આવેલા માણુસને તેની પાસે લઇ ગઈ

સ્નેહલતા અને તેનો મેળાપ થયો તેની આકૃતિ ઉપ રથી તે કોઇ પણ સારો માણુસ હોય એવુ સ્નેહલતાને સમ જવાથી તેણે તેને પૂછયુ–" આપનુ નામ ? શુ કામને માટે આપ મારા પિતાને મળવા આવેલા છો ? "

તેણે આશ્ચર્ય પામ્યો હોય એવા સ્વરે જવાબ આપ્યો– " વાહરે વાહ ! શુ તુ મને ઓળખી શકી નહિ ? "

" મ્હારો અને તમારો મેળાપ કયારે થયો છે કે હુ તમને જોતાજ ઓળખી શકુ ? "

તેણે સહાસ્ય વદને જણાવ્યુ કે-" ગઇ સાલ મેળો જોવા ગયા હતા ત્યારે કેવી વિપત્તિમા આવી પડયા હતા તે ભૂલી ગયા કે શુ ? જો હું ના હોત તો તમને કોણ બચાવત ? તેમ ત્યાર પછી પણ મારી તમારી વચ્ચે શુ શુ હકીકત બની હતી તે શું ભૂલી ગયા ? મે તમને બચાવ્યા તે વખતે તમે શુ શું બોલ્યા હતા તે ખબર છે ? મારૂ નામ રાજીવલોચન ! કેમ ભૂલી જાઓ છો ? '

" હા ! હા ! હવે યાદ આવે છે. કહો અત્યારે કેમ આવવુ થયુ છે ? "

" મને થોડાક પૈસાની જરૂર છે. "

" તમે મારી પાસે કાંઇ પૈસા મૂકવા આપી ગયા નથી "

" મૂકવા આપ્યા નથી પણ મારે જોઇએ છીએ તે આપો જો નહિ આપો તો હુ તમારી પાસેથી બળજોરીથી લઇશ ચાલો બીજી વાત જવા દઇ મને પૈસા આપો "

" તમારે પૈસાની શુ ખોટ છે ? તમારો મિત્ર આજે લાખો રૂપીયાની પુજીનો માલિક થઇ બેઠો છે તો પછી તમે હાય પૈસા ! હાય પૈસા ! કરતા શા માટે બીજે માગતા ફરો છો ? '

" એ લોહીથી રગદોળાયલા પૈસાની મને જરૂર નથી. એની વાત જવા દઇ તમારીજ વાત કરો ચાલો પૈસા આપો, તમે મારા મિત્રની કન્યા છો જો તમે નહિ આપો તો પછી આપશે કોણુ ? "

" મારા બાપના મિત્ર તમે કેવી રીતે અને કયારના થયા છો ? "

" બહુ વખતથી તમારા બાપ આવા મોટા માણુસ થયા ત્યાર પહેલાથી તુ જાણે છે કે આટલા બધા તે પૈસાદાર કેવી રીતે થયા છે ? તારો બાપ જેવો તેવો માણુસ નથી જેને તેને જાદુ કરી હજારો રૂપીઆ ધુતી લે છે, ચોરીઓ કરે છે, જુગાર રમે છે અને તેમ કરીનેજ તારો બાપ મોટો પૈસાવાળો થયો છે. "

" જરા વિચારીને વાત કરો, મારા દેખતા તમે મારા બાપનું અપમાન કરો છો એનો કાંઈ વિચાર છે ? '

" ચાલ એ વાત જવા દે, જે કામ છે તે જ વાત કરીયે તારી પાસે પૈસા છે એવી મારી પાકી ખાત્રી છે તુ તારા બાપના કરતા પણ શેતાન છે જો ત્રણસો રૂપીઆ આપીશ તો હુ કાઇ પણ બોલ્યા સિવાય ચાલ્યો જઇશ "

" તમે ચોર નહિ પણ ચોરના ભાઇ ઘ ટીચોર છો તમે મને એકલી જાણીને જોર જણાવો છો કેમ ? જો મારા બાપ આ વખતે હાજર હોત તો તમને તેનો રીતસર બદલો આપત ! "

" હુ તો તારા બાપની સાથે મળવાનેજ આવેલો હતો, ને કહેતી હોય તો તેના આવતા સુધી બેસુ હુ તારી પાસેથી ઠગીને પૈસા લેવા માગતો નથી, પર તુ મારી પાસે એક એવી ચીજ છે કે જેને જોતાજ તારૂ મુખ પડી જશે અને તારા પ્રાણ ઉપર વાત આવશે '

" શુ છે તે બતાવો તો ખરૂ માનુ ? "

' એકાન્ત હોવાથીજ હુ તને બતાવુ છુ પર તુ યાદ રાખજે કાંઈ પણ મને સતાવવાની વાત કરી તો જીવતી રહેવા પામીશ નહિ "

એમ કહી તરતજ રાજીવલોચને એક નાની કાચની ગોળાકાર શીશી પોતાના ખીસ્સામાથી બહાર કહાડી, અને પોતાના હાથની તર્જની અને અ ગુઠાની વચ્ચે રાખી સ્નેહલતાના સ્હામી ધરી તેને બતાવી સ્નેહલતા તેને જોતાજ

ચમકી ઉઠી અને બહુ વખત સુધી વિચાર કરીને બોલી–
" તમે અહિંયા જરા વાર બેસો હું તમને ઉપરની બાજુ-
એથી પૈસા લાવી આપુ છું."

" વાહ ! વાહ ! શુ મને પણ તુ બાળકની માફક
રમાડવા માગે છે કે ? મારૂ શરીર છે એવી મારી બુદ્ધિ
હશે એમ સમજે છે કે ? કેવી વાત કરે છે ? તારે અહિંથી
ચાલ્યા જવુ છે અને મને અહિં બેસાડી ફસાવવાની યુક્તિ
રચવી છે કેમ ? એ કદાપિ પણ બનશે નહી. ચાલ તારે
જયા જવુ હોય ત્યા હુ તારી સાથે સાથે આવુ છુ "

" તમે ઘરની અદર શી રીતે આવશો ? "

" તો હુ તને જવા પણ દઈશ નહિ બસ અહિં-
યાજ મને પૈસા આપ, નહિતો તુ મને તારી સાથે લઈ ચાલ "

સ્નેહલતા બહુજ સકટમા આવી પડી તેણે તરતજ
પોતાની દાસીને પોતાની નાની પેટી લાવવાને માટે જણાવ્યુ
દાસીએ પેટી લઇ આવી સ્નેહલતાના હાથમા આપી સ્નેહ-
લતાએ પેટી લઇ તેને બહાર જવા માટે સૂચના આપી પેટી
ઉઘાડી તરતજ ત્રણસો રૂપીયા રાજીવલોચનના હાથમા તેણે
મૂકયા

નવિન દાસી શારદાદેવી પૈસાની પેટીને બહાર લાવતા
જોઈ બહુજ આશ્ચર્ય પામી અને શુ થાય છે તે જોવા માટે
એક બાજુએ છુપાઈ રહી

રાજીવલોચન પૈસા પોતાના હાથમા લઈ તે ગોળ શીશી
સ્નેહલતાના હાથમા આપવા તૈયાર થયો, પરતુ સ્નેહલતાએ

તે લેવાની ના પાડી અને કહ્યુ-" એની મને કાઇ પણ જરૂર નથી, એ તમારી પાસેજ રહેવા દો "

" તો તારી મરજી, હવે હુ જાઉ છુ એ પ્રમાણે કહી રાજીવલોચન ત્યાથી ચાલ્યો ગયો "

## પ્રકરણ ૧૪ મુ.

### શત્રુગૃહ

રાજીવલોચનનેપૈસા લઇ ચાલ્યા ગયા પછી સ્નેહલતાના મનમા બહુજ ક્રોધ ઉત્પન્ન થયો પોતાની પાસેથી એક સામાન્ય માણસ ત્રણસો રૂપીયા લઈ ગયો અને પોતે તેને કાઇ પણ કરી શકી નહિ, તેથી તેને અત્યત ક્ષોભ થયો પોતાના મનની સાથેજ તે કહેવા લાગી-' આટલી વખત તો જવા પામ્યો છે, પરતુ હવે પછી બીજી વખતે આવશે ત્યારે અવશ્ય હુ એને સપડાવીશ '

એટલામા સહસા નવિન દાસીને પોતે બેઠી હતી તે ઓરડાના દ્વાર આગળ થઈને જતા તેણે જોઇ પ્રથમજ સ્નેહલતાને વહેમ આવ્યો હતો કે કોઈ પણ માણસ પોતાને અને રાજીવલોચનને થયેલી વાત સાભળતુ હોવુ જોઇએ, પરતુ અત્યાર સુધી કોઇ જોવામા આવેલુ નહિ હોવાથી પકડી શકાયુ નહોતુ, પણ નવિન દાસીને દ્વારની સમીપ થઇને જતા જોઇ એટલે સ્નેહલતાનો સશય દ્રઢ થયો તેના મનમા એમ ખાત્રી થઇ કે અત્યાર સુધી આ નવિન દાસી અહિયા

થતી વાર્તા છુપાઇ સાભળતી હતી તેને તેણે સામાન્ય સ્ત્રીઓ જેવી ગણી નહિ તેણે પોતાના પિતા ઘેર આવતા સુધી તે સબધમા કાઇ પણ કરવાનુ યોગ્ય ધાર્યું નહિ

લગભગ અર્ધોએક કલાક વ્યતીત થઈ ગયો છતા પોતાના બાપ ઘેર પાછા આવ્યા નહિ, તેથી સ્નેહલતાના મનમા ચિન્તા થવા લાગી મન સ્થિર રહ્યુ નહિ, તેથી એક પુસ્તક હાથમા લઇ તે વાચવા લાગી વાચતા વાચતા એની આખમા ઉઘ ભરાઈ આવી અને તે ત્યાને ત્યાજ ઉઘી ગઈ

આવી રીતે કેટલો સમય તેણે નિદ્રા લીધી તેનુ તેને કઇ પણ ભાન રહ્યુ નહિ પોતાની નિદ્રા પુરી થઇ ગઈ છતા પણ પોતાના બાપને ઘેર આવેલો જોયો નહિ તેથી સ્નેહલતા આકુળ વ્યાકુળ થવા લાગી

લગભગ પદરેક મિનિટ થઇ નહિ એટલામા દાક્તર દિનાનાથ ઘર આગળ આવ્યો બાપ અને દીકરી ભેગા થતાજ સ્નેહલતાએ પૂછ્યુ—" બાપુ ! અત્યાર સુધી તમે કયા ગયા હતા ? હુ તમારી બહુજ વખતથી રાહ જોયા કરૂ છુ "

" મારે એક કામ હતુ તે માટે હુ ગયેલો હતો, કામ થતા જરા મોડુ થવાથી વાર થઈ છે "

' ઠીક ! પરતુ આપણે જે નવી દાસી રાખેલી છે, એના સબધમા મારા મનમા કાઇક વહેમ રહે છે જે વખતે તે આપણે ત્યા પહેલવહેલી રહેવા માટે આવી તે દિવસેજ મારા મનમા સદેહ ઉત્પન્ન થયો હતો, પરતુ આજે તો મારો તે સદેહ બહુજ પ્રબળ બન્યો છે "

"ઠીક છે ! પરંતુ આજે મને કોઈ મળવા માટે આવ્યુ હતું ?"

"ના ? કોઈ પણ આવ્યુ નહોતું !" સ્નેહલતાએ ખોટીજ વાત જણાવી

"ઠીક ! સ્નેહલતા ! નવિન દાસીના સબધમા તુ જે વાત કહે છે તે સાચી છે મને પણ એવોજ સદેહ ઉત્પન્ન થયો હતો, અને તેથી હુ આજે તપાસ કરવા માટે બહાર ગયો હતો બહારથી મને એવી ખબર મળી છે કે, નવિન દાસીએ જે મોટા માણુસની ચીઠ્ઠી આપણુને લાવીને આપી હતી તે તદ્દન ખોટી હતી એ માણુસને ત્ય એ કદાપિ પણ કામ કરવાને માટે રહેલીજ નથી"

"વાહ ! એ તો બહુજ ઠગ ત્યારે ?

"એમજ આપણે ત્યા શુ શું હકીકત બને છે, તે જો તે બહાર જઇને કહે તો આપણો નાશ થયા સિવાય રહેજ નહિ જો તે આપણા હાથમા રહેશે તો તો હરકત નથી, પરતુ જો હાથમાથી ચાલીજ ગઇ તો તો પરિણામ બહુજ ખરાબ આવશે '

"હા ! મારો તો એવોજ વિચાર છે કે એને અહિથી મારીને કાઢી મૂકવી જોઇએ"

"નહિ ! નહિ ! મારીને કાઢી મૂકવા કરતા એને અહીંને અહીંજ નક્કી કરી નાખવી જોઇએ."

"એટલો બધો એનો શુ વાક છે ? '

"એ મારા ધારવા પ્રમાણે પોલિસે મૂકેલી બાતમીદારછે"

" શુ કહો છો ? આપણા ઘરમા પોલિસે ગુપ્ત ખાતમીદાર મૂકી છે ? "

" હા ! તે પણ સાભળ્યુ હશે કે, રામપ્રસાદના ખૂનની તપાસ કરવાને માટે રસિકલાલને નીમવામા આવેલો છે રસિકલાલ એક પ્રખ્યાત ડીટેકટીવ છે, તેના જેવો આ વિજયનગરમા કોઈ પણ ચતુર અને કાર્યદક્ષ માણુસ નથી આ દાસી તેની સહાયકારિણી છે મારા ધારવા પ્રમાણે એનુ નામ શારદાદેવી છે લોકો કહે છે કે શારદાદેવી રસિકલાલની બ્હેન થાય છે પરતુ એ વાતનો મારા મનમા જરા વહેમ છે "

" ત્યારે શુ શારદાદેવી આપણા ઘરમા છાનીમાની રહેલી છે ? "

" ચોક્કસ હવે વિલબ કરવાની જરૂર નથી જેવી રીતે ઉતાવળે એ કાટો દૂર થાય એવુ કરવુ એજ આપણુ શ્રેય છે ચાલ ! એક વખત આપણે ઉપર જઈએ, અને તે શુ કરે છે, એ છાનામાના ઉભા રહીને જોઈએ "

તરતજ બાપ અને દીકરી બન્ને ઉપર ગયા સ્નેહલતા કાઈ એક સામાન્ય કારણ શોધી કાઢી શારદાદેવી રહેતી હતી તે ઓરડાની અદર ગઈ, પરતુ શારદાદેવી ત્યા જોવામા આવી નહિ સ્નેહલતા આ બનાવ જોઈ ચોકી અને પોતાના પિતાને ત્યા આગળ બોલાવ્યો દાક્તર તે ઓરડાની અદર આવ્યો, અને જોયુ તો હાથમાથી શિકાર છટકી ગયેલો હોય તેવુ જણાયુ

કેટલીક વાર બન્નેમાથી એકે જણ કાઈ પણ બોલ્યા,

નહિ, છેવટે સ્નેહલતાએ કહ્યુ–" બાપુ ! એ ડોસી તમારા કહેવા પ્રમાણે છાની બાતમીદારજ હોવી જોઇએ એમ ના હોય તો તે અહિથી કેમ જતી રહે ? "

" કયા ગઈ હશે ? વખતે બીજે કોઈ ઠેકાણે ગઇ હશે કે તેને ઘેર હશે ? '

" તે હુ શુ જાણુ "

" જ્યારે હુ ઘરમાથી બહાર ગયો ત્યારે તો મે તેને જોઇ હતી '

' તમારા ગયા પછી પણ મે તેને જોઇ હતી '

" ત્યારે કઇ વખતે ગઈ ? તુ દિવસે ઉઘતી હતી ? '

" હા ! આજે જરા ઉઘ આવી હતી '

" ત્યારે તો તે જ વખતે તને ઉઘેલા જોઇને તે ચાલી ગઈ હશે અને કદાચ તે છુપી પોલીસવાળાઓને જઇને બધી હકીકત જાહેર કરશે '

" શુ કરશે તેતો તે જાણે પરતુ એના સબધમા આપણે બીક રાખવાનું કાઈ પણ કારણ નથી "

આ પ્રમાણે દાક્તર પોતાની પુત્રીને સાત્વન આપી ત્યાથી કયાક બ્હારની બાજુએ ફરવા ચાલી ગયો

તે જ દિવસે સાજના પાચ વાગ્યાના સુમારે રસિકલાલ શારદાદેવીને ઘેર ગયો તેને ઘર આગળ જોઈ હાસ્ય વદને તે પૂછવા લાગ્યો–' બ્હેન ! આજ સુધી કયા ગયા હતા ? તે દિવસે હુ તમારા ઘેર આવ્યો હતો પરતુ તમારો કે તમારી પાળેલી છોકરીનો બેમાથી કોઇનો પણ મેળાપ થયો નહોતો "

શારદાદેવીએ હસતા હસતા રસિકલાલ જવાબ આપ્યો-
" ભાઈ ! બ્હેન ભાઈનાજ કામે ગયેલી હતી "

' કયા ગયા હતા ? "

" દાક્તર દિનાનાથને ત્યા ગઈ હતી "

" વાહ ! તમે તો બહુજ જબરા વાઘની બોડમા વાસો ! ? "

" તમારે માટે તેમ પણ કરવુ પડે તો કરવુ એ બ્હેનનુ કામ છે "

' કહો વારૂ ત્યા જઈ શુ કર્યું ? '

" જુઓ ! પહેલેથી માડીને કહુ છુ દાક્તરને એક દાસીની જરૂર છે એમ ખબર મળવાથી હુ દાસીનો વેષ લઈ તેને ઘેર નોકરી પૂછવા ગઈ મે તેને આજીજી સાથે કહ્યુ કે હાલમા મારે કામ નથી, માટે જો આપ મને રાખશો તો બહુજ ઉપકાર થશે દાક્તરને દાસીની જરૂર હોવાથી તેણે મને રાખવાનુ કબુલ કર્યું કાર્યાનુસાર મે ત્યા કેટલાક દિવસ નોકરી બજાવી '

' વારૂ ! એતો ઠીક કર્યું પરતુ ત્યા તમારા જેવામા શુ શુ આવ્યુ ? રામપ્રસાદના ખૂનના સબધમા કાઈ હકીકત મળી આવી ? '

' ના રસિક ! એ સબધમા તો કાઇ પણ મારા સાભળવામા આવ્યુ નથી પરતુ જયતિલાલ તો તેના હાથમા રમકડાની માફક રમે છે, એવુ જણાય છે '

' તે કેવી રીતે ? "

તરતજ શારદાદેવીએ પોતે જે જે કાંઈ જોયેલુ હતું, તે સઘળુ' તેને કહી બતાવ્યુ કેવી રીતે તેઓએ જય તિલાલને મેસ્મેરીઝમ દ્વારા અજ્ઞાન બનાવી પ્રતિજ્ઞાપત્ર લખાવી લીધુ, તેમજ કેવી રીતે તેના હાથમાથી વીટી લઇ લીધી, અને રાજીવલોચન કેવી રીતે સ્નેહલતા પાસેથી રૂપીયા કઢાવી ગયો તે સઘળી હકીકત રસિકલાલને સ ભળાવી

શારદાદેવીની સઘળી હકીકત સાભળી રસિકલાલે પૃછ્યુ—"રાજીવલોચને શુ કહીને સ્નેહલતાની પાસેથી રૂપીયા કઢવ્યા '

" તેણે તેને એક કાચનો ગોળો બતાવ્યો, જેથી સ્નેહલતાને બહુજ ભય પ્રાપ્ત થયો પહેલા તો તેણે બહુ વાતો કહી પર તુ જ્યારે શીશી જોઇ કે તરતજ તે ચુપ બની ગઈ તેનુ મુખ સુકાઇ ગયુ, અને વાર વાર નિશ્વાસ મૂકવા લાગી લગભગ દશેક મિનિટ થઈ નહિ એટલામા સ્નેહલતાએ પોતાની પૈસાની પેટી લાવવાને બીજી દાસીને કહ્યુ પેટી આવતાવાત રાજીવને રૂપીયા ત્રણુસો કાઢી આપ્યા "

" ત્યારે તો આજે રાજીવલોચન જીતી ગયો '

" ખરેખર ! એકજ વાતમા ત્રણુસો રૂપિયા લઇ ગયો "

" પછી તે કાચની ગોળી જેવી શીશીનુ શુ થયુ ? "

" રાજીવે તે સ્નેહલતાને આપવા માડી હતી પણ તેણે તે લીધી નહિ "

" કેમ ? તેણે શુ શુ કહ્યુ ? "

" તેણે કહ્યુ કે એ શીશી તમારી પાસેજ રહેવા દ્યો ' સ્નેહલતાને તેની જરૂર નહિ હોય એમ જણાયુ'

"વારૂ ! તે શીશી કેવી હતી ? સાદી હતી ?"

"હા ! તે ગોળ શીશી સફેદ કાચની હતી, પણ તેની અંદર કાંઈક રાતો પાતળો પદાર્થ હોય તેવુ સ્પષ્ટ રીતે જણાતુ હતુ"

"અરે ! એ શીશી રાજીવને કયાથી મળી આવી ?"

"તે તો તેણે કાંઇ પણ જણાવ્યુ નહોતુ પરંતુ તે જોતાજ સ્નેહલતા અજ્ઞાન બની ગઈ હતી એ સિવાય બીજુ કાંઈ પણ બન્યુ નથી સ્નેહલતાએ તેને તરતજ પૈસા આપીને વિદાય કર્યો હતો હુ પણ ત્યાર પછી ત્યાથી ઘર તરફ ચાલી આવી છુ"

કેટલીક આડીઅવળી વાતો કર્યા પછી રસિકલાલ શારદાદેવીની રજા લઇ નીકળ્યો, અને સાધો રાજીવલોચનના કસરત કરવાના મકાન આગળ આવ્યો

રાજીવલોચન તે જ ઠેકાણે હતો આ વખતે તેનું શરીર તદ્દન ઉઘાડુ હતુ એકજ કચ્છ મારી તે ઉભો હતો રસિકલાલે પ્રથમ તેને બે ત્રણવાર જોયેલો હતો, પરંતુ તે આવો બળવાન હશે તેવુ તે જાણતો નહોતો રાજીવલોચનના શિષ્યો પણ તેના જેવાજ બળવાળા હતા

રસિકલાલ આવેલો છે, એ વાત કેટલાક વખત સુધી રાજીવલોચનના જાણવામા આવી નહિ રસિકલાલ પણ ગુપ્તપણે સઘળી ચર્ચા જોતો ઉભો રહ્યો

છેવટે સઘળાની કસરત પુરી થઇ રહી અને એકે એકે કસરતશાળાની અંદરથી બહાર નિકળવા લાગ્યા રાજીવલોચન

પણ બહાર નિકળી ચાલવા લાગ્યો રસિકલાલ તેની પાછળ પાછળ તે ના જાણે તેમ ચાલ્યો રસ્તામા ગજીવલોચને જયતિલાલને જોયો તે તેને પ્રકટપણે મળ્યો નહિ, કિન્તુ તેની પાછળ પાછળ છાનોમાનો ચાલ્યો રસિકલાલ પણ તેઓ બ ને જાણે નહિ તેમ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો

જયતિલાલ ચાલતો ચાલતો સુરેશકુમારીના રહેવાના ઘર આગળ આવી ઉભો રહ્યો એ વખતે રાત્રીના નવ વાગેલા હતા ચારે તરફ અધકાર છવાઈ ગયેલુ હતુ, આકાશમા મેઘના વાદળો પણ છવાઈ ગયેલા હતા જેથી એક પણ તારો આકાશમા જોવામા આવતો નહોતો જયતિલાલ અત્યારે અહિયા કેમ આવ્યો હશે ? એ વિચાર કરતો રાજીવ એક બાજુએજ ઉભો રહ્યો જયતિલાલ તે ઘરની અદ- પેઠો રજીવ તેની પાછળ નહિ જતા બહાર એક કોઈ પણ ના જોઈ શકે તેવી જગો પર આઘો જઇ તેના પાછા આવવાની રાહ જોતોજ ઉભો રસિકલાલ પણ તેનાથી દૂર શુ થાય છે તે જોતો ઉભો રહ્યો

પાચેક મિનિટ થઈ હશે એટલામા જયતિલાલ પાછો આવ્યો રાજીવ તેની પાછળ પાછળ આ વખતે ગયો નહિ, પણ બીજી તરફ વળ્યો રસિકલાલ પણ રાજીવલોચની પાછળ ચાલ્યો

રાજીવલોચન ચાલતો ચાલતો રામપ્રસાદના બગલાની પાસે આવ્યો. મુખ્ય દરવાજા આગળ પહેરાવાળો હશે, એમ લાગવાથી તે પાછળની ખડકીના દ્વાર આગળ થઇને અડા-

જીની અંદર પેઠો, અને થોડા સમયમા ભેદથી ભરેલા રામ-પ્રસાદના રસાયણશાળાવાળા ઓરડાની અંદર ગયો.

રસિકલાલ તેના પહેલાજ મુખ્ય દરવાજે થઇને રામ-પ્રસાદના બગલાની અદર આવી રસાયણશાળાવાળા ઓરડાની એક બાજુમા ગુપ્તપણે સતાઇ રહ્યા હતો

રાજીવલોચને રસાયણશાળાના ઓરડાની અદરથી એક શીશી લઇ પોતાના ખીસ્સામાથી મૂકી અને ત્યાથી તરત પાછો વળ્યો તેને પાછો વળેલો જોઇ રસિકલાલ પણ તેની પાછળ પાછળ ગુપ્તપણે જવા લાગ્યો

રામપ્રસાદની વાડીમા થઇને રાજીવલોચન બહાર નિકળી જે બાજુએ જવા લાગ્યો તે બાજુએ રસિકલાલ પણ થોડુ થોડુ અતર રાખી તેની પાછળ પાછળ જવા લાગ્યો રાજીવે અત્યાર સુધી એક પણ વખત પાછુ વાળી જોયુ નહોતુ તે નિડરપણે આગળ ચાલ્યાજ કરતો હતો ”

## પ્રકરણ ૧૫ મુ.

### રાજીવલોચન યોગેન્દ્રને ત્યા

લગભગ એક કલાક સુધી આમ તેમ ફરી ફરીને રાજીવ લોચન એક નાના મકાન આગળ આવ્યો, અને તેની અદર પેઠો ઘરની અદરના એક નાના ઓરડામા પેસી તેણે પહે-રેલા કપડા બદલી નાખ્યા, અને પાસે પડેલી એક ખુરસી

ઉપર બેસી એક નાના બારણા તરફ નજર કરી બૂમ મારી એટલે સામે ત્યા આગળથી કોઇએ શબ્દ કર્યો રાજીવ વિચારમા પડયો તેણે ઉભા થઇને અ દરની બાજુએથી એક બ દૂક પોતાના હાથમા લીધી અને તે જ નાના દ્વારનું લક્ષ્ય સાધીને ફોડી

બ દુકનો અવાજ કરી તે કેટલીક વખત સુધી શૂન્યમુન બની બેસી રહ્યો, પર તુ કોઇ પણ માણુસ જોવામા આવ્યુ નહિ રાત્રીના બારેક વાગ્યાના સુમારે રાજીવલોચન ઉભો થયો, અને તે નાના બ રણામા થઇને યોગેન્દ્રનાથના રહેવાના ઘર આગળ આવ્યો યોગેન્દ્રનાથ આ વખતે કાઈ કામમા રોકાયેલો હોવાથી રાજીવલોચનને મળી શકયો નહિ

રાજીવલોચને તેને બે'ચાર વાર બૂમ મારી બોલાવ્યો ત્યારે છેવટે એક દાસી આવી રાજીવલોચનની પાસે ઉભી રહી રાજીવે તેને પૂછયુ–"યોગેન્દ્ર કયા છે ? તુ કાઈ યોગેન્દ્ર છે કે મારી પાસે આવી છે ? મારે તો યોગેન્દ્રને મળવુ છે"

દાસીએ રાજીવલોચનને હાસ્ય કરતા કહ્યુ –' તમે હજાર રૂપીયા આપો તોપણ હુ યોગેન્દ્રનાથ બનું નહિ હું છુ તે જ ઠીક છુ "

" તે વાત પછી, પર તુ યોગેન્દ્ર કયા છે તે પહેલા જણાવ ? મારે તેને બહુજ જરૂરી કામ માટે મળવુ છે "

" એમ ઉતાવળ કરશો તે બનશે નહિ "

" કેમ ? અ દર બીજુ કોઇ માણુસ છે ? "

" હા "

" ત્યારે તે મને હમણા મળી શકશે નહિ ? "

" ના, મળશે તો ખરા "

" શુ તે માણસ અહિયા થઈને જશે ? "

" ના ! બીજો રસ્તો છે, આ રસ્તે જાય તો તેને કોઇ હિસાબમાએ ગણે નહિ "

" એવુ કોણુ આવ્યુ છે ? "

" તે તો હુ જાણુતી નથી "

" મારે તે માણુસને એક વખત જોવો જોઈએ "

" નહિ, તે જોવાશે નહિ ! "

" તને તેનો બદલો મળશે '

' જો એ વાત યોગેન્દ્રનાથના જાણુવામા આવે તો મને મારીજ નાખે "

" તે જાણુવા પામશે નહિ જો મને લાગે છે કે એ માણુસ પેલે રસ્તે થઇને જતુ જણાય છે ! મને એક વખત તો બતાવ ? તુ છ વર્ષ સુધી મહેનત કરી મેળવશે નહિ એટલા પૈસા હુ તને હમણાજ આપુ છુ

' પૈસા તો મને બહુ વ્હાલા લાગે છે, પરતુ વિશ્વાસઘાતનું કામ કરી એક પૈસો પણ હુ મેળવવા ચહાતી નથી "

" તુ એક વિચિત્ર અને ભયાનક સ્ત્રી લાગે છે જો માનશે નહિ તો હમણાજ તારૂ ગળુ દબાવીને મારી નાખીશ "

" મારતો ખરો, પછી શુ થાય છે તે જણાશે '

" શુ જણાશે ? "

" કેમ ખબર નથી ? તે દિવસની પેલી ખોટી નોટોની

વાત ભૂલી ગયો કે ? અને તે દિવસની પેલી ભયાનક વાત જો હું હમણા તે ઉઘાડી પાડુ તો તારી કેવી ગતિ થાય તે તુ સમજે છે ? ”

રાજીવલોચને કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ એટલામા યોગેન્દ્રનાથ ત્યા આગળ આવી ઉભો રહ્યો દાસી યોગેન્દ્રનાથને જોઇને રાજીવને કહેવા લાગી–“ આ યોગેન્દ્રનાથ આવ્યા ! તમારે કામ હોય તે તેમને હવે કહો

આટલુ બોલી તે દાસી ત્યાથી ચાલી ગઈ યોગેન્દ્રનાથ અને રાજીવ બન્ને તે જ ઓરડાની અદર બેઠા કેટલીકવાર શાન્તપણે બેઠા પછી રાજીવલોચને કહ્યુ–“ તમારી સાથે જે માણસ વાત કરવા આવેલુ હતુ, તે ચાલ્યુ ગયુ ? ’

“ હા ! ”

“ આટલી મોડી રાત્રે કેમ આવ્યુ હતુ ?

“ જેને કામ હોય તે ગમે તે વખતે આવે ’

“ મારી સાથે શુ વાત કરવી હતી તે યાદ છે ? ’

“ એટલા માટેજ હુ આ વખતે તમારી પાસે આવેલો છુ વારૂ ! તમને કહેલુ હતુ તે તમે લાવ્યા છો ? ’

“ હા ! લાવ્યો છુ, પરતુ તમારી પાસે કોણ આવેલુ હતુ ? ”

“ તેનું તમારે શુ કામ છે ? ’

“ કેમ ? ”

“ વિચાર કરો, કે તમારા જવા પછીથી વખતે કોઇ પણ અમારી તમારી વચ્ચે શુ વાત થઈ તે વિષે મને પૂછે,

તો તે મારે તેને જણાવવી ? કોઇની વાત કોઇને કહેવી એ ઠીક કહેવાય ખરૂ કે ? ”

“ હુ તો તમને પૈસા આપુ છુ અને આપીશ ! ”

“ પૈસાનો લોભ સહુને હોય છે, અને મને પણ છે પરતુ એ વાત સાભળવાથી તમને કાંઈ પણ લાભ થાય તેવુ નથી આવેલા માણસનું નામ શ્યામસુદર છે તમારી સાથે એને કાઇ પણ વાતચીત થયેલી હોય એવુ મારા તો સમજવામા નથી. ”

“ હા ! તમારૂ કહેવુ ખરૂ છે ”

“ ત્યારે હુ કાંઈ તમને ખોટુ કહેતો હતો ? ”

રાજીવલોચન આગળ કાંઈ પણ બોલ્યો નહિ તેણે પોતાના ખીસ્સામાથી પેલી શીશી બહાર કાઢી યોગેન્દ્રને આપી યોગેન્દ્ર પોતાના હાથમા તે શીશી લેતો બોલ્યો– “ રાજીવલોચન ! આજે તમે મ્હારૂ જે કામ કરેલુ છે તે બદલ જીવન પર્યંત હુ તમારો આભારી રહીશ ”

રાજીવલોચન કાઇ પણ જવાબ નહિ આપતા ત્યાથી ઉઠી બહાર નિકળ્યો રસ્તામા ચાલતા ચાલતા તે પોતાની મેળેજ બોલવા લાગ્યો–“ યોગેન્દ્રનાથે મને ખોટુ કહીને ઠગ્યો તો નહિ હોય ? વારૂ ! પણ એ શ્યામસુદર કોણ હશે ? મને તો લાગે છે કે વખતે રસિકલાલ પોલીસ ઇન્સ્પેકટર તો નહિ હોય ? હશે ! ગમે તે હોય, તે રસિકલાલ હશે તોપણ મને શુ કરી શકનાર છે ? ”

## પ્રકરણ ૧૬ મુ.

### ખોદે તે પડે

જે દિવસે છુપા વેષે દાક્તરને ત્યા રહેલી શારદાદેવી છાનીમાની પોતાને ઘેર ચાલી ગઇ, તેને બીજે દિવસે સ્નેહ-લતાએ એક વિચિત્ર રચના રચી તેણે વિચાર કર્યો કે રસિકલાલે મોકલેલી બાતમીદાર શારદાદેવી જે અમારે ત્યા દાસી તરીકે રહી હતી તે અમને ઠગીને હવે જીવતી રહે એ ઠીક નહિ ગમે તે ઉપાયે તેને હવે ઠેકાણે તો કરવી જોઇએ આ પ્રમાણે વિચાર કરી સ્નેહલતા પોતાના પિતા દાક્તર દિન નાથ જાણે નહિ તેવી રીતે પોતાના રૂમથી બહાર નિકળી અને અનેક ઠેકાણે ફરતી ફરતી એકાદ કલાકે એક ન્હાના મકાનમા આવી પહોચી

જે ઘરની અદર સ્નેહલતાએ પ્રવેશ કર્યો તે ઘરમા તેની એક બહેનપણી રહેતી હતી સ્નેહલતા વખતો વખત તેને ત્યા મળવા માટે આવતી હતી સ્નેહલતાએ ઘરમા પ્રવેશ કરી પોતાની બ્હેનપણીની મુલાકાત લીધી અને અંદરના બેઠકખાનામા જઈ બેઠી

પાચેક મિનિટ થઈ નહિ હોય એટલામા પોતાનું આખું શરીર વસ્ત્રથી ઢાકી એક સ્ત્રી ત્યા આગળ આવીને ઉભી રહી. સ્નેહલતાએ તેને જોતાજ કહ્યુ –" શુ આપજ મને ખબર આપવા આવ્યા છો ? તમને મારો પત્ર મળ્યો છે ? '

" હા ! આપની દાસી મને એક પત્ર આપવા માટે આવી હતી '

" આપે આપનું સઘળુ અ ગ શા માટે ઢાકી દીધુ છે ?"

" હમેશા જે માણુસ ચેતતુ રહે છે, તેને કોઈ પણ દિવસે દુ ખ આવતુ નથી "

" તો પછી આપજ તે માણુસ છો, એમ કેવી રીતે સમજી શકાય ? '

" જો વિશ્વાસ ના આવતો હોય તો આ મ્હારા હાથે વીટી પેહેરેલી છે તે જુઓ, એટલે વિશ્વાસ આવશે "

સ્નેહલતાએ આવેલી બાઈના હાથમાથી વીટી જોઇ તો પણ તેના મનમા વિશ્વાસ આવ્યો નહિ, તેથી તે ફરીથી બોલી-" આપની પાસેની અ ગુઠી જોયા પછી મારે અવિશ્વાસ લાવવો એ મને ઠીક લાગતુ નથી, છતા પોતાની ખાત્રી અને સલામતીને માટે સર્વદા સાવધાન રહેવાની ચેષ્ટા કરવી એ ઉત્તમ છે, અને તેટલા માટેજ મારે તમને કહેવુ પડે છે કે તમે એક વખત તમારા શરીર ઉપરનું વસ્ત્ર ઉઘાડી મને તમારૂ મુખ બતાવો એમ કરવાથી મારા મનનો સ દેહ દૂર થશે "

" આપના મનમા જેવી રીતના વિચારો છે, તેવીજ રીતના વિચારો મારા મનમા પણ છે, માટે તમેજ જણાવો કે હું કેવી રીતે મારા શરીર ઉપરનો બુરખો દૂર કરૂ ? એ વાત જવા દો તે રાત્રે નાસી ગયા પછી શુ કર્યું હતું ? "

સ્નેહલતા પ્રશ્ન સાંભળતાની સાથેજ ચમકી ઉઠી અને તેણે પૂછયુ–" કયી ? અને કયી જગો પરથી નાસી જતા ? "

" ચાલો જગા પણ જવા દો આપ મને પૂછો છો કે હુ તે માણુસ છુ કે નહિ ? તો હુ આપને પેલી શીશી બતાવુ પછી તો ખાત્રી થશે કે નહિ ? આપે મને મારા શરીર ઉપરનો બુરખો કાઢી નાખવા કહ્યુ, પરંતુ તેમ નહિ કરતા હુ તમને એવી ખાત્રી આપુ તો પછી મારે બુરખો કાટી નાખવાની જરૂર પડશે નહિ, અને આપને સદેહ પણ રહેશે નહિ '

" તે કેવી રીતે ? "

' એ રીતે નહિ, તો પહેરાવાળાએ તમને એ બગલાની અદર પ્રવેશ કરતા અને બહાર નિકળતા જોયા હતા ? "

' પહેરાવાળાએ ! "

" કેવળ એકલા પહેરાવાળાએજ નહિ, કિન્તુ એક છુપી પોલિસના માણુસે પણ તમને જોયા હતા '

" તે કયા હતો ? "

એ બગલાની અદર "

' ઠીક તે જ વખતે ? '

' હા ' આપ નો જાણો છો કે એ બગીચાની અદરજ બધાને પ્રવેશ કરવાનો અધિકાર છે '

" હા ! તે હુ જાણુ છુ "

" તેથીજ તે વખતે તમને તે જોવા પામ્યો હતો

' ઠીક પણ તે માણુસ કોણ હતો ? અને તે છુપી પોલિસ

સનોજ માણસ હતો એ વાત તમે કેવી રીતે જાણવા પામ્યા? તમે પણ શુ તે દિવસે ત્યા હતા? તમે તે માણસના ખાસ માણસ છો?"

'હુ ગમે તે છુ અગર હોઈશ તે વાત તમારે જાણવાની શુ જરૂર છે? મને જે કામે તમે બોલાવી છે તે સબધમા તમારે જે કાઇ પૂછવુ હોય તે પૂછો મારાથી અહિયા વધારે વખત રોકાઇ શકાય તેમ નથી"

"તમે શા માટે આવ્યા છો?"

"આપે મોકલેલા પત્રમા સકેત કરેલો હતો કે, જે માણસ જીતેન્દ્રનાથને ઓળખાતુ હોય, તેણે આ સ્થળે આવીને યોગ્ય ખબર આપવાથી વધુ હકીકત જણાવવામા આવશે હુ તેના સબધી બહુ હકીકત જાણુ છુ'

"શુ જાણો છો?'

'ખરી વાત તો એ છે કે તેનુ ખરૂ નામ જીતેન્દ્રનાથ નહિ પરતુ નવિનપ્રસાદ છે તેની પુત્રીનુ નામ સુરેશકુમારી છે એ નવિનપ્રસાદને રામપ્રસાદ પ્રૉફેસરની સાથે બહુજ સારી મિત્રતા હતી એ નવિનપ્રસાદેજ રામપ્રસાદને અનેક પ્રકારના વિષો તૈયાર કરવાની ક્રિયાઓ બતાવી હતી'

'તમારા જાણવામા છે કે તે મરી ગયો છે?"

'કેમ નહિ! એ નવિનપ્રસાદ મરી ગયો ના હોય તો સુરેશકુમારી કેવી રીતે રામપ્રસાદને ત્યા જઈને રહે?'

"ના! તે હુ જાણુતી નથી, પણ તે સિવાય એના સબધમા અનેક આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ કેવી રીતે બને?"

" ના ! સુરેશમારીનો બાપ તો ઘણા દિવસથી મરી ગયેલો છે "

" એવું કાંઈ જાણવા યોગ્ય પ્રમાણ આપી શકો તેમ છો?"

" હા ! તે આ દેશની અંદર મરી ગયો નથી, પરંતુ પશ્ચિમના પ્રદેશમા મરી ગયો છે તેણે અહિથી ત્યા જતા પહેલાજ પોતાની પુત્રી સુરેશકુમારીને રામપ્રસાદને ત્યા મોકલી આપી હતી "

" પરંતુ રામપ્રસાદના વિલની અંદર તો સુરેશકુમારીનુ નામ સુદ્ધાએ નથી "

" એ વાત હુ જાણુતી નથી, પણ રામપ્રસાદનો ઓરમાન ભાઇ છે તેની સાથે સુરેશકુમારીનું લગ્ન–'

" મને આશા છે કે સુરેશકુમારી તે સઘળુ જાણતી હશે "

" ભલે તે આશા રાખતી હોય, પરંતુ તેની આશા કેટલે દરજ્જે ફળીભૂત થશે તે કહી શકાય નહિ "

" એતો ઠીક, પરંતુ તેનો બાપ મરી ગયો છે તેના સંબંધમા કાંઈ માનવા યોગ્ય પ્રમાણ છે ? "

" હા છે, જો તે જાણવામા ના હોય તો પછી તમારી પાસે આવવાનું કારણ શુ ? "

" ત્યારે તે પ્રમાણ આપો. "

" તેના બદલામા મળવાનું ઇનામ ? "

" પ્રમાણ મળશે એટલે તરતજ તમને તેનું ઇનામ મળશે. "

" એવું કામ કરવાને હુ રાજી નથી. જો પ્રમાણુ તમા જોઈતુ હોય તો મને તમારે હાથે જે વીંટી છે તે તમારે હમણાજ આપવી પડશે, અને ત્યાર પછી કાલે તમને પ્રમાણુ લાવી આપવામા આવશે પછી જે કાઇ ઇનામ તમારે આપવું હોય તે મને આપજો "

" એ સબધમા મને તમારો વિશ્વાસ કેવી રીતે આવે?"

" ના આવે તો પછી પ્રમાણુ પણુ કેવી રીતે લાવી આપશે ?"

" એમ કેમ ? તમે પ્રમાણુ લાવી આપશો એટલે તરતજ તમને ઇનામ આપવામા આવશે "

" હુ જે પ્રમાણે કહુ છુ તે પ્રમાણે થશે તોજ કામ થશે '

" તો પછી હુ જે પ્રમાણે કહુ છુ તે પ્રમાણે કામ કરવા રાજી નથી ? '

" ના ! હુ તે પ્રમાણે કામ કરવા રાજી નથી લ્યો હવે હુ જાઉ છુ "

આખરે સ્નેહલતાએ પોતાના હાથની આગળી ઉપરથી વીટી કાઢી આવેલી બાઇના હાથમા આપા, અને કહ્યુ-" આ વીટી લ્યો, અને તે જ પ્રમાણે જેમ બને તેમ જલદીથી ખબર આપો તમારૂ કાર્ય પુરૂ થતાજ તમને સારૂ ઇનામ આપવામા આવશે "

આવેલી બાઇ અંગુઠી લઇ સ્નેહલતાની પાસેથી ચાલી ગઇ સહસા તેના મુખ ઉપર ઢાકેલુ કપડુ ખસી ગયુ ને સ્નેહલતાએ એટલીવારમા તેનું મુખ જોઇ લીધુ. મુખ જોતાની

સાથેજ સ્નેહલતાનો જીવ ઉડી ગયો તેણે પોતે પહેરેલા કપડામા એક છરો છુપાવી રાખેલો હતો તે બહાર કહાડયો, અને આવેલી સ્ત્રીને પકડી પાડી છરો ઉચો કરી ક્રોધપૂર્ણ સ્વરે કહેવા લાગી–" મારી ધારણા પણ એજ હતી કે તુ બીજી કોઇ નહિ પરંતુ શારદાદેવી છે હુ જાણુ છુ કે તુ રસિકલાલનો જમણો હાથ છે, પર તુ આ વખતે વાત કરતા શારદાદેવીએ સ્નેહલતાના બન્ને હાથ એવા સજ્જડ રીતે પકડી લીધા કે, સ્નેહલતાએ અતિશય પ્રયત્ન કરવા છતા તે છુટા થયા નહિ આખરે શારદાદેવીએ સ્નેહલતાને એવો તો જોરથી ધક્કો માર્યો કે તે ઘરની અદર ચતીપાટ પડી શારદાદેવીએ તે સમયનો લાભ લઇ ઘરના બારણા બધ કરી દઇ બહારથી સાકળ મારી પોતે ત્યાથી ઉતાવળે પગે ચાલી ગઈ

## પ્રકરણ ૧૭ મુ.

### એતો એજ

બીજે દિવસે સાજનો રસિકલાલ પોલિસ કચેરીમાથી બહાર નીકળી અર્ધા કલાકની અદર શારદાદેવીને ઘેર આવ્યો તેને આવતો જોઇ શારદાદેવીએ કહ્યુ –" રસિક ! તારા આ વખતના કામે તો મને બહુજ હેરાન કરી મૂકી છે ભાઈ! તને બહુએ કામોમા મે મદદ કરી પણ આ વખતે તો જે કષ્ટ મારે સહન કરવુ પડયુ છે તેવુ કષ્ટ કયારેય પણ સહન કરવુ પડયુ નહોતુ !

" કેમ શુ થયુ' છે ? "

" મને એમ લાગે છે કે, જે ઠેકાણે રામપ્રસાદને મરેલો પડેલો તમે જોયો છે, તે ઠેકાણે તેનુ મૃત્યુ થયેલુ નથી "

" કેમ ? તમે તે કેવી રીતે જાણ્યુ ? "

" એ મે રામપ્રસાદના બ ગલાની અ દર તપાસ કરવાથી જાણ્યુ છે લગભગ એક કલાક સુધી મે એ મકાનની અ દર પુરતી રીતે તપાસ કરી છે સીડી ઉપર ચઢવાની દિવાલ ઉપર લોહીના ડાઘ પડેલા છે તે ડાઘ ત્યા કેવી રીતે પડ્યા તેનો વિચાર કરતા એમ નિશ્ચય થાય છે કે, બીજે કોઈ પણ ઠેકાણે ખૂન કરીને તેને તેના સુવાના ઘરમા લાવવામા આવેલો છે "

" ત્યા આગળ ડાઘ કેવા ? '

" મે' તે બરાબર રીતે જોયા છે સીડી ઉપર જે કારપેટ પાથરેલી છે, તેના ઉપર પણ તેવા ઘણા ડાઘ પડેલા દેખાય છે '

" પર તુ ઘરની અ દર તો તેવા કાઈ પણ ડાઘ જણાતા નથી ? '

" ના ! તમે એક વખત મારી સાથે ત્યા ચાલો, એટલે બીજી પણ એક ચીજ જોવા જેવી છે તે બતાવીશ. "

" શુ બતાવવા માગો છો ? દિવાલ ઉપર જે ચિન્હ પડેલુ છે તે ? "

" ના ! તે નહિ એ ડાઘ તો મે જોયો છે, પર તુ હુ તમને જે એક જણસ બતાવીશ તે તમે અદ્યાપિ પર્યંત

જોઈ નથી તેવી છે ”

રસિકલાલ તેના કહેવા પ્રમાણે ત્યા જવાને માટે તૈયાર થયો કાઈ પણ વિલબ નહિ કરતા થોડી વારમા બન્ને જણ રામપ્રસાદના બગલા આગળ આવી પહોચ્યા રસિકલાલ બગલાની અદર પેસવાની ખડકી બધ કરી અદરની બાજુએ ચાલ્યો શારદાદેવી પણ તેની સાથે સાથે ચાલી બગીચાના દરવાજા પર પહેરા ભરનાર પહેરેગીરે તેઓને જોયા નહિ

શારદાદેવી રસિકલાલને રામપ્રસાદના રસાયણશાળાવાળા ઓરડાની અદર લઈ ગઈ રસિકલાલે લેમ્પ સળગાવવા માડયો શારદાદેવીએ તેને તેમ કરતા અટકાવ્યો અને કહ્યુ–“ જુઓ ! મને લાગે છે કે અહિયા બીજા પણ બે ચાર માણસો આવતા હોવા જોઈએ જો તેઓ અહિયા આવતા હોય અને તેમના જોવામા કદાચ દીવો આવે તો તેમને સદેહ ઉત્પન્ન થાય, એટલુ જ નહિ પણ તેઓ અહિ આવતા અટકી જાય અને તે આપણને નકામી હરકત કરે એ લોકો બહુજ ભયાનક છે તમારી પાસે ગુપ્ત ફાનસ છે, ને સળગાવવુ હોય તો સળગાવવાને હરકત નથી ’

રસિકલાલે રસાયણવાળો લેમ્પ નહિ સળગાવતા પોતાની પાસેનુ ગુપ્ત ફાનસ સળગાવ્યુ તરતજ તેઓ બન્ને જણા ફરીથી રામપ્રસાદના શયનગૃહની અદર આવ્યા, અને તે ગૃહની પૂર્વ તરફની દિવાલના ચિન્હો બારીકાઈથી તપાસવા લાગ્યા. વાચક ! આગળના પ્રકરણમા અમે જણાવી

જયા છીએ તે પ્રમાણે પૂર્વ તરફની દીવાલ ઉપરનો લોહીનો ડાઘ તદ્દન ભુસાઇ ગયેલો પહેલા જણાયો હતો, અને તેના બદલે બીજા ચિન્હો જોવામા આવ્યા હતા રસિકલાલે તે ચિન્હ પોતાની સાથે આવેલી શારદાદેવીને બતાવ્યા તે જોઇ શારદાદેવી રસિકલાલને પોતાની સાથે લેઇ સીડી ઉપર આવી, અને તેના ઉપર પાથરવામા આવેલી કારપેટ ઉપર પડેલા લોહીના ડાઘ બતાવ્યા ”

આ ઠાઘ પહેલા રસિકલાલના જોવામા અ વ્યા નહોતા ડાઘ જોઈ તેણે શારદાદેવી સ્હામુ જોયુ ને તેની પ્રશ સા કરી પડેલા ડાઘનુ બહુજ બારીકાઇથી અવલોકન કરી તેણે શારદા દેવીને કહ્યુ-“ બ્હેન ! મને લાગે છે કે આ ડ ઘ લોહીના ન્હોય ગમે તેમ હો, પરતુ આ કારપેટને આપણે ઘેર લઈ જઈ તેની બરાબર તપાસ કરવી જોઇએ

“ રસિકલાલ ! ત્યારે તો તુ મારી નકામી પ્રશ સા કરે છે ”

“ શા માટે તમારી પ્રશ સા ના કરૂ ? તમે જેવા તેવા માણુસ નથી પણુ પાકા છૂપા બાતમીદાર છો ”

“ આ કામ હુ કેવી રીતે શીખી તે સાભળ તારા બનેવી એક બહુજ ભયાનક છુપી તપાસ કરનાર હતા તેમણે અનેક ચોર, લુંટારા, જુગારીઓ અને ખૂનીઓને પકડયા હતા પરંતુ છેવટે તેમનેજ હાથે તેઓનું મોત થયું હતું. તેમની સઘળી જીવન કહાણી મારા અ તરમા તાજીજ છે તેઓ મરતી વખતે કહેતા ગયા હતા કે જે માણુસોને હાથે

તેઓ મરાયા છે, તેમને મારે ગમે તે રીતે પકડવા ભાગ્ય-વશાત્ તેમના મૃત્યુ પછી તમે એક સારા પ્રખ્યાત ડીટેકટીવ થયા છો, મને પણ તમને સહાય કરવાનો સારો વખત મળ્યો છે, અને તેથી હુ પણ એક સારી ડીટેકટીવ થઈ પડી છુ, પણ હવે મારાથી કાર્ય થઈ શકતુ નથી ”

“ કામ નથી થતુ એમ શા માટે કહો છો ? ”

“ હવે પેલી છોકરી મોટી થઇ છે ને આ વાત તેના જાણુવામા આવે તો મારે તેને મુખ બતાવવુ ભારે થઇ પડે, માટે હવે એ વાતને જવા દો ચાલો હુ તમને એક આશ્ચર્ય પમાડે તેવી ચીજ બતાવુ ’

રસિકલાલને સાથે લઇ શારદાદેવી પાછી રસાયણુશાળા વાળા ઓરડાની અદર આવી અને બોલી–“ રસિક ! આ ઘરમા તો પહેલા તમે બહુએ વખત આવ્યા હશો ? ”

“ હા અનેક વખત ’

“ ત્યારે પેલી ચોપડી લાવો ”

રસિકલાલે શારદાદેવીએ બતાવ્યુ તે પુસ્તક આલમારી ઉપરથી આણ્યુ, અને તેને ટેબલ ઉપર મૂકયુ. તરતજ શાર-દાદેવી રસિકલાલને લઇ તે આલમારી પાસે ગઈ અને જે ઠેકાણેથી તે પુસ્તક ઉપાડવામા આવેલુ હતુ તે તરફ નજર કરીને બોલી –

“ રસિકલાલ ! તમે તો ઉપરથી પુસ્તક ઉપાડયુ છે, પરંતુ આલમારીને તો અડકયા નથી ખરૂ ને ? ”

“ ના ! હુ અડકયો નથી ત્યારે આ ધૂળ ઉપર હાથનો

ડાઘ કેવી રીતે પડયો ? કેટલી સાવધાનીથી પુસ્તક લીધું છે છતા ડાઘ પડયો છે ખરો ”

“ જો ધૂળ ઉપર તમે હાથ મૂકયો નથી, તો પછી એ ડાઘ તમારા હાથનો હોય નહિ ”

“ ખરેખર તે મારા હાથનો નથી

‘ ત્યારે બીજા કોણે અહિયા આવીને હાથ મૂકયો હશે ? ”

“ જરૂર એ ડાઘ રામપ્રસાદના હાથનોજ હશે ”

“ બરાબર લક્ષ્યપૂર્વક તપાસો જોઇએ આટલો ન્હાનો હાથ રામપ્રસાદનો હોય ખરો કે ? ”

“ કદાપિ નહિ હુ પરમ દિવસે આ મકાનની અદર આવી ત્યારે મારા જોવામા એ ડાઘ આવ્યો હતો પ્રથમ તો મે રામપ્રસાદના હાથનો ડાઘ હશે એમ અનુમાન કરેલુ હતુ પરતુ જ્યારે મેં પડેલા ડાઘનું માપ અને રામપ્રસાદના ડાઘવાળા હાથનુ માપ સરખાવી જોયુ, ત્યારે આ પડેલા ડાઘવાળો હાથ મને બહુજ નાનો લાગ્યો મને લાગે છે કે આ ચોપડી વાચવા માટે અહિયા કોઈ પણ માણસ આવે છે ચોપડી ઉપાડતા તેણે આ ઠેકાણે હાથ રાખેલો છે અને તે જ હાથનો તે ડાઘ પડેલો છે કેમ ખરૂંને ? તમારો શો મત છે ? ”

“ તમારૂ કહેવું સાચું છે આજે હુ તમારી પાસે મારી હાર કબુલ કરૂં છુ ”

“ વારૂ ! આ ચોપડીનું એક પાનુ ઉઘાડો. ”

" ખરૂ કહો છો ? "

શારદાદેવીએ તરતજ પુસ્તક ઉઘાડી અર્પ્યુ અને એક પાનું બતાવતા કહ્યુ –" જુઓ, આ પાના ઉપર એક ધૂળનો ડાઘ પડેલો છે આથી મારા મનમા એમ નિશ્ચય થાય છે કે, જે માણુસના હાથનો ડાઘ આ આલમારી ઉપર પડેલો છે તે માણુસેજ આ ચોપડીમાથી એક પાનું ફાડી લીધુ છે.'

" જ્યારે તમે આટલે સુધી નક્કી કર્યું છે, ત્યારે આ કામ કોણે કર્યું છે, એ પણ નક્કી કર્યું હશેજ ? "

" ના ! તે જાણુવામા આવ્યું નથી, પરતુ એટલુ તો કહી શકીશ કે, એ કોઈ પણ સ્રીના હાથનો ડાઘ છે "

" એ સ્રી કોણુ હશે ? તમારો વહેમ કોના ઉપર જાય છે?"

" વારૂ ! સુરેશકુમારી અહિંયા આવે છે તે તમે જાણો છો ? "

" હા ! આવે છે. આ મકાનની અદર અમે બે ત્રણ વાર ભેગા થયેલા છીયે. "

" ત્યારે જરૂર સુરેશકુમારી આ ચોપડીના સબધમા વધારે જાણુતી હશે. જ્યારે તે રસાયણશાળા ઉઘાડવાનો સકેત જાણે છે, ત્યારે ચોપડીની વાત પણ જાણુતી હોવી જોઇએ "

" વખતે જાણુતી હશે "

" અવશ્ય જાણુતી હોવી જાઇએ, કેમકે તે દિવસે હુ તેને ઘેર ગઈ હતી ત્યારે તેવુ કાઈક મને લાગ્યુ હતુ. "

" તમે સુરેશકુમારીને મળ્યા હતા ? "

" ના ! તેની સાથે મુલાકાત થઈ નહોતી, પરતુ હુ

નિશ્ચયપૂર્વક જણાવુ છુ કે, તેજ આ ચોપડીનુ પાનું લઇ ગયેલી છે ”

સહસા રસિકલાલ ચમકયો અને બહુજ ધીમેથી શારદાદેવીને કહેવા લાગ્યો –“ બ્હેન ! આ ઘરની અદર અત્યારે બીજા માણુસો આવેલા હોય એમ જણાય છે, માટે ચાલો આપણે બત્તી બુઝાવી દઇ એક સ્થળે ગુપચુપ છુપાઇ જઇએ ”

લગભગ દશેક મિનિટ પર્યંત કાંઈ પણ શબ્દ સાભળવામા આવ્યો નહિ પુન ક્રમે ક્રમે નવીન આવનાર માણુસોનો પગરવ સભળાવા લાગ્યો. તરતજ કોઇ માણુસે તે ઓરડાની અદર પ્રવેશ કર્યો, અને ત્યાનો દીવો પ્રજ્વલિત કર્યો એ દીવાના પ્રકાશમા શારદાએ અને રસિકલાલે એક યુવતિને જોઇ શારદાદેવી તેને જોતાજ બોલી ઉઠી–“ એજ એજ ! સુરેશકુમારીજ આ સઘળા અનર્થનું મૂળ છે ”

રસિકલાલે સુરેશકુમારીને જોઇ હતી સુરેશકુમારી તેમને જોતાજ ભયભીત બની ગઈ, અને બૂમ મારી એક બાજુએ હઠી ગઇ જો રસિકલાલે તેને પકડી ના હોત તો તે પૃથ્વી પર પડી ગયા સિવાય રહેત નહિ

## પ્રકરણ ૧૮ મુ.

### આ કોણ ?

કેટલીક વારે ભાન આવતા સુરેશકુમારી સ્વસ્થ બની તે શારદાદેવીને જોઇને પૂછવા લાગી–“ તમે અહિંયા છો ?

સત્યાનાશ ! શું આપ મને ખાસ પકડાવવાને માટેજ આટલી મોડી રાત્રે અહિયા આવ્યા છો ? આપ સ્ત્રી થઇને સ્ત્રીના વિરૂદ્ધનીજ ખટપટ ખેલો છો ? ”

રસિકલાલે સુરેશકુમારીનો હાથ પોતાના હાથમા પકડી રાખ્યો હતો શારદાદેવી તેના સ્હામે એકી દૃષ્ટે જોઈ રહેલી હતી રસિકલાલે સુરેશકુમારીને કાઈક સ્વસ્થ થયેલી જોતા તેનો હાથ છોડી દીધો સુરેશકુમારી પણ શારદાદેવીની સ્હામે એકી દૃષ્ટે જોઈ રહેલી હતી. તેણે ક્રોધવ્યંજક સ્વરે રસિકલાલને પૂછ્યુ –“ રસિકલાલભાઈ ! આ સ્ત્રી કોણ છે ? ’

“ એ મ્હારી બ્હેન છે એમણે મારા અનેક કાર્યોમા મદદ કરી છે ’

શારદાદેવીએ કર્કશ સ્વરે સુરેશકુમારીને કહ્યુ–‘ સુરેશ ! મારૂ નામ શારદાદેવી છે, અમે તને પકડવાને માટેજ અહિયા આવ્યા હતા, પરતુ તને અહિયા જોવાથી અમને લાગે છે કે તુ આજ પહેલા બહુ વખત અહિયા આવી છે અને આ ચોપડીમાથી એક પાનું ફાડી લઈ ગઈ છે ”

“ કોણ હુ ? ”

“ હા ! તુજ આલમારી ઉપર પડેલી ધૂળની અદર તારા હાથનો ડાઘ પડેલો છે ”

“ મારા હાથનો ડાઘ પડેલો છે ? આપ શુ કહો છો ? હુંજ એ ચોપડીનું પાનુ ફાડીને લઈ ગઈ છુ ? ”

“ હા ! હવે તારે સઘળી વાત કબુલ કરવીજ પડશે તારી ખાત્રી થઈ હશે કે હુ તારી સઘળી ચતુરાઇ જાણી

ચુકી છું, માટે કાંઈ પણ વાત છુપાવીશ નહિ. "

સુરેશકુમારીએ કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ. તે રસિકલાલની પાસે જઇને ઉભી રહી, અને નિરાશા ભરેલા નેત્રે તેના મુખ સ્હામુ જોતી કહેવા લાગી–" રસિકલાલભાઇ ! આ શુ કહેવાય ? શુ આપે આ બ્હેનને મારૂ અપમાન કરવાનું શીખવીનેજ આણેલા છે ? એ તો મનેજ દોષિત માને છે આપ પણ હજી શુ એમજ માનો છો ? "

રસિકલાલ કાઇ પણ ઉત્તર આપે તે પહેલા શારદા દેવીએ કહ્યુ–" તુ શુ એમ કહેવા માગે છે કે તે આ ચોપડીની અંદરથી પાનું ફાડી લીધુ નથી ? એ પાનુ તારી પાસેજ છે "

સુરેશકુમારીએ ક્રોધે ભરાઇ ઉત્તર આપ્યો–" ત્યારે શુ તમેજ તે દિવસે મારા ઘર આગળ ગયા હતા ? હુ તે વખતે ઘેર આગળ નહોતી, પરંતુ જ્યારે હુ પાછી આવી ત્યારે મારી દાસીએ જણાવ્યુ હતુ કે એક વૃદ્ધ બાઈ તમને મળવા માટે આવ્યા હતા "

" હા તમારી દાસી પણ મને જોવા પામી નહોતી "

" જો જોવામા આવ્યા હોત તો અત્યાર સુધી જીવતા હોત ખરા કે ! " શારદાદેવીએ હાસ્ય કરતા જવાબ આપ્યો

" શુ કહે છે ? તારી દાસી એવી ભયાનક માણસ છે ? "

રસિકલાલે તે વખતે સુરેશકુમારાને જણાવ્યુ–" સુરેશ ! હુ તો જો કે તારા ઉપર કોઇ પણ પ્રકારનો વહેમ લાવતો નથી, પરતુ આ મ્હારા બ્હેન જે કાંઈ કહે છે તે તે

સાભળ્યુ છેને ? તો પછી જે કાંઇ હકીકત હોય તે ખુલ્લે ખુલ્લી કહી દે આજે તુ અહિયા શા માટે આવી છે ? પેલી શીશીને માટે કે બીજા માટે ? "

" ના ! એની તો આપને જરૂર છે, માટે આપજ ખોળજો હુ એ શીશીને લઇને શું કરવાની હતી ? '

" ત્યારે શા માટે આવી છે તે કહે ? '

" જો આ સ્ત્રી અહિયાથી ચાલ્યા જાય તો હુ જણાવુ હુ કોઈની પણ સમક્ષ એ સબધમા વાત કરવા ચહાતી નથી હુ નિર્દોષ હોવા છતા કોણ જાણે મને એમને જોવાથી એક પ્રકારનો ભય ઉત્પન્ન થાય છે "

તરતજ શારદાદેવી ત્યાથી બ્હાર નીકળી રસિકલાલ અને સુરેશકુમારી બન્ને એકલાજ તે ગૃહની અદર રહ્યા કેટલોક સમય વહી જતા સુરેશકુમારીએ રસિકલાલને કહ્યુ –" એ સ્ત્રી મારા ઉપર શા માટે વહેમ લાવે છે ? મે એવુ શુ અન્યાયનું કામ કરેલુ છે કે, તે મારા ઉપર એટલો બધો જુલમ વાપરે છે ? આપે શુ એમને રામપ્રસાદના ખૂનની તપાસ કરવાના કામમા રોકેલા છે ? "

" સુરેશ ! શારદા મને કેટલીકવાર ઘણી ઘણી બાબતોમા મદદ કરે છે એ સ્ત્રીજાત હોવા છતા અનેક ડાહ્યા પુરૂષો કરતા તેનામા અધિક બુદ્ધિ અને ગુણો છે "

" પરતુ આવી નિર્દય સ્ત્રી તો બીજી આ દુનિયામા ભાગ્યેજ હશે ! આલમારી ઉપર હાથના ડાઘ પડેલા હશે હુ જાણુતી નહોતી કે એ ઠેકાણે એટલી બધી ધુળ પડેલી

હશે કે જેથી ડાઘ પડશે એ ડાઘ જોવાથીજ એમને મારા ઉપર વહેમ આવ્યો છે, એમ જણાય છે ”

“ ત્યારે તો શારદાદેવીએ જે અનુમાન કરેલુ છે તે ખરૂ છે કે એ ડાઘ તમારાજ હાથના છે ’

“ અને ચોપડીની અંદર પડેલો ડાઘ ? ”

“ એ પણ મારા હાથનોજ છે ”

“ ત્યારે તેજ તે ચોપડીની અંદરથી એક પાનું ફાડી લીધુ છેને ? ”

“ હા ! પરંતુ રસિકલાલભાઇ ! હુ પરમેશ્વરના સોગંદ લઇને કહુ છુ કે મે રામપ્રસાદનું ખૂન કરેલુ નથી જો હુ અત્યારે કાંઇ પણ ઉપાય લઉં નહિ તો એમને બહુજ વિપત્તિમા આવી પડવુ પડે તેમ છે ’

“ કોને વિપત્તિમા આવી પડવુ પડે તેમ છે ? ”

“ જયંતિલાલને ”

“ શા માટે ? અને શું વિપત્તિમા આવી પડવુ પડત ? ”

“ આપ તે દિવસે રાત્રે શુ થયુ હતુ તે જાણતા નથી જો તે વખતે હુ અહિંયા ના હોત તો તે પણ જાણત ’

“ તુ આ પાનું કયારે લઈ ગઈ હતી ? ”

“રામપ્રસાદના મરી ગયા પહેલા ત્રણ દિવસ આગમજ.”

“ શા માટે ? ”

“ તેઓ બન્ને જણની વચ્ચે એક ભયાનક ઝઘડો થયો હતો. ”

" કોની કોની વચ્ચે ? "

" રામપ્રસાદ અને જયતિલાલ વચ્ચે અને તે એટલે સુધી કે તેઓ બન્ને માંહિમાંહે મારામારી ઉપર આવ્યા હતા, અને તેમા રામપ્રસાદ હાર્યા હતા "

" તે એ વાત શી રીતે જાણી હતી ? "

" હુ અહિયા બહાર છુપાઈ રહીને તે સાભળતી હતી હુ અહિયા આવેલી છુ તે એમાથી એકે જણના જાણવામા નહોતુ, પરતુ હુ તેમની તકરાર સાભળતી હતી "

" શા માટે તકરાર થઈ હતી ? "

" જયતિલાલ પૂછતા હતા કે કીયા વિષના પ્રયોગથી માણુસ સહજમા અને અલ્પ સમયમા મરી જાય ? રામપ્રસાદે તેનો કાઇ પણ ઉત્તર આપ્યો નહિ, જેથી વાત કરતા કરતા બન્નેમા તકરાર થઇ, તેમા રામપ્રસાદ હારી ગયા તે વખતે જયતિલાલે આ ચોપડી ઉપાડી, અને તેમાથીકેટલીક હકીકત વાચી પોતે અહિથી ચાલ્યા ગયા પછીથી હુ એ પાનુ ફાડી લઈ ઘેર ચાલી ગઇ ઘેર જોવાથી પછી મને માલમ પડયુ કે એજ પાનામા લખેલા પ્રયોગ પ્રમાણે કરવામા આવે તો એ પ્રકારનુ વિષ તૈયાર થાય એવુ તેમા જણાવેલુ હતુ '

' કીયો ઉપાય લખ્યો હતો ? "

" જે વિષથી માણુસ સહજમા મરી જાય તે જે વિષ આપે તે દિવસે ન્હાની ન્હાની કાચની બનાવેલી ગોળ શીશીઓની અંદર જોયું તે જ એ વિષ હતું જે શીશી આ ઘરની અંદરથી ચોરાઈ ગઇ છે એ એમાનીજ છે. "

" તે પાનું હાલ કયાં છે ? "

" કહી શકાય નહિ, પરંતુ મને યાદ છે કે હું તે પાનું મારા રહેવાને ઘેર લઈ ગઈ હતી અને એક પેટીના ખાનાની અંદર મૂકીને મેં તાળું વાસેલું હતું પણ તે પાનું હાલ તેની અંદર છે નહિ "

" કયાં ગયું ? "

" કોઈ ચોરી લઈ ગયું હશે મને ચોક્કસ ખાત્રી છે કે, આપની સાથે આવી છે તે સ્ત્રીજ લઈ ગઈ હોવી જોઈએ ' જ્યારે તે મારે ઘેર ગઈ હતી ત્યારે તેનુજ એ કામ હોવું જોઈએ '

" તો શારદાદેવીને બોલાવું ? "

" હા ! બોલાવો "

તરતજ ત્યાંથી બન્ને જણ બહાર નિકળ્યા, કિન્તુ શારદાદેવી જોવામાં આવી નહિ બહુ વખત શોધ કર્યા પછી તે અચેતન અવસ્થામાં રામપ્રસાદના સૂવાના ઓરડાની અંદરથી મળી આવી

રસિકલાલ શારદાદેવીને એ અવસ્થામાં જોઈ બહુજ આશ્ચર્ય પામ્યો તેણે તેનો અચેતન દેહ ઉચકીને એક પલંગ પર નાખ્યો સુરેશકુમારી તેનો હાથ જોતાજ બોલી ઉઠી-" પતી રહ્યું ! આના હાથમાં પણ લાલ ડાઘ છે રામપ્રસાદ જે પ્રમાણે માર્યા ગયા છે, તે જ પ્રમાણે આમની પણ દશા થયેલી છે મહાશય ! મને લાગે છે કે તે જીવતી નથી પણ મરી ગઈ છે. "

" ના ! ના ! હજી મરી ગઈ નથી હજી સહજ સહજ શ્વાસોચ્છ્વાસ ચાલે છે "

" જો એમ હોય તો જરા ધીરજ રાખો, હુ હમણાજ આવુ છુ " એ પ્રમાણે કહી સુરેશકુમારી તરતજ ત્યાથી ઉતાવળે પગલે રસાયણશાળાના ઓરડામા ગઈ અને ત્યાથી એક શીશી હાથમા લઈ પાછી આવી

સુરેશકુમારીએ તે શીશી રસિકલાલના હાથમા આપી ને કહ્યુ –" આ શીશીની અ દરની દવા એમના મુખમા નાખી દ્યો '

રસિકલાલે સુરેશકુમારીના કહેવા ઉપર વિશ્વાસ રાખી ને દવા શારદાદેવીના મુખમા રેડી દીધી થોડી વાર થઈ નહિ એટલામા શારદાદેવીને ભાન આવ્યુ તેણે પોતાની આખો ઉઘાડી અને રસિકલાલના સામુ જોયુ

રસિકલાલે તેને ભાનમા આવેલી જોઈ પૂછયુ–" કોઈ માણસ અહિ યા આવેલુ હોય એમ તમારા જોવામા આવ્યુ હતુ ? '

" મને ખબર નથી

" ત્યારે તમને કોઇએ પકડયા હતા એમ માલમ છે ? "

" હા ! "

" અહિંયા દીવાનો પ્રકાશ હતો ? "

" બહુજ પ્રકાશ જણાતો હતો એવો પ્રકાશ હતો કે જેથી સઘળુ દેખી શકાય "

" ત્યારે શુ હતુ તે તમે કેમ ના જોયુ ? "

" ઘરમા કોઈ આવ્યુ ના આવ્યું એવુ જણાયુ, એટલામા તો તેણે મને દીવાલની સાથે દબાવી દીધી "

" તે પુરૂષ હતો કે સ્ત્રી ? "

" પુરૂષે નહિ અને સ્ત્રીએ નહિ "

" ત્યારે કોણ હતુ ? "

" કોઇ રાક્ષસના જેવુ જણાતુ હતુ "

સુરેશકુમારીનું હસતુ ખાળ્યુ રહ્યુ નહિ ને બોલી– " કેવી ભયાનક વાત ! આ ઘરની અંદર ભૂત પ્રેત પણ આવતા હોય તેમ જણાય છે હવે મારાથી પણ એકલા આ ઘરમા અવાશે નહિ તેણે રસિકલાલને ( હે )ીને કહ્યુ–' નહિ નહિ ! રસિકલાલભાઈ ! એ વાત માનવામા આવતી નથી એ કહે છે કે મને પકડી લીધી, અને મારૂં ગળુ દબાવ્યુ હતુ, તો એમનું ગળુ જરા જુઓ જોઇએ ! ગળા ઉપર તે ઠેકાણે હાથની આગળીઓના અગર કોઈ પણ જાતના ડાઘ પડેલા છે કે નહિ ?."

રસિકલાલે શારદાદેવીના ગળાનો ભાગ બારીકાઈથી તપાસ્યો તેના ગળા ઉપર આગળીના ડાઘ પડેલા બરાબર દેખાતા હતા સુરેશકુમારી પાસે ઉભેલી હતી, તેણે કહ્યુ –" આ જુઓ મહાશય ! આવા ન્હાના આગળીઓના ડાઘ પુરૂષના તો હોયજ નહિ ! માટે મારી ખાત્રી છે કે કોઇ પણ સ્ત્રીએ તેમને પકડેલા હોવા જોઇએ પરંતુ આશ્ચર્યની વાત છે કે તેઓ આવા ચતુર થઈને તેને પકડી લેવાનું કેમ ભૂલી ગયા હશે ! "

## પ્રકરણ ૧૯ મું.

### નવીન દેખાવ !

રસિકલાલે એ ચિન્હો બરબર રીતે તપાસ્ય, અને શારદાદેવીની પાસેથી જરા દૂર જઈ ઉસો તરતજ સુરેશ-કુમારી તેની પાસે જઇ બેઠી, અને તેને સ્પર્શ કરીને કહેવા લાગી–" રસિકલાલભાઇ ! આ જોયુ કે ? "

" હા ! ગળાની આજુબાજુએ આગળીઓનો ડાઘ છે તે ને ? "

શારદાદેવી આ વખતે ઉઠીને બેઠી થઇ કહેવા લાગી–" કેમ ભાઇ ! સુરેશકુમારીએ સઘળુ કબુલ કર્યુંને ? "

રસિકલાલે તે વાતને ઉડાવતા જણાવ્યુ –" બ્હેન ! એ વાતને હમણા જવા દઈ જરા સ્વસ્થ થાઓ સુરેશકુમારીએ મને બધી હકીકત જણાવી છે તે શા માટે એ ચોપડીનુ પાનુ લઇ ગઈ હતી તે પણ મને જણાવ્યુ છે હવે તમારે એ બદલ એના ઉપર સ દેહ લાવવાનુ કાઇ પણ કારણ નથી '

વાત થઇ રહ્યા પછી ત્રણે જણા ત્યાથી બહાર નીકળ્યા, અને નીચે ઉતરવા લાગ્યા, એટલામા કોઇનો પગરવ સ ભ ળાયો તેઓ જલદીથી છુપાઈ જવાની તૈયારી કરતા હતા પણ દરવાજા ઉપરનો પહેરાવાળો ત્યા આગળ આવીને ઉભો રહ્યો તેણે એક વખત રસિકલાલના મુખ સ્હામે અને એક વખત તેની સાથેની સ્ત્રીઓના મુખ સ્હામે દૃષ્ટિપાત કર્યો,

અને રસિકલાલને પૂછયું'–" સાહેબ ! આપ અહિંયા કેટલા વખતથી આવ્યા છે ? "

" બહુ વખત થયો હું અહિયા આવ્યો છુ, પરંતુ તમે આ બગીચાની અંદર થઈને બહાર નીકળતા કોઇને જોયું ? '

" એટલા માટેજ હુ અહિયા આવ્યો છુ જ્યારથી રામપ્રસાદનુ ખૂન થયુ છે, ત્યારથી હુ આ બગલામા અને બગીચાની ઉપર બહુજ બારીકાઈથી તપાસ રાખુ છુ લગભગ દશેક મીનિટ પહેલા આ બગીચાની અંદરથી એક માણુસ બહાર નીકળી ગયુ હતુ "

" તે પુરૂષ હતો કે સ્ત્રી ? "

" જે વખતે તે બગીચાની અંદરથી બહાર નિકળ્યુ તે વખતે હુ તેનાથી બહુજ દૂર અંતરે હતો, જેથી તેને બરાબર જોઈ શકયો નથી તે મારી તરફજ આવે છે, એમ મને લાગ્યુ હતુ, પરંતુ તે મારી તરફ નહિ આવતા બીજીજ બાજુએ નીકળી ચાલ્યુ ગયુ છે જ્યારે હુ ત્યા આગળ ગયો ત્યારે તે ફરીથી જોવામા આવ્યુ નહોતુ એ માણુસનું સઘળુ શરીર ઢાકેલુ હતુ, જેથી પુરૂષ હતો કે સ્ત્રી તે બરાબર રીતે જોવામા આવ્યુ નથી આપે તેને જોયુ હતુ ? '

" ના ! હુ તેમ આ બાલિકા તેને જોઈ શકયા નથી, પરંતુ આમણે તેને જોયુ છે "

" ત્યારે તો કાંઇ ગરબડ અગર તકરાર પણુ થઇ હશેજ ? "

" હા ! તે આવેલા માણુસે આમને પકડી લીધા હતા '

" ત્યારે તો એ બરાબર રીતે જાણુતા હશે ? "

શારદાદેવીએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ તેણે પોતે હવે ત્યાં આગળ વધારે વાર રોકાવુ ઠીક નહિ લાગવાથી રસિકલાલ અને સુરેશકુમારીને પહેરાવાળાની પાસેજ ઉભા રહેવા દઇ તે પોતે ત્યાંથી ચાલી ગઇ સુરેશકુમારીએ પણ જવાની ઇચ્છા જણાવી રસિકલાલે તેને પોતાની સાથેજ લઇ ચાલવા જણાવ્યુ, પરંતુ તે તેમ કરવાનું નહિ કબુલ કરતા ત્યાંથી એકલી ચાલી ગઈ

પહેરાવાળાએ તે બન્નેને ચાલ્યા ગયેલા જો રસિકલાલને પૂછયુ—" આપના આવતા પહેલા શુ આ બાલિકા અહિંયા આવેલી હતી ? '

" ના ! જયારે હુ અહિંયા આવ્યો ત્યારે કોઇ પણ હતુ નહિ થોડી વાર પછીથી સુરેશકુમારી આવી હતી '

" એ એકલી અહિંયા શા માટે આવી હશે ? એ સબધમા તે આપને કાંઇ જણાવે છે ? "

" હા ! સુરેશકુમારી મને સઘળી હકીકત જણાવે છે મને પણ તેની વાત વિશ્વાસનીય લાગે છે "

" ઠીક ! પરંતુ મને તો બહુજ આશ્ચર્ય લાગે છે કે હુ આટલુ બધુ ધ્યાન આપુ છુ, છતા તેને કોઇ પણ વખતે બગલામા પેસતા કે બહાર નીકળતા કેમ જોઇ શકતો નથી એ બહુજ નવાઇ જેવુ છે વારૂ ! પણ આજે જયંતિલાલ સધ્યાકાળ પહેલા અહિંયા આવ્યા હતા "

" શુ ખરી વાત છે ? તે અહિંયા કયા સુધી રોકાયો હતો ? "

" બહુ વખત રોકાયો નહોતો, તેમને અહિંયા પેસતા જોઇ હુ છુપાઇ ગયો હતો પરતુ તે ક્યારે ચાલ્યા ગયા તે મારા સમજવામા આવ્યુ નથી મને વહેમ આવવાથી મે એક વખત બગલાની અદર ફરી ચારે તરફ તપાસ કરી હુતી, પણ તે મારા જોવામા આવ્યા નહોતા, તેથી મને એમ જણાયુ કે તેઓ અહિયા વધારે વાર રોકાયા નહિ હોય ! "

" તેણે કેવા કપડા પહેરેલા હતા ? "

" જે રાત્રે રામપ્રસાદ માર્યા ગયા તે દિવસે જે પોશાક પહેરેલો હતો તે જ પોશાક આજે પણ તેમણે પહેરેલો હતો "

' તમે તેનુ મુખ બરાબર રીતે જોયુ હતુ ? "

" દીવાના ઝાખા અજવાળાથી બને તેટલી બારીકાઇથી જોયુ હતુ તેમનુ મુખ જોતા મને એમ સમજાયુ હતુ કે તેઓ કાઇ પણ ચીજ શોધવાના ઈરાદે અહિયા આવેલા હશે, પરતુ તે માટે તેમને પૂછવાનુ સાહસ મે કર્યું નહોતુ '

વાત પુરી થતા બન્ને જણા ત્યાથી બહાર નીકળ્યા પહેરાવાળો પોતાના કામ ઉપર ચાલ્યો ગયો ને રસિકલાલ ત્યાથી નીકળી અર્ધા કલાકની અદર એક બે માળના મકાન આગળ આવી તેની અદર પેઠો સહસા જયતિલાલને ત્યા ઉભેલો જોઇને પુછવા લાગ્યો—"જયતિલાલ ! મારે આપની સાથે કેટલીક વાતચીત કરવાની જરૂર છે "

' હુ પણ આપનીજ રાહ જોતો ઉભો છુ આપ યોગ્ય સમયેજ અહિયા આવી પહોચ્યા છો મારા ઉપર અતિશય ભયનુ વાદળ છવાયેલુ છે તે સબધમા મારે

આપની સલાહની અત્ય ત જરૂર છે ”

“ કેમ આપના જાણુવામા કાઈ આવ્યુ છે ? પણ આપ આજે રામપ્રસાદવાળે બ ગલે કેમ ગયા હતા ? ”

“ હુ ? આજ ? ના ના ! ”

“ જરા વિચાર કરી જુઓ, મારી પાસે સત્ય હકીકત છુપાવશો નહિ

“ રસિકલાલભાઈ ! આપ શુ કહો છો ? આપની પાસે ખોટી વાત શા માટે જણાવવી જોઈએ ? આપ મારા ભાઈના સ બ ધમા તપાસ ચલાવો છો, એટલુજ નહિ પર તુ આપના ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે આજે હુ બરાબર ત્રણ વાગ્યાથી અહિ યાથી બહાર નીકળ્યોજ નથી ”

રસિકલાલ તેનુ કહેવુ સાભળી બહુજ આશ્ચર્ય પામ્યો, અને તેના મુખ સ્હામે એકી દષ્ટે જોઇ રહ્યા તેણે પોતાના મનમાજ વિચાર કર્યો કે વખતે પહેરાવાળાએ તેને બરાબર રીતે જોયો નહિ હોય, ફક્ત તેના પહેરેલા કપડા તરફજ લક્ષ્ય આપ્યુ હશે, અને તેથી તેને ભ્રમ થયો હશે અત્યારે પણ જય તિલાલે તે કપડા પહેરેલા નથી

કેટલોક વખત વિચાર કરી જય તિલાલે રસિકલાલને પૂછ્યુ –“ રસિકલાલભાઈ ! આપને એ હકીકત કોણે જણાવી હતી કે આજે હુ રામપ્રસાદભાઈના બ ગલે ગયો હતો ? ’

“ એ માણુસ તો ચાલાક દેખાય છે, પર તુ આજે જરૂર તે ઠગાયો છે ભાઈના મૃત્યુ પછી હુ કોઇ પણ દિવસ ત્યા ગયેલોજ નથી ત્યા મારે જવાની શી જરૂર છે ? કોની પાસે

મારે જવાનુ હતુ ? જેના ઉપર મારો આધાર અને જોર હતું તે તો હવે છે નહિ ”

“ ઠીક ! આપે આખો દિવસ આજ પોશાક પહેરી રાખ્યો છે ? ”

“ ના ફક્ત એક પહેરણુજ પહેરેલુ હતુ આપને મળવાનો વિચાર આવતા અત્યારેજ આ કોટ પહેરેલો છે, અને હમણાજ ઘર આગળથી બહાર નીકળવા માટે તૈયારી કરતો હતો એટલામા તો આપ આવી પહોચ્યા ”

“ મારી પાસે આવવાનુ શુ કારણુ હતુ ? ”

‘ એક ખબર આપવાને માટે ”

“ આપના મોટાભાઇના ખૂનના સબધમા ? ”

“ એ વાત તો બરાબર મારા જાણુવામા આવી નથી, પરતુ મે જે કાઈ સાભળ્યુ છે તેમા આપની સલાહ લેવા આવતો હતો બહુજ આશ્ચર્યજનક બનાવ બન્યો છે ”

“ શુ છે ? ”

“ સ્નેહલતાની સાથે મારો વિવાહ કરવાનુ નક્કી થયુ છે તે સબધી ”

“ સ્નેહલતા કોણુ ? દાક્તર દિનાનાથની પુત્રી ? ”

“ હા ! પણુ એમા આશ્ચર્ય પામવા જેવુ તો એ છે કે, અત્યાર પહેલા કોઇ પણુ સમયે અમારા વિવાહ સબધની વાતજ થઇ નથી ”

“ ત્યારે કેવી રીતે વિવાહ કરવાનુ નક્કી થયુ ? કોણે નક્કી કર્યું ? ”

"દાકતર દિનનાથ એક બહુજ અદ્ભુત માણુસ છે જેવા મારા મોટા ભાઈ હતા, તેવોજ તે છે હુ વચ્ચે કોઈ કોઇ વખત તેના બંગલે જતો હતો, પરતુ ત્યા જતાજ મારૂ મન બહુજ દુર્બળ બની જતુ હતુ, હુ પાછો ઘર આગળ આવતો ત્યારે મારી સ્થીતિ બહુજ સુસ્ત બની જતી, તે એટલે સુધી કે મારાથી ઉઠી પણ શકાતુ નહોતુ હવે મારો વિચાર થયો છે કે મારે કોઈ પણ સુરક્ષિત ઠેકાણે રહેવુ જોઇએ"

"ત્યારે આપ ત્યા શા માટે જાઓ છો ?"

"એ વાત પણ હુ બરાબર સમજી શકતો નથી ત્યા ના જવુ એવો હુ નિશ્ચય કરીને બેસુ છુ, પરતુ મને લાગે છે કે, કોઇ અદ્રશ્ય શક્તિ મને તે તરફ ઈચ્છા વિરૂદ્ધ આકર્ષણ કરીને લઈ જાય છે"

"ત્યાં આગળ આપને કોની કોની સાથે સમાગમ થાય છે ?

"દાક્તર દિનાનાથ અને તેમની છોકરી સ્નેહલતાની સાથે તેમને જોતાજ મારૂ મન ઉન્માદ બની જાય છે હવે કયા જવુ અને શુ કરવુ તે સુઝતુ નથી'

"સ્નેહલતાની સાથે આપને કોઇ પણ વખતે વિવાહ અગર પ્રેમ સબધી વાતચીત થયેલી હતી ?"

"ના ! પરતુ આજે દાક્તરે મને એક કાગળ બતાવ્યો, તેમા મારાજ હાથથી લખેલુ મારા વાચવામા આવ્યુ કે "હુ સ્નેહલતા સાથે લગ્ન કરીશ એવુ પ્રતિજ્ઞાપૂર્વક લખી આપુ છુ"

" તમે ક્યારે અને કીયા સમયે તે પત્ર લખી આપ્યો હતો ? "

' દાક્તર કહેતો હતો કે, એના ઘરની અંદરજ એક વખત સંધ્યાકાળના સમયે મેં એ પત્ર લખી આપ્યો છે પરંતુ એ વાતની મને તો બીલકુલ ખબરજ નથી. એ વાત કહેવાને માટેજ હું આપની પાસે આવતો હતો પણ ઈશ્વરે દયા કરીને આપનેજ અહિંયા મોકલ્યા છે "

' ઠીક ! તમારો વિચાર સ્નેહલતાની સાથે વિવાહ કરવાનો છે કે કેમ ? "

' જો એમ હોય તો પછી આપની મદદ લેવાની જરૂર શા માટે પડે ? સ્નેહલતાની સાથે મારી વિવાહ કરવાની બીલકુલ મરજી નથી હું તેને ધિક્કારૂં છું, તેમજ બહુ વખતથી સુરેશકુમારીની સાથે મારો સંબંધ થવાની વાત નક્કી થયેલી છે એ વિવાહની અંદર મારા મોટાભાઈએ પણ સંમતિ આપી હતી "

" ત્યારે સુરેશકુમારીના ઉપર તમારો દ્રઢ પ્રેમ છે ? એ વાતને સુરેશકુમારીએ સ્વીકારી છે ? "

' હા ! એ પણ મને પ્રાણુથી અધિક પ્રેમ વડે ચાહે છે મોટાભાઈએ એની મરજીથીજ અમારા બન્નેનો સંબંધ બાંધવાનું નક્કી કર્યું હતું જો તેઓ અત્યારે જીવતા હોત તો અમારા લગ્ન પણ થઇ ગયા હોત "

" દાક્તરને આપના મોટાભાઈના વીલની હકીકતની માહિતી છે ? "

" હા ! મેજ તેમને તે વાત કરી હતી તેમણે મારા મુખે એ વાત સાભળીનેજ સ્નેહલતાની સાથે મારા વિવાહની વાત કરી હતી, તેમજ તે પ્રતિજ્ઞાપત્ર મને બતાવ્યુ હતુ "

" જ્યારે આપ આપના પોતાના કામના ઉપરજ વિશ્વાસ કરી શકતા નથી, ત્યારે આપ કેવી રીતે નિશ્ચયપૂર્વક મને જણુવો છો કે, આપ આજે તમારા ભાઇને બ ગલે ગયા નથી ? "

' આપનુ અનુમાન સત્ય પણ હોય આપ ખરી વાત કહો છો "

" મે સાભળ્યુ છે કે આપના મોટાભાઇની સાથે આપને એક દિવસ બહુજ તકરાર થયેલી હતી ? '

" આપને એ વાત કેવી રીતે માલમ પડી ? એ વખતે એ મકાનની અ દર કોઈ પણ મનુષ્ય હાજરજ નહોતુ '

" એ વાત સાચી હોય તો મે આપના તે ઝઘડા સબધીની હકીકત સાભળી છે ચાલો કહો જોઇએ આપ બન્ને ભાઇની અદર તકરાર થઈ હતી કે નહિ ? "

" હા ! એક દિવસ હુ મોટાભાઈની પાસે ગયો તે વખતે મે તેમને અજ્ઞાન અવસ્થામા જોયા મે કેટલીકવારે તેમના શુદ્ધિમા આવ્યા પછી તેમનાથી સાભળ્યુ કે થોડી વાર પહેલા દાક્તર દિનાનાથ અહિ યા આવેલો હતો એ વાત પર મને પણ વિશ્વાસ આવ્યો, કેમકે જયારે જ્યારે દાક્તર દિનાનાથનો અને મોટાભાઇનો મેળાપ થતો, અને જ્યારે દાક્તર ત્યાથી ચાલ્યો જતો ત્યારે હમેશા મોટાભાઈ અજ્ઞાન અવસ્થામાજ દેખાતા હતા એટલા માટેજ તે દિવસે

મોટાભાઇને મે એક પ્રકારના વિષની બનાવટના સબધમાં પૂછ્યુ હતુ, પરતુ ભાઇનો મિજાજ ઠીક નહિ હોવાથી તેઓ મારી વાત સાભળતાજ મારા ઉપર ગુસ્સે થઇ ગયા હતા અને તેથીજ અમારા બન્નેની અદર ઝઘડો જામી ગયો હતો"

"મારામારી થઈ હતી?'

"ના! મારામારી થઇ નહોતી મેં ફક્ત મોટાભાઈને એક ધકકો માર્યો હતો, એને તેઓ તરતજ જમીન ઉપર પડી જવાથી બેભાન બની ગયા હતા હુ એવુ જોતાજ તરત ઘર તરફ પાછો ચાલ્યો આવ્યો હતો મારો ધકકો વાગવાથી તેમને બહુ વાગ્યુ નથી એમ હુ જાણુતો હતો તે વખતે તેમનુ શરીર અસ્વસ્થ હોવાથી મને લાગે છે કે તેઓ પડી ગયા હશે

"આપે જે વિષ સમધી હકીકત તમારા ભાઈને પૂછી હતી, તે વિષ સબધીની હકીકત તમને પછીથી કોઇ પણ સ્થળેથી મળી હતી?"

"હા એક દિવસ હુ છાનોમાનો ભાઇના રસાયણ ગૃહની અદર પેસી ગયો હતો, ત્યા આગળ આવમાગી ઉપર એક ચોપડી પડી હતી, તેમાથી તે વિષ સબધીની સઘળી હકીકત મે મેળવી હતી હુ આપને તે ચોપડી અને તેની અદર જે પાનામા તે લખેલુ છે તે બતાવીશ"

"તે તમને મળે તેમ નથી"

"કેમ?"

"તે પત્તુ તો સુરેશકુમારી લઈ ગઈ છે"

"આપે તે કેવી રીતે જાણ્યુ?

" જો અમને એવી ખબરો ના મળે તો ડીટેકટીવપણુ શી રીતે કરી શકીએ ? '

" મને લાગે છે કે, આપ તે નિર્દોષ અને અનાથ બાળાને દોષિત ઠરાવી તેના સર્વસ્વનો નાશ કરવાની હિલચાલ કરો છો રસિકલાલભાઈ ! હુ આપને જણાવુ છુ કે મેજ મારા મોટાભાઈનું ખૂન કરેલુ છે, માટે મનેજ પકડો પરતુ નાહક તે બિચારી નિર્દોષને સતાવશો નહિ

## પ્રકરણ ૨૦ મુ.

### બુદ્ધિની બલિહારી

જયતિલાલનુ મુખ મીલન બની ગયુ તેણે રસિકલાલને વારવાર પોતાને કેદ કરવા માટે વિનતિ કરી, અને સુરેશકુમારીને ન્યાય આપવાની અને તેના ઉપર વહેમ નહિ લાવવા જણાવ્યુ રસિકલાલે પોતાના મનમા વિચાર કર્યો કે સુરેશકુમારીને કાઈ પણ હરકત થાય નહિ, એટલા માટેજ જયતિલાલ પોતાના ઉપર આ ગુન્હો ખેચી લેવા માગે છે અને પોતેજ દોષિત છે એમ જણાવે છે ખરેખર જયતિલાલ સુરેશકુમારીને અત કરણપૂર્વક ચાહે છે અને તેથીજ તે પોતે ગુન્હો પોતાને માથે વહોરી લેવાનુ સાહસ ઉઠવે છે, વગેરે વિચાર કરી રસિકલાલે હાસ્યવદને જયતિલાલને જણાવ્યુ –

" જયતિલાલ ! તમને ખાલી વહેમ આવે છે કે અમે સુરેશકુમારીને દોષિત માનીએ છીએ, પરતુ આપ સત્ય કહો કે આપ દોષિત છો કે નહિ ? "

જયતિલાલનુ શરીર આ વખતે પણ થરથર કાપતુ હતુ તેના મનમા અનેક પ્રકારની ચિન્તાઓ થયા કરતી હતી સુરેશકુમારીનુ કયી રીતે રક્ષણ કરવુ તેનો ઉપાય નહિ સુઝવાથી તેણે પોતેજ પોતાને માથે એ ખૂન કર્યાનો દોષ વહોરી લીધો હતો, અને પોતેજ તો ખૂન કરેલુ છે એમ જણાવ્યુ હતુ. તેણે વિચાર કરીને રસિકલાલને જવાબ આપ્યો "હા ! હુજ દોષિત છુ ! તે દિવસે ભાઇની સાથે તકરાર થવાથી મે જ ભાઇનુ ખૂન કરેલુ છે "

" કયારે ખૂન કર્યુ હતુ ? તે દિવસે રાત્રે તો નહિ ? "

' ના ! તે દિવસે રાત્રે નહિ ! પરતુ જે દિવસે રાત્રે તમે ઇન્સ્પેકટર આણદરાવ સાહેબની સાથે ભાઇના બગલે આવ્યા હતા, તે જ દિવસે કર્યુ હતુ "

" કયા વખતે ? "

" સધ્યાકાળ પહેલા '

"એ વાત તમે પહેલા કેમ જણાવી નહોતી ? "

" તે વખતે કહેવાની ઇચ્છા નહોતી તેથી "

" ત્યારે અત્યારે તે કહેવાનુ કારણ ? "

" એક નિર્દોષને દુ ખ ઉત્પન્ન થતુ જોઇને તેમ કરવાનો વિચાર થયો છે "

" ત્યારે આપના સિવાયના સઘળા માણુસોને નિર્દોષજ માનો છોને ? જો આપને પકડવામા ના આવે તો ગમે તે એક માણુસ નિર્દોષજ માર્યુ જાયને ? તો તે વખતે આપે કેમ વિચાર કર્યો નહિ ? "

" એટલા માટેજ સત્ય હકીકત જણાવુ છું !"

રસિકલાલે જયંતિલાલના કહેવા ઉપર કિંચિત પણ વિશ્વાસ કર્યો નહિ તે ફકત સુરેશકુમારીને બચાવવાની ખાતર અને તેને વહેમમાથી મુક્ત કરવાને માટેજ પોતે આવી રીતે અસત્ય કહે છે એમ સમજવા લાગ્યો તે કાઇ પણ વધારે વાત નહિ કરતા ત્યાથી બહાર નીકળવાને તૈયાર થયો તેને જતો જોઇ જયતિલાલે પૂછ્યુ-" રસિક લાલભાઈ ! આપ હુ જણાવુ છુ, તે કેમ સત્ય માનતા નથી ?"

" તમે સત્ય વાત જણાવતા નથી હુ તમારી વાત પર સહજ પણ વિશ્વાસ કરી શકતો નથી "

" ભલે આપ ના કરશો હુ પોતેજ ત્યારે પોલિસ ચોકી પર જઇ એ વાત કબુલ કરૂ છુ '

ખોટી વાત ઉપર આપણા રાજ્યના સત્તાધીશો વિશ્વ સ કરશે એવુ હુ કદાપિ પણ માનીશ નહિ "

' ખોટી વાત છે ? નહિ નહિ મહાશય ! તો પછી આપ પણ સુરેશકુમારી પર ખોટો વહેમ કરતા નથી ? તે નિર્દોષ છે, એમ હુ તેનો સ્વભાવ અને ચરિત્ર જાણતો હોવાથી સત્ય પ્રતિજ્ઞાથી જણાવુ છુ જો આપ એનેજ આ ભયાનક કાર્યની અદર દોરશો તો પછી હુ પણ મારી હકીકત સત્ય ઠરાવવા પ્રયત્ન કરીશ મે પોતેજ ખૂન કરેલુ છે માટે મનેજ દોષિત ઠરાવી એ બિચારી નિરપરાધી બાલિકાને મુક્ત કરો "

વાત કરતા કરતા જયતિલાલની આખોમાથી અશ્રુઓનો

પ્રવાહ અસ્ખલિતપણે વહેવા લાગ્યો રસિકલાલના મનમા બહુજ દયા આવી, તેથી તેણે બહુજ નમ્ર અને વિનયપણે કહ્યુ–" જયતિલાલ ! તમારે સુરેશકુમારીના સબધમા કોઈ પણ પ્રકારની ચિન્તા રાખવાનુ કારણુ નથી તમે બન્ને નિર્દોષ છો, એ હુ બરાબર રીતે સમજુ છુ સુરેશકુમારી આ કામમા નિરપરાધી છે, એ મે પહેલાથીજ નક્કી કરી મૂકયુ છે અને એટલા માટેજ હુ તમને મના કરૂ છુ કે તમારે પોલિસમા જઈ આવી ખોટી વાત જણાવવાની બીલકુલ જરૂર નથી તેમ કરવાથી કોઇ પણ રીતે સારૂ થવાની આશા નથી, પણ નઠારૂ જ પરિણામ આવવાની આશા રાખી શકાય છે વળી બીજી પણ આપને ખાસ ભલામણ કરવાની છે કે, તમને સુરેશકુમારી બહુજ સારી રીતે ચાહે છે, એની ખાતર પણ તમારે આ મકાન છોડીને કેટલાક દિવસ સુધી કયાય પણ બહાર નીકળવુ નહિ આપનું કોઇ પણ રીતે અનિષ્ટ થાય નહિ એ માટે હુ પણ મારાથી બનતો પ્રયત્ન કરીશ, અને વ્યવસ્થા રાખીશ "

" તો તો આપ અવશ્ય સુરેશકુમારીને બચાવી લેશોજ જોજો ! એ બિચારી નિર્દોષ કોઇ પણ પ્રકારની વિપત્તિમા આવી પડે નહિ "

" ના ! સુરેશકુમારી કોઈ પણ રીતે દોષિત નથી તેમ કોઈ પણ તેના ઉપર વહેમ પણ રાખતુ નથી માટે આપે તેના સબધમા કઇ પણ ચિન્તા કરવાની જરૂર નથી હુ તેનુ રક્ષણ કરવાની તમારી પાસે પ્રતિજ્ઞા કરૂ છુ, પછી કાઇ છે ? "

" પરમેશ્વર આપનુ કલ્યાણુ કરશે "

" પરતુ તમારે મારી એક વાત માન્ય કરવી પડશે મારા ફરીથી જણાવ્યા સિવાય તમારે કોઇ પણ વખતે આ મકાનની અ દરથી બહાર નીકળવુ નહિ

" આપનુ કહેવુ એમ છે કે દાક્તરને ઘેર જવુ નહિ ?

" હા ! "

" પર તુ દાક્તરની જાદુવિદ્યા એવી છે કે તેના હાથ માથી છુટી શકાય તેમ લાગતુ નથી "

" મન દૃઢ કરીને રહેવુ તમે એક બળવાન માણસ છો તમારા શરીરમા શક્તિ છે તો પછી આપે શા માટે તેની બીક રાખવી જોઈએ ? કદાપિ દાક્તર તમને બોલાવવા મોકલે અગર અહિયા આવે તોપણ તમારે તેને મળવુ નહિ "

" આપની આજ્ઞા હુ માથે ચડાવુ છુ

" બરાબર યાદ રાખજો, ગમે તેમ થાય, ગમે તેટલુ કષ્ટ સહન કરવુ પડે તોપણ આપે ત્રણ દિવસ સુધી તે અહિથી કયાય પણ બહાર જવુ નહિ "

" ભલે ! તેમ કરીશ "

રસિકલાલ એ પ્રમાણે કહી ત્યાથી ચાલ્યો ગયો અને જયતિલાલ પણ પોતાના સૂવાના ઓરડાની અદર જઇને સૂઈ ગયો બહુ વખત થયો પરતુ અનેક પ્રકારની ચિન્તા-ઓને લીધે તેને ઉઘ આવી નહિ તેના મનમા વિચાર આવ્યો કે ત્રણ દિવસ સુધી એકલા આ મકાનમા રહી શકાવુ મુશ્કેલ છે કાલેજ સ્નેહલતાની સાથે વિવાહ કરવાનો દિવસ

નક્કી થયો છે, પરંતુ જો હુ નહિ જાઉં તો દાક્તર શું કરશે ? અવશ્ય તેને મારા ઉપર વહેમ આવવાથી તે અહિંયા આવશે એમ થશે તો પછી એની ભયાનક તીક્ષ્ણ દૃષ્ટિમાથી હુ કેવી રીતે મુક્ત થઈ શકીશ ? ગમે તેમ થશે, અને ગમે તેટલુ કષ્ટ સહન કરવુ પડશે, તથાપિ સુરેશકુમારીને માટે હુ તે સઘળુ સહન કરીશ તેના જેવી સદ્ચરિત્રશાળી બાલિકા અત્યાર સુધીમા મારા જોવામા કોઇ પણ આવી નથી ”

એ પ્રમાણે વિચારમા ને વિચારમા લગભગ એકાદ કલાક વ્યતિત થઈ ગયો. પોતે ચિતામગ્ન હતો, એટલામા સહસા તેના ઘરના દ્વાર ખુલ્લા થયા ને એક માણસ અદર આવ્યો જયતિલાલ તેને જોઈ ચમકી ઉઠયો આવેલા માણસના તરફ નજર કરતા તેનો અતરાત્મા કપી ઉઠયો જોયુ તો દાક્તર દિનાનાથજ અદર આવેલો તેને જણાયો દાક્તર કાંઈ પણ નહિ બોલતા એક ખુરસી ખેંચીને તેના સન્મુખજ બેઠો જયતિલાલના મનમા તેને જોતાજ ભય ઉત્પન્ન થયો હતો છતા તે ભય તેણે પોતાના મુખ પર જણાવા દીધો નહિ ”

કેટલીકવાર શાન્તિ લીધા બાદ દાક્તર દિનાનાથે જયતિલાલને પૂછ્યુ-“ આજે એકલા કેમ છો જયંતિલાલ ? ”

“ આજે એકલોજ છુ ! ”

“ સોબતી ખોળી કાઢોને ? ”

“ કયાથી શોધી કાઢુ ? ”

“ કેમ ? સોબતીનો અભાવ કયા છે ? ”

“ એ પ્રમાણે વાત કરતા કરતા જયંતિલાલનેતંદ્રા આવવા

લાગી. દાક્તરની તીવ્ર દૃષ્ટિ જયતિલાલના ઉપર પડતાજ તે ક્રમે ક્રમે અચેત થઇ ગયો જયતિલાલે અનેક ઉપાય કર્યા છતા તે તેના હાથમાથી છુટી શકયો નહિ

દાક્તરે પોતાના પજામા જયતિલાલ સપડાતા તેને કહ્યુ –" જયતિલાલ ! મારી સાથે બહાર ચાલો "

" આપની સાથે શું કામ છે ? "

' આવશો એટલે જણાશે આવો છો કે નહિ ? '

" આવવુજ પડશે તો '

જયતિલાલ અજ્ઞાન અવસ્થામાજ ઉઠી ઉભો થયો તેના ચક્ષુઓ ખુલ્લા હોવા છતા તે પોતાના શરીરને બરાબર રીતે કબજે રાખી શકતો નથી એમ જોઇ દાક્તરે તેનો હાથ પોતાના હાથમા પકડયો, અને તરતજ બન્ને બહાર નીકળ્યા તે જ વખતે એક ગાડી જયતિલાલના ઘર આગળ થઇને જતી હતી તેને પાસે બોલાવી દાક્તર જયતિલાલને સાથે લઇ તેની અદર બેસી ગયો

પોતાના બગલે ગયા પછી તરતજ દાક્તરે પોતાની કન્યાને બૂમ મારી સ્નેહલતા તે વખતે કાર્યાનુસાર બહાર ગયેલી હતી, જેથી દાક્તર જયતિલાલને એક ખુરસી પર બેસાડી તેની સાથે વાતચીત કરવા લાગ્યો

થોડીકવાર સુધી વાત કરી દાક્તર જયતિલાલને ત્યાજ બેસાડી પોતે બહાર નીકળ્યો તેના મનમા નિશ્ચય થયો હતો કે, આજે સપૂર્ણ રીતે અને સ્વતત્રપણે હુ જયતિલાલને મારા કબજામા લઇ શકયો છુ વળી આજે

પેલી દાસી પણ અહિંયા છે નહિ જેથી આજે એક લાખ રૂપીઆ તેની પાસેથી પડાવવાને કાંઈ પણ હરકત આવશે નહિ

લગભગ બે કલાક થઇ ગયા, છતા સ્નેહલતા ઘર આગળ પાછી આવી નહિ તેથી દાક્તરના મનમા બહુજ ભય ઉત્પન્ન થયો તેના મનમા અનેક પ્રકારની નઠારી ચિન્તાઓ ઉપસ્થિત થવા લાગી, છતા કોઇ પણ પ્રકારનો ઉદ્યોગ નહિ કરતા તે પોતાની પુત્રી સ્નેહલતાની રાહ જોતોજ ઉભો રહ્યા

એટલામા સહસા ઘરના દ્વાર ખુલ્લા થયા સ્નેહલતા ઘરમા આવી તેનું મુખ બહુજ ફીકકુ પડેલુ જણાયુ તેના વસ્ત્રો ચુથાઈ ગયેલા દેખાયા તેનુ સઘળુ શરીર થરથર કપાયમાન થતુ હતુ ને વારવાર દીર્ઘ નિશ્વાસ મૂકતી હોય તેવુ જણાતુ હતુ તેને જોતાજ દાક્તરના મનમા બહુજ આશ્ચર્ય ઉત્પન્ન થયુ તેણે અધીરતાથી પૃછ્યુ-" સ્નેહલતા ! શુ હકીકત બની છે ? જયતિલાલ આવેલો છે "

સ્નેહલતાએ પિતાના કહેવા ઉપર ધ્યાન નહિ આપતા પૂછ્યુ-" જયતિલાલ ! ક્યારના આવ્યા છે ? '

" લગભગ બે કલાકથી આવેલા છે તારી રાહ જોત તેઓ બેઠા છે "

" મારા માટેજ ? "

' હા ! અત્યાર સુધી તુ કયા ગયેલી હતી ? "

પ્રશ્ન સાભળતાજ સ્નેહલતા ચમકી ઉઠી પરતુ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ તેના તરફથી પોતાના પ્રશ્નનો જવાબ નહિ મળવાથી દાક્તરે તેને ફરીથી પૂછ્યુ-" કેટલી

મહેનત કરીને જયતિલાલને અહિં લઇ આવ્યો છું, પરંતુ તારો તો પત્તોજ નથી વારૂ આ શું ? તારા મુખ પર આ શાના ડાઘ પડેલા જણાય છે ? તારા કપડા આમ કેમ અસ્તવ્યસ્ત થઈ ગયેલા જણાય છે ? તને આજે શું થયું છે ? ”

“ આજે હું એક ગડબડમા પડી હતી મ્હો ઉપર વાગ્યું છે, પરંતુ અતિશય હરકત કરે તેવું વાગ્યું નથી હું રામપ્રસાદના બંગલે ગઈ હતી ત્યા મારી આવી સ્થીતિ થયેલી છે તમેજ મને ત્યા જવાનું કહેલું હતું ને ? ’

“ મેં કયારે કહ્યું હતું ને શા માટે મોકલી હતી ? ”

“ કેમ તમારાજ કામ માટે મોકલી હતીને ? શું છેવટે તમે મારા ઉપર પણ તમારી જાદુવિદ્યાનું જોર ચલાવવા માડયું કે કેમ ? મને તમે અજ્ઞાન જેવી બનાવી તે ઠેકાણે મોકલી હતી તો પછી તે ઠેકાણે કોણ હતું તે પણ તમને માલમ હશેજ એ કાંઈ તમારાથી અજાણ્યું હશે ? ”

“ ત્યા કોણ હતું ? ”

“ તમે ના જાણો એમ હોય ? બહુજ આશ્ચર્યની વાત ! કે તમે તે જાણતા નથી. ”

“ શું હતું તે મને જલદીથી કહી દે ? હવે હું વધારે વખત ધીરજ ધારણ કરી શકતે નથી ’

“ જે માણસ તે દિવસે ઠારીગીરી કરી મારી પાસેથી આપણા ઘર આગળથી ત્રણસો રૂપીઆ લઈ ગયો હતો તે-”

“ તું શું કહે છે ! વાહ સ્નેહલતા ! તે આ વાત તો

પહેલા કરીજ નહોતી તો પછી હુ તે કેવી રીતે જાણુ કે તે કોણ હતો ? ”

“ જયતિલાલનો નોકર રાજીવલોચન !

“ એ લુચ્ચોજ તારી પાસેથી આપણા ઘરની અદર આવીને ત્રણસો રૂપીઆ લઇ ગયો હતો ? તે તો એ વાત મને કોઇ પણ વખત કરીજ નથી ’

“ આપને કહેવાની મારી હિમત ચાલી નહોતી હુ તેના પજામા સપડાયલી હોવાથી મારે તેણે કહ્યુ એમ કરવુ પડયુ હતુ તે વખતે પેલી શારદાદેવી આપણે ત્યાજ હતી મે વિચાર કર્યો હતો કે પાછો તે એક દિવસ આપણે ત્યા આવશે તે વખતે તેને સપડ વી આપણા પૈસા પાછા લઇ લઇશુ

“ ત્યારે શુ આજે રાજીવલોચનની સાથેજ તારે રામ પ્રસાદના બગલાની અદર મુલાજાત થયેલી હતી ? ’

“ હા ”

“ ત તેને જોયો કે તરતજ પકડયો હતો ? ”

“ હા ”

“ કેમ ? પછી શુ થયુ ? તુ સઘળી હકીકત ખુલ્લે ખુલ્લી નહિ જણાવે તો હુ કેવી રીતે જાણી શકીશ ? ”

“ રાજીવલોચન રામપ્રસાદના રસાયણશાળાવાળા ઓરડામા હતો, ને તેની આલમારી ઉપરથી એક નાની શીશી બહાર કાઢતો હતો ”

“ પછી ? ”

" મારા પગને શબ્દ સાભળતાજ તે ચમકી ઉઠયો. મે પાછા વળવાની તદબીર કરી પર તુ તેમા હુ ફાવી નહિ ક્ષણવાર થઈ નહિ એટલામા રાજીવલોચને આવીને મારો હાથ પકડયો મે હાથ છોડાવવાને બહુજ પ્રયત્ન કર્યો બહુ મહેનતે એક હ થ છોડાવ્યો, અને છુટેલા હાથવડે મે એક નાની શીશી હાથમા લઈ રાજીવના મુખ પર મારી શીશી વાગતાજ તે મને છોડી દઇ નીચે પડયો મને લાગે છે કે તે મરી ગયો હશે. "

" એ ઠીક કર્યું તે બહુ પ્રયત્ને પણ આત્મરક્ષણ કર્યું છે, એ બહુજ સારૂ થયુ છે તાત્કાલિક તને એવી બુદ્ધિ સુઝી આવી તે માટે હુ તને ધન્યવાદ આપુ છુ '

## પ્રકરણ ૨૧ મુ.

### જયંતિલાલ છટકયો

પિતાના મુખમાથી પ્રસ શાના વાકયો સાભળી સ્નેહ લતાએ કહ્યુ-" રાજીવલોચન એક બહુજ જોરાવર માણુસ હતો તેને હુ કેવી રીતે પહોચી શકુ ? જ્યારે તેણે મારા હાથ પકડયા ત્યારે મને એવુજ જણાયુ હતુ કે હવે જીવતા રહેવાશે નહિ. મે છુટવાનો કોઇ પણ ઉપાય જોયો નહિ ત્યારે સદ્ભાગ્યે એક ઔષધની શીશી મારા જોવામા આવી તે હુ બહુ પ્રયત્ને હાથ છોડાવીને તેના મુખ ઉપર મારી મારતા તે બેભાન થઇને નીચે પડયો હતો '

"તે શીશીની અદર શુ હતુ તે તુ જાણે છે?"

"ના! હુ કેવી રીતે જાણી શકુ? તે વખતે કાઇ વાચી જોવાનો વખત હતો? પરતુ તેમા જે કાઇ હોય તે–હોય, પણ તેથી મને તો લાભજ થયો છે"

"રાજીવલોચન જીવતો છે કે મરી ગયો છે?'

"તે બરાબર કહી શકાય નહિ, હુ ત્યા આગળ વધારે વાર ઉભી રહી નહોતી જેવો રાજીવલોચને મારો હાથ છોડી દીધો, તેવીજ હુ ત્યાથી ચાલી નીકળી હતી, પરતુ મારી ખાત્રી છે કે તે મરી ગયો નથી"

"ચાલો હવે એ વાત જવા દો જયતિલાલને હુ બહુ વખતથી અહિયા લાવ્યો છુ"

"આપ લઈ આવ્યા છો?'

"હા! હુ લઈ આવ્યો છુ, આજ તે એકલાજ આપણા ઘરમા બહુ વખત થયો બેસી રહેલા છે હુ તો તારે માટે અહિયા આવી બહુ વારથી રાહ જોતો ઉભો રહેલો છુ જયારે તને આવેલી જોઈ નહિ, ત્યારે મારા મનમા બહુજ ભય ઉત્પન્ન થયો અને એમજ થયુ કે કર્યું કરાવ્યુ ધુળ મળી ગયુ હુ ગમે તેમ કરીને તેને ઘેર ગયો હતો અને બહુજ પ્રયત્ને ત્યા આગળથીજ અજ્ઞાન કરીને અહિંયા લઈ આવ્યો છુ'

"આપને એટલી બધી મહેનત ઉઠાવવાનુ કારણ શું હતુ? તેમને ત્યા જવાની તમારે શુ જરૂર હતી?"

"બહુજ અગત્યનુ કારણ હતુ. આજેજ તમારા

બન્નેના બે હાથ ભેગા થઇ જાય એવો મારો વિચાર છે મે બધી તૈયારી કરી રાખી છે, ફક્ત એક પુરોહિતનીજ જરૂર છે જયતિલાલ અત્યાર સુધી અજ્ઞાન અવસ્થામાજ દિવાનખાનામા પડી રહેલો છે, પહેલા તુ જઇ અને જોઇ આવ હુ હમણાજ જઇને એક પુરોહિતને બોલાવી લાવુ છુ તમારા બન્નેના લગ્ન થઇ જાય એટલે મને પણ નિરાત થાય

એટલુ કહી દાક્તર દિનાનાથ પોતાના ઘર આગળથી પુરોહિતને લઇ આવવા માટે બહાર નીકળ્યો સ્નેહલતા પણ તરતજ પોતાના શયનગૃહના ઓરડા તરફ ગઇ અને સ્હામે રાખવામા આવેલા અરીસાની અદર પોતાનુ મુખ જોવા લાગી મુખની અવસ્થા જોતાજ તે ચમકી ઉઠી તેણે તરત પોતાનું મુખ બરાબર ધોઇ નાખી બીજા સારા વસ્ત્રો પહેર્યા તથા એક પેટી ઉઘાડી તેમાથી અતિશય મુલ્યવાન ઘરેણા બહાર કાઢી પોતાના શરીર ઉપર ધારણ કર્યા પછી તરતજ હાસ્યવદને જયતિલાલની પાસે ચાલી

દિવાનખાનાના બારણા ઉઘાડી સ્નેહલતા અદર ગઇ પરતુ જયતિલાલને ત્યા આગળ કોઇ પણ સ્થળે જોયો નહિ એટલે તેના મનમા બહુજ ભયાનક સદેહ ઉત્પન્ન થયો તેણે દિવાનખાનામાથી નીકળી ઘરની અદર ચારે તરફ ફરી વળીને તપાસ કરી, કિન્તુ કોઇ પણ ઠેકાણે જયતિલાલ જોવામા આવ્યો નહિ.

સ્નેહલતાના મનમા આથી અતિશય ભય ઉત્પન્ન થયો. પોતાના પિતા તેની બરાબર તપાસ રાખવાનુ' કહીને ગયેલા

હોવા છતા સ્નેહલતાએ પોતાના કાર્યમાજ લગભગ અર્ધો કલાક ગુમાવ્યો અને એ સમયની અદર તેણે સહજ પણ જયતિલાલ કયા છે અને શુ કરે છે, તે બાબતની તપાસ લીધી નહિ આ પોતાની ભૂલને પરિણામેજ જયતિલાલ નાસી ગયો છે, એવો તેના મનને નિશ્ચય થયો સ્નેહલત હવે પોતાને પિતા આગળ શુ જવાબ આપવો તેનોજ વિચાર કરવા લાગી

સ્નેહલતા મેડા ઉપરથી ઉતરી નીચેની બાજુએ આવી અને ઘર આગળના બગીચાની અદર પેઠી ચારે તરફ અધકાર વ્યાપી ગયો હતો તે ભયકર અધકારની અદર એક કાળા રગની આકૃતિ તેના જોવામા આવી સ્નેહલતા અત્યત સાહસિક બાલિકા હતી, તરતજ તે નિર્ભય બની પેલી કૃષ્ણવર્ણની આકૃતિ તરફ આગળ વધી, તો જયતિલાલ તેના જોવમા આવ્યો તે અહિયાથી નાસી શકયો નહિ તની અવસ્થા જોતાજ સ્નેહલતાની ખાત્રી થઈ કે અત્યારે તે અજ્ઞાન અવસ્થામા નહોતો તેના અતરમા જ્ઞાનોદય થવા છતા પણ તેનું સઘળુ શરીર કપાયમાન થતુ હોય તેમ જણાતુ હતુ તેનામા બીલકુલ ચાલવાની શકિત નહોતી

સ્નેહલતાને જોતાજ જયતિલાલની બીક ભાગી ગઈ તેણે કઠોર સ્વરે કહ્યુ—" અરે સ્નેહલતા તુજ છે કે ? તારે માટે તો હુ અત્યાર સુધી ચારે તરફ શોધ કર્યા કરૂ છુ પણ તારૂ તો ઠેકાણુ નથી ચલ ચાલ ઘરની અદર ચાલ " એ પ્રમાણે કહી જયતિલાલે તેનો હાથ બળપૂર્વક પકડયો

અને કાંઇ પણ સમય વ્યતિત નહિ કરતા તેને ઘરની અંદર લઇ ગયો સ્નેહલતાને એક સ્થળ ઉપર બેસાડી પોતે પણ તેની પાસે બેઠો અને કર્કશસ્વરે તેને કહેવા લાગ્યો– " સ્નેહલતા ! જો સારૂ જ ઇચ્છતી હોય તો પેલુ પ્રતિજ્ઞાપત્ર અને મારી વીટી મને પાછી આપ "

બહુજ દુ ખિત સ્વરે સ્નેહલતાએ જવાબ આપ્યો–"પેલી વીટી ! તે તો તમેજ મને તે દિવસે બક્ષીસ આપેલી છે પછી આજે તમે પાછી શા માટે માગો છો ? "

" તારા બાપની જાદુવિદ્યાથી મોહ પામીને મે અનેક વખત અનેક અઘટિત કાર્યો કરેલા છ માટે ચાલ એક વખત મને તે વીટી પાછી આપ, અને ત્યાર પછી પેલો કાગળ લાવી આપ "

" મારા બાપના આવ્યા સિવાય હુ કાઇ પણ તમને આપી શકીશ નહિ

" તારો બાપ તો જાદુગર છે એ આવશે એટલે તરતજ મારા ઉપર જાદુ કરશે માટે જો સારૂ ચહાતી હોય તો મારા કહેવા પ્રમાણે ક મ કર, નહિ તો પછી મારે બળ વાપરીને પણ તારા હાથમાથી વીટી કાઢી લેવી પડશે, ત્યારે તારૂ શુ મુખ રહેશે ? "

સ્નેહલતા તરતજ ઉભી થઇ પાસેની આલમારી ઉપરથી એક તલવાર બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગી એટલામા જય તિલાલ તત્કાળ તેની પાસે ગયો, અને બળપૂર્વક તેના હાથની આગળી ઉપરથી અગુઠી ( વીંટી ) કાઢી લીધી.

સ્નેહલતા સહસા પોતે સપડાઇ પડવાથી આશ્ચર્ય પામી તે જયતિલાલને કોઇ પણ રીતે અટકાવી શકી નહિ જે કાર્ય માટે તે ઉઠી હતી, તે કામ પણ બજાવી શકી નહિ

જયતિલાલે અગુઠી પોતાના તાબામા લઇ, અધિકતર કર્કશસ્વરે સ્નેહલતાને જણાવ્યુ –" ચાલ જલદીથી પેલો કાગળ આપ, હવે હુ વધારે વાર રોકાઈશ નહિ "

" તે કાગળ કયા છે તે હુ જાણતી નથી '

" જાણતી નથી ? તુ જ તારા બાપની મુખ્ય સહાયક છે તુ ના જાણે એવી વાત તે હોય ? '

" એ કગળની મારે શુ જરૂર હતી ? જે ચીજની મારે જરૂર હોય છે તે જ ચીજ હુ મારી પાસે રાખુ છુ હુ તમને ખરૂ કહુ છુ "

" વાહ ! બહુ સાચુ બોલનારી છે ચાલ ! વાર લગાડ નહિ, તારી પેલી પેટી ઉઘાડ "

" હુ તમને ખરૂ કહુ છુ કે તે કાગળ મારી પાસે નથી મારા બાપની પેટીમા છે "

" જો તેમ હોય તો તારા બાપની પેટી ઉઘાડ '

" તેની કુચી મારી પાસે નથી "

" તારી એવી નકામી વાતો હુ સાભળવા માગતો નથી હુ તને ખાત્રીથી કહુ છુ કે વાર કરીશ તો તારૂ ખુન કરીને હુ ચાલ્યો જઇશ "

સ્નેહલતા કાઇ પણ કરતી નથી એમ વિચાર કરી

જયતિલાલે તરતજ પોતાના એક હાથ વડે સ્નેહલતાના બન્ને હાથ પકડી લીધ અને બીજા હાથ વડે તેના ગળાની અંદર ચાવી લટકતી હતી તે ખેંચી કાઢી પેટી ઉઘાડવાનો પ્રયત્ન કર્યો

કેટલીક વાર પ્રયત્ન કર્યા પછી પેટી ઉઘડી જયતિલાલે તેની અંદરથી બે કાગળો બહાર કાઢયા અને જલદીથી પોતાના ખીસ્સાની અંદર મૂકી સ્નેહલતાના મુખ તરફ દૃષ્ટિપાત કરતા કહેવા લાગ્યો –" તારો બાપ આવે ત્યારે કહેજે કે હુ પોતેજ આ કાગળો વગેરે લઇ ગયો છુ, માટે હવે તમારી મરજીમા આવે તેમ કરજો "

સ્નેહલતા જયતિલાલનુ આ વિચિત્ર કાર્ય જોઇ બહુજ વિસ્મિત થઇ પરંતુ કાંઈ પણ બોલી શકી નહિ જયતિલાલે તેના સ્હામુ જોઇ ગભીરપણે ફરીથી કહ્યુ –" સ્નેહલતા ! તારો બાપ બહુજ ભયાનક માણસ છે તે જે પ્રમાણે પ્રપંચો રચે છે તે જો પાર ઉતરે તો લાખો રૂપિયા પ્રાપ્ત કરી શકે તેમ છે, પરતુ ઈશ્વરેચ્છાથી હવે હુ તમારા સઘળા પ્રપંચો જાણી ગયો છુ તમારી મતલબ શુ છે તે પણ હું સમજી ગયો છુ માટે હવે આ બધા કાગળ પત્રો લઇને હુ જાઉં છુ હવે પછી તારા બાપને જે કરવુ હોય તે કરે એમ સ્પષ્ટ કહી દેજે, હવે મને તેની બીલકુલ બીક લાગતી નથી "

જયતિલાલ ત્યાથી ચાલ્યો ગયો સ્નેહલતા નિરૂપાય બની શુ કરવું એજ વિચારમા તેના બાપની આવવાની રાહ જોતી ઉભી રહી લગભગ અર્ધોએક કલાક થયો નહિ એટલામા દાક્તર દિનાનાથ ઘર આગળ આવ્યો અને આતુ-

રતાપૂર્વક સ્નેહલતાને પૂછવા લાગ્યો –" સ્નેહલતા ! જયતિલાલ કયા છે ?"

સ્નેહલતા કાઇપણ પ્રત્યુત્તર આપી શકી નહિ તેના બાપે તેને કહ્યુ–" જે માણુસને બોલાવવા ગયો હતો, તે માણુસ આજે મળી શકયો નથી પુરોહિત મહારાજે કહ્યુ છે કે આવતી કાલે અહિયા આવીને તેઓ લગ્ન કરાવી જશે

સ્નેહલતાએ આ વખતે પણ કાઇ ઉત્તર આપ્યો નહિ કિન્તુ એકી દ્રષ્ટે પોતના પિતની પેટી તરફજ નજર કરી જોઈ રહી તેના બાપે પેટી તરફ નજર કરતા તેની ગેરવ્ય વસ્થા જોઇ એટલે સ્નેહલતાને પૂછયુ –" સ્નેહલતા ! આ બધુ શુ છે ? આમ કોણે કર્યું ? '

" કોણે તે જય તિલાલે ! '

" જય તિલાલ કયા છે ? "

" નાસી ગયા છે "

" ખરૂ કહે છે કે નાસી ગયો છે ? "

" હા ! હુ ખરૂ જ કહુ છુ '

" કેવી રીતે નાસી ગયો ? "

" મારે કેવી રીતે તેની પાસે એકલા જવુ એ વિચાર કરી હુ આપની પાસેથી ગઇ આપના ગયા પછી અર્ધાએક કલાકે તેને શુદ્ધિ પ્રાપ્ત થઈ શુદ્ધિ પ્રાપ્ત થતાજ તેણે મારા ઉપર જોર વાપરી મારા હાથમાથી તેના વાળી વીંટી કાઢી લીધી. પછી મને પકડી રાખી મારા ગળામા લટકાવેલી કુચી કાઢી લઇ તમારી પેટી ઉઘાડી, તેમાંથી ખાસ જરૂરી

કાગળો હતા તે લઇ ચાલ્યા ગયા છે ! ”

“ હશે ! જે થવાનું હતુ તે થઈ ગયુ હુ જાણુતો ન્હોતો કે, જય તિલાલને આજે આટલુ બધુ વહેલુ જ્ઞાન પ્રાપ્ત થશે, પરતુ એમા દોષ મારોજ છે હુ જો ફકત પુરોહિતને ત્યા જઈનેજ પાછો આવ્યો હોત તો, આટલી બધી પીડા થાતજ નહિ પણ હવે તે નાસીને જવાનો છે કયા ? હમણા તે પાછો મારા હાથમા આવી પડશે આજ રાત્રે તેણે મને પરાજીત કર્યો છે, તેથી શુ થયુ ? હુ પણ કાઇ જેવો તેવો માણુસ નથી કે તેને સહજમા છોડી દઉ, ભય શુ છે ? કાલેજ હુ તેને બતાવીશ જા સ્નેહલતા ! આજે તો જઈને વિશ્રામ લે, એમા તારો કાઇ પણ દોષ નથી તારે તે સાટે વધારે ચિન્તા કરવાની જરૂર નથી હુ એકલોજ તેનો ઉપાય કરીશ ’

## પ્રકરણ ૨૨ મુ.

### પરીક્ષા

પૂર્વોક્ત પ્રકાર બન્યો તેને બીજે દિવસે રસિકલાલ પોતાને ઘેરથી નિકળી અર્ધા કલાકમા એક દવાખાનાનાની અદર દાખલ થયો તે વખતે એક દાક્તર ત્યા એકલોજ બેઠો બેઠો પુસ્તક વાચતો હતો દાક્તરનુ વય લગભગ સાઠેક વર્ષનુ હતુ તેનુ શરીર શિથલ, ચક્ષુઓ ઉપર કાચના ચસ્મા પહેરેલા હતા, અને તેનો દેહ વજ્ર સમાન હતો

રસિકલાલને આવતો જોઇ દાક્તર ઉભો થયો, અને એક

ખુરસી ખેચી તેને બેસવાને માટે કહ્યુ. રસિકલાલે થોડીવાર બેસી વિશ્રામ લીધા પછી તેને પૂછયુ –" કેમ દાક્તર સાહેબ ! આપ કામમા તો નથીને ?"

" મે આપને જણાવેલુજ હતુ કે, જો હુ કામમા રોકાવાનો હોઇશ તો આપને ખબર આપીશ "

" પરતુ મને તો કાઇ પણ સમાચાર મળ્યા નથી '

" તો પછી હુ કામમા રોકાયેલોજ નથી બોલો સાહેબ ! શુ કાર્યાનુસાર આપનુ' પધારવુ થયુ છે ? મારે શુ કરવાનુ છે ?"

દાક્તર એક ખુરસી પર બેઠેલો હતો, તેની સ્હામે એક ટેબલ પડેલુ હતુ તે ટેબલ ઉપર કાળી બનાત પાથરવામા આવેલી હતી

રસિકલાલે તે ટેબલ ઉપર એક કારપેટનો કકડો મૂકી કહ્યુ –" આ કામમા આપની સહાયતાની જરૂર છે આ કારપેટ ઉપર જે લાલ ડાઘા પડેલા છે તે ડાઘ લોહીના છે કે બીજાના ?"

" આપને આ કારપેટ કયાથી મળી છે ?"

" મરનાર રામપ્રસાદના ઘરમાથી "

" કીયા રામપ્રસાદ ?"

" જેનુ ખૂન થયેલુ છે તે '

દાક્તરે કારપેટને પોતાના હાથમા લઇ એક વખત તેનુ સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કર્યુ થોડી વાર તેને બરાબર રીતે જોઈ તેણે કહ્યુ–" રામપ્રસાદ ! હા ! હા ! હવે મને યાદ આવ્યુ, તે તો બહુજ જાતના વિષો તૈયાર કરનાર ઉસ્તાદ હતા તેઓજ

માર્યાં ગયા છે કે ? આશ્ચર્યની વાત છે તેઓ એક રસાય ણુવિદ્યાના પ્રૉફેસર ગણાતા હતા, એમના કરતા દાક્તર દિના નાથ પણ કાંઈ એ વિદ્યામા ઉતરે તેવા છે ? ”

રસિકલાલે દાક્તર દિનાનાથનુ નામ દાક્તરને મુખે નીકળેલુ જોઈ પૂછ્યુ –“ આપ દાક્તર દિનાનાથને ઓળખો છો કે શુ ? ”

હા ! હુ તે મને બહુજ સારી રીતે ઓળખુ છુ એક વખત એ પણ અમારી કૉલેજમા અમારી સાથે વિદ્યાર્થી હતા ’

“ ઠીક ! ”

“ પરતુ દાક્તર દિનાનાથ જો ચાહે તો મને પણ મ રી નાખે એવો છે લગભગ એક વર્ષ પહેલા તેમને ને મારે કાંઈ કારણને લીધે તકરાર થઇ હતી તેથી હુ અહિ યાથી ચાલ્યો ગયો હતો, પરતુ ચારેક માસ પછી પાછુ મ રે અહિ યા આવવુ પડ્યું છે તે દિવસથી હુ બહુ ચુપકીથી રહુ છુ તેમજ કોઈને પણ મારે ત્યા આવવા દેતો નથી ફક્ત તે દિવસે તેમને ઘર આગળ આવવા દીધા હતા ’

“ આપ જો ના મળ્યા હોત તો મારા કામમા ખલેલ પહોચે તેમ હતું કામ હોય છે તે જ વખતે આપને મળવા આવુ છુ ”

એ પ્રમાણે વાત થઈ રહેતા દાક્તરે એક કાચ બહાર કાઢયો અને તેની મદદ વડે પુન કારપેટનું અવલોકન કરી કહ્યું–“ રસિકલાલ ! આ કારપેટ ઉપર જે લાલ ડાઘ જોવામા આવે છે એ લોહીના ડાઘ નથી વળી આ ડાઘની પાસેજ

કોઇ સ્ત્રી માણસના પગલા પડેલા હોય તેવુ ચિન્હ સ્પષ્ટ રીતે દેખાય છે.”

“એ પગલાની બરાબર છબી લઇ શકાય તેવી છે?”

“શા માટે ના લઇ શકાય?”

“ત્યારે તો ઠીક! એમ થશે તો મારા ઉપર બહુજ ઉપકાર થશે, કેમકે જે વખતે કારપેટ ઉપર આ લાલ ડાઘ પડેલા છે, તે જ સમયે તે સ્ત્રી ત્યા હાજર હોવી જોઇએ અને તેથી એમજ નક્કી થાય છે કે એજ સ્ત્રીએ રામપ્રસાદનું ખૂન કરેલુ છે, નહિ તો આ ખૂનના સબધમા કાઇ પણ જોઇતો પુરાવો અગર જોઇએ તેવી જુબાનીઓ મળતી નથી. આથી તો આ ખૂનના કામમા બહુજ મદદ મળશે’

દાક્તરે તરતજ કારપેટ ઉપર એક કાગળ મૂકી પગનુ ચિન્હ પાડી લીધુ અને તે રસિકલાલના હાથમા આપતા કહ્યુ –“રસિકલાલ! આ ડાઘની તપાસ કરતા એ લોહીના ડાઘ નથી એમ નિશ્ચય થાય છે રામપ્રસાદ એક પ્રકારનું વિષ તૈયાર કરવાની યુક્તિ જાણતો હતો તે વિષ એવુ હતું કે, તે માણસનું મોત તરતજ નિપજાવતું હતુ વારૂ! તે દિવસે મે આપને રામપ્રસાદનો હાથ અહિયા લઇ આવવાને કહેલુ હતુ તેનુ તમે શું કર્યું? લાશને બાળી મૂકવામા આવી છે?”

“હા! લાશ તો બહુ દિવસ થયા બાળી મૂકવામાં આવેલી છે, પરંતુ તે પહેલા આપના કહેવા પ્રમાણે કામ કરેલું છે. હા! બીજી વાત એ છે કે કારપેટ ઉપરથી કેટલાક

કાચની શીશીના કડકા મળી આવેલા છે. ”

“ ખરૂ કહો છો ! કાચના ગોળાની અંદરજ એ વિષ રહે છે એક વખત એ વિષ જે મનુષ્યના શરીરે લાગે છે, તે માણુસનું તરતજ મૃત્યુ થાય છે ’

રસિકલાલે તરતજ એક કાચની લાબી નળીની અંદરથી હાથ બહાર કાઢયો અને તે દાક્તરની પાસે ટેબલ ઉપર મૂકયો દાક્તરે તેને કાચ વડે બહુજ બારીકાઈથી તપાસ્યો, અને કહ્યુ –‘ રસિકલાલ ! મે જે પ્રમાણે અનુમાન કર્યું હતુ તે પ્રમાણેજ છે રામપ્રસાદના હાથની અંદર જે આ લાલ ડાઘ દેખાય છે તે લોહીનો ડાઘ નથી, પરંતુ એ વિષનોજ ડાઘ છે રામપ્રસાદ જે વિષને લીધે મરી ગયા છે તેમાનુ વિષ કાંઇ પણ તમારી પાસે છે ? ”

રસિકલાલે તરતજ પોતાના ખીસ્સાની અંદરથી એક નાની કાચની ગોળ ગોળા જેવી શીશી બહાર કાઢી દાક્તરના હાથમા આપી દાક્તર હાસ્ય વદને તેને પોતાના હાથમા લઈ પૂછવા લાગ્યો–“ રસિકલાલ ! એજ આ ભયાનક વિષ જેનાથી રામપ્રસાદ માર્યો ગયો છે આપની પાસે આના સિવાય આમાની વધારે શીશીઓ છે ? ”

“ ના ! ફક્ત એટલી એજ છે. ’

“ આની તમારે કાંઈ જરૂર છે ? ’

“ ના ! ઝેરની કાંઇ પણ જરૂર નથી ”

“ ત્યારે આને ભાગી નાખું ? ’

“ ખુશીથી ભાગી નાખો ”

દાક્તરે બહુજ ધીમે ધીમે ઘા કરીને તે શીશી ભાગી નાખી, અને એક યંત્રની સહાયતા વડે તેમાનું થોડુ વિષ રામપ્રસાદના હાથ ઉપર મૂકયુ. જોત જોતામા તે વિષ તે હાથની અંદર પેસી ગયુ, અને ચામડી ઉપર એક પ્રકારને લાલ ડાઘ દેખાવા લાગ્યો તે જોઇને દાક્તરે રસિકલાલને કહ્યુ –" જોયુ રસિકલાલ ! હું જે વાત તમને કહેતો હતો તેનુ સાક્ષાત પ્રમાણુ જોવામા આવ્યુ ? હવે આપને સમજાયુ હશે કે રામપ્રસાદ કીયા હથીઆર વડે માર્યા ગયા છે હવે ખૂની કોણુ છે તેનોજ માત્ર તપાસ કરવાનો છે મે તેનો ઉપાય તમને કરી આપ્યો છે જે પગલાની છબી તમને આકી આપવામા આવી છે, તે સ્રીને શોધી કાઢશો એટલે આપનું કાર્ય સંપૂર્ણ થશે "

રસિકલાલ સઘળી હકીકત સાભળી લઇ ત્યાથી ચાલતો થયો રસ્તામા કેટલેક દૂર ગયો નહિ, એટલામા એક વૃદ્ધ સ્રી સહસા તેની પાસે થઇને નીકળી તેણે જતા જતા કહ્યુ – " સાવધાન રહો ! મારી સાથે સાથે ચાલ્યા આવો તમારી પાછળ શત્રુ છે તેની સંભાળ રાખો "

રસિકલાલ તરતજ તે સ્વર ઓળખી ગયો શારદાદેવી છુપે વેષે તેને સાવધાન કરી આગળ ચાલી ચાલતા ચાલતા દશેક મીનીટ પછી તે એક મકાનની અંદર પેઠી રસિકલાલ પણ તેની પાછળ પાછળ તે ઘરની અંદર પેઠો.

## પ્રકરણ ૨૩ મું.

### રહસ્ય ભેદ

બન્ને જણા એકત્ર થયા, તે વખતે શારદાદેવીએ રસિકલાલને કહ્યુ—" રસિક! મારી હકીકત તે સાભળી છે?"

"ના સાભળી હોત તો તમારી પાછળ પાછળ શા માટે આવત?"

"ઠીક! તમારી પાછળ પાછળ કોણ ફરે છે?"

"કોઇ પણ નહિ"

"જોવુ છે?"

"હુ!"

"ત્યારે ઉપર આવો"

રસિકલાલ અને શારદાદેવી બન્ને માળ ઉપર ગયા શારદાદેવી તેને સાથે લઇને એક ન્હાની બારી આગળ જઈ, રસ્તા તરફ નજર કરી કહેવા લાગી—" જુઓ રાસકભાઇ! આ માણસજ તમારી પાછળ પાછળ ફરે છે, એને ઓળખ્યો?"

રસિકલાલ ક્ષણવાર તે માણસના સ્હામુ જોઇ રહી બોલ્યો—' હા! હમણાજ મેં એને ઓળખ્યો. છુપો વેષ ધારણ કરીને એ મારી પાછળ કેમ ફરે છે તે સમજી શકાતુ નથી આ તો દાક્તર દિનાનાથ છે!"

"તમે બરાબર ઓળખી કાઢયો છે, રસિકલાલ!"

"કિન્તુ એ મને માગવા શા માટે ફરે છે? મે અદ્યાપિ સુધી એનુ કાંઇ પણ બુરૂં કર્યું નથી."

" જો એમ ના હોય તો એ દાક્તર કોઈ દિવસ આટલું બધું કષ્ટ ઉપાડે નહિ તમારા મનમા હશે નહિ પરતુ કોઈ પણ રીતે તમે તેનું નુકશાન કરેલુ હોવુ જોઇએ "

" હશે ! હવે હુ ઘર તરફ જાઉ ? '

" ના ! જરા વાર અહિયાજ રોકાઓ, અહિયા તમને એક ચીજ બતાવવા માટેજ આણ્યા છે "

" હજુ તમારે શુ બતાવવાનુ બાકી છે ? "

" રાજીવલોચનની શુ દશા થઇ છે તે જાણો છો ? "

' ના ! શુ થયુ છે ? '

" કાલે તે બીચારાનુ મુખ છુટી નાખ્યુ છે "

" કોણે ? તમે કોને મુખે સાભળ્યુ ? "

" તેને પોતાને મ્હોડે સાભળ્યુ છે "

" તેણે કેવી રીતે કહ્યુ ? તેનાથી બોલાય છે ? "

" હા ! "

" મને લાગે છે કે હવે તો તે બરાબર બોલતો હશે "

" ત્યારે તો મને ત્યા લઇ ચાલો "

શારદાદેવી રસિકલાલને સાથે લઈ તેના ઘરની અદર ગઇ અને એક ઓરડાની અદર પેઠી તે ઓરડાની અદર રાજીવલોચન મોઢે માથે ઓઢીને એક પથારીમા સૂઈ રહેલો હતો. માણુસોનો પગરવ સાભળી તે ચમકી ઉઠયો, અને મોઢા ઉપરથી લુગડુ ખસેડી રસિકલાલને જોવા લાગ્યો રસિકલાલને જોઇ તેના મનમા ક્રોધ ઉત્પન્ન થયો, તેથી તેણે શારદાદેવીને કહ્યુ –" આ કોણ છે ? એમને શા માટે અહિં લાવ્યા છો ? "

" એતો રસિકલાલ છે "

" એતો મેં જાણ્યું છે, પરંતુ એમને અહિંયા શા માટે આવવુ પડ્યુ છે ? મારી સાથે એમને શુ પ્રયોજન છે ? "

" તેતો તે જાણે હુ જ એમને અહિયા લઈ આવી છુ "

" કેમ ?,"

" તમારા ઉપર ઉપકાર કરવાને માટે "

" મારા ઉપર શો ઉપકાર કરવાનો છે ? "

" જેણે તમારી આવી દુર્દશા કરેલી છે, તેનો યોગ્ય બદલો તમે પોતે અત્યારે લઈ શકો તેમ નથી, માટે તે કામ એમનીજ દ્વારા કરાવવાનુ છે તમે એમને સઘળી હકીકત બરાબર રીતે કહી બતાવશો તો પછી જોશો કે તે તમને શુ કરી બતાવે છે ? '

રાજીવલોચને જરા વાર વિચાર કરીને પછી તેને મળતા થઈ કહ્યુ—" શારદાદેવી ! તમારૂ કહેવુ બરાબર છે, તમારૂ અનુમાન મને સત્ય લાગે છે હુ હમણા રસિકલાલને સઘળી હકીકત કહુ છુ, પરતુ પહેલા મને મારી પેટીના ખાનામાથી પેલી શીશી બહાર લાવી આપો "

શારદાદેવીએ રાજીવલોચનના કહેવાનુસાર શીશી પેટી-માથી કાઢી લાવી રાજીવલોચનના હાથમા આપી શીશીને હાથમા લઇને તેણે કહ્યુ—" રસિકલાલ ! આ શીશી આપે જે દિવસ રામપ્રસાદના ટેબલ ઉપર મુકેલી હતી, તે જ દિવસે ત્યાથી હુ બહુજ યુક્તિપૂર્વક લઇ આવ્યો હતો. તે વખતે મારા જાણવામા નહોતું કે આ શીશી પાછી મારે તમારાજ

હાથમા આપવાનો વખત આવશે હશે ! ગમે તેમ થયુ, પરતુ હવે આ શીશી તમે તમારા હાથમા લ્યો જુઓ ! આ કાચનો ગોળો બીજા સામાન્ય કાચના ગોળા જેવો નથી. આજ જાતના એક કાચના ગોળાથી રામપ્રસાદનો જાન જવાનો સમય આવ્યો છે હવે આ શીશીની મને કાઇ પણ જરૂર નથી માટે તેને આપ આપની પાસેજ રાખો ”

રસિકલાલે તે શીશી પોતાના હાથમા લઇને પૂછયુ—“ રાજીવલોચન ! તમારા મુખની આવી અવસ્થા થવાનું શુ કારણ છે ? ”

રાજીવલોચને એક દીર્ઘ નિ શ્વાસ નાખતા કહ્યુ‘–“ રસિકલાલ ! ગઇ કાલ રાત્રે હુ રામપ્રસાદના બગલાની અદર ગયો હતો ત્યા આગળ જઇ હુ આલમારી ઉપરથી એક શીશી હાથમા લઇને જોતો હતો, તે વખતે એક યુવતિએ આવીને મારો હાથ પકડયો મે બળપૂર્વક મારો હાથ તેના હાથમાથી છોડાવી નાખ્યો, અને તેને પકડી લીધી પરતુ તે યુવતિ મારા કરતા પણ અતિશય ધૂર્ત હતી તતક્ષણુ તેણે આલમારી ઉપરથી એક બીજી શીશી હાથમા લઇ મારા મુખ ઉપર ઘા કર્યો શીશી મારા મુખ પર અથડાવાથી ભાગી જઈ જમીન ઉપર પડી તેની અદર જે કાઈ અરક હતો તે મારા મુખ ઉપર લાગવાથી મને બહુ દાહ ઉત્પન્ન થયો, અને હુ સજ્ઞાશૂન્ય બનીને જમીન ઉપર તુટી પડયો જ્યારે જ્ઞાનનો સચાર થયો, ત્યારે મે શારદાદેવીને મારી પાસે બેઠેલા જોયા તેમણેજ મને અતિશય મહેનત કરીને અહિ લાવીને સૂવાડયો છે, અને તેઓજ મારી સેવા કરે છે ”

રસિકલાલે અ ત કરણપૂર્વક સર્વ વાત સાભળીને પૂછયુ –

" રાજીવ ! એ સ્ત્રી કોણ હતી ? "

" તેને બરાબર રીતે હુ ઓળખી શકયો નહોતો

" તોપણ તમે કોણ હતુ એમ અનુમાન કર્યું છે ? '

" ના, કેવી રીતે કહી શકાય ? "

" સુરેશકુમારી હતી ? "

" ના ! તે તો નહોતીજ સુરેશકુમારી રાત્રીના સમયે કદી પણ રામપ્રસાદના બગલા ઉપર આવેજ નહિ "

" ત્યારે કોના ઉપર તમને વહેમ છે ? "

" મને કહેતા બહુજ ભય ઉત્પન્ન થાય છે '

" કેમ ? "

" જેના ઉપર મ્હારો વહેમ છે, તે બહુજ બદમાસ માણસ છે '

" વખતે તેમ જો કે હશે ! તમે નથી કહી શકતા છતા હુ તો મોટે ભાગે સમજીજ ગયો છુ "

" એના સિવાય મને કોણ સતાવી શકે તેમ હતુ ? '

" ઠીક ! પહેલા કોઇ પણ યુવતિ સાથે તમારે વાદવિવાદ થયો હતો ? કોઈની સાથે પૈસા માટે ઝઘડો થયો હતો ? '

" હા ! એક જણની સાથે એવો ઝઘડો એક દિવસ થયો હતો. "

" કોની સાથે ? "

" નામ બતાવી શકતો નથી જો આપની જાણમા હોય તો મને જણાવો પછીથી હું તમને કહીશ "

"લાગે છે કે દાક્તર દિનાનાથની છોકરી સ્નેહલતા હશે તે દિવસે તમે તેની પાસેથીજ ત્રણુસો રૂપીયા લઈ આવ્યા હતા, તેનો બદલો આજે તેણે તમને આપ્યો છે"

"આપનું અનુમાન સત્ય છે જો આપ બરાબર રીતે તપાસ કરશો તો તો અવશ્ય રામપ્રસાદનું ખૂન કોણે કરેલુ છે તે બાતમી અનાયાસે તમને મળી આવશે હવે મને બોલાવશો નહિ, મારે જે કાંઇ તમને કહેવાનુ હતુ તે કહી દીધુ છે મને શાન્તિથી આજ ઠેકાણે મરવા દેજો"

તરતજ શારદાદેવી અને રસિકલાલ ત્યાથી બહાર નીકળ્યા રાજીવલોચન પણ ફરીથી મ્હોડે માથે ઓઢી અસહ્ય વેદના સહન કરવા લાગ્યો

## પ્રકરણ ૨૪ મુ.

## ચોરી

જે દિવસે સવારે દશેક વાગ્યાને સુમારે સુરેશકુમારી પોતાના સુવાના ઓરડામા બેઠી બેઠી કેટલાક જરૂરી કાગળો વાચતી હતી, તે વખતે ઘરની અદર બીજુ કોઇ પણ માણુસ હાજર નહોતુ, તેથી કાંઇ પણ ભય રાખ્યા સિવાય તે કાગળ પત્રો વાચવા લાગી, પણ પછીથી તેના જાણુવામા આવ્યુ કે તેની દાસી ઓરડાના દ્વારની પાછળ છુપાઇ રહીને તેનુ સઘળુ કાર્ય જોઈ રહી હતી સુરેશકુમારી તેને જોઇને તરતજ દ્વાર ઉઘાડવાને માટે ત્યાથી ઉભી થઇ, પરંતુ દ્વાર

ઉઘાડતા પહેલાજ દાસી ત્યાથી પોતાના રહેવાના સ્થાન પર ચાલી ગઇ હતી

સુરેશકુમારી પણ તેની પાછળ પાછળ ચાલી, પર તુ ઓરડાની અ દર પેસતા પેસતામા તો દાસીએ અ'દર પેસી જઇને ઓરડાના દ્વાર બ ધ કરી દીધા જેથી બહાર ઉભા રહીને સુરેશકુમારીએ તેને અનેક વાર બૂમો મારી બોલાવી, કિન્તુ તેણે કાઇ પણ ઉત્ત ર આપ્યો નહિ લગભગ એક કલાક સુધી સુરેશકુમારીએ બહાર ઉભા રહી રાહ જોઇ પર તુ કાઇ પણ વળ્યુ નહિ

છેવટે સુરેશકુમારીએ પોલીસને ખબર આપવાનો વિચાર કર્યો, પણ તેમ કરવાથી પોતાનીજ આબરૂને કલ ક લાગશે એવો ભય લાગવાથી તેણે તે વાત પડતી મૂકી દાસી આખો દિવસ તેના ઓરડાની અ દરથી બહાર આવીજ નહિ, તેમ સુરેશકુમારી પણ આખો દિવસ ઘરની અ દરથી બહાર ગઈ નહિ

છેવટે સ ધ્યાકાળનો સમય થયો સુરેશકુમારી હવે તે બહાર આવી જશે, એમ ધારી દાસીના ઓરડા આગળ આવી સ ધ્યાકાળ વીતી જઇ રાત પડવા છતા પણ દાસી તો બહાર આવીજ નહિ

આખરે રાત્રીના બે પહોર વ્યતીત થઈ ગયા છતા પણ દાસી બહાર નીકળી નહિ, તેથી સુરેશકુમારી તેને ઉંઘી ગઇ હશે એમ સમજી પોતે પણ પોતાને ઠેકાણે જઇને સૂઈ ગઇ

રાત્રી વહી જઈ પ્રભાતનો સમય થયો તે વખતે

સુરેશકુમારી જાગી ઉઠી. જાગતાંજ તેણે પોતાની પથારી પરથી ઉઠીને દાસીને રહેવાના ઓરડા તરફ જઈ જોયુ તો તે ઘરની અંદરથી ચાલી ગયેલી હોય તેવુ જણાયુ સુરેશકુમારીએ તરતજ ત્યાંથી પાછી ફરીને સઘળા ઘરની અંદર બરાબર રીતે બારીકાઇથી તપાસ કરી સહસા દાક્તરની છોકરી સ્નેહલતાના હાથનો લખેલો એક પત્ર તેના હાથમા આવ્યો તે પત્રની અંદરજ તેણે પોતાની દાસીને નાસી જવાને માટે હકીકત જણાવેલી હતી દાસી તે પત્રનો નાશ કરવાનુ ભૂલી ગયેલી હતી

પત્ર લઇને સુરેશકુમારી રસિકલાલના ઘર આગળ ગઇ સિકલાલ તે વખતે પોતાના ઘર આગળ હાજર હતો નહિ પરંતુ એક અપરિચીત માણસ તેના ઘર આગળ તેની રાહ જોતો તેના બારણા આગળ આમ તેમ આટા મારતો જોવામા આવ્યો સુરેશકુમારીને તે માણસ રસિકલાલનો કોઈ પણ શત્રુ હોય એવો વહેમ આવ્યો

તે અપરિચીત માણસની તીવ્ર દૃષ્ટિ સહસા સુરેશ કુમારી ઉપર પડી દૃષ્ટિ પડતાજ પળે પળે સુરેશકુમારી બેભાન બની અને આખરે પૃથ્વી પર પડી જવાની તૈયારીમા હોય તેવુ થવા લાગ્યુ તેના મનનો સઘળો ઉત્સાહ નષ્ટ થઇ ગયો અને તે વિચાર કરી એક સ્થળની અંદર પ્રવેશ કરી આખો મીચી બેસી ગઇ

અપરિચીત માણસ તેને એવી સ્થીતિમા જોઇ તરતજ તેની પાસે આવ્યો અને તેના શરીરને એકજ વાર સ્પર્શ કર્યો

સુરેશકુમારી તે અપરિચીત માણુસને તેમ કરતા અટકાવી શકી નહિ, પરંતુ ક્રમે ક્રમે તેની સ્થીતિ નિદ્રીત બની ગઈ

જ્યારે તેને ભાન આવ્યુ, ત્યારે તેને ખબર પડી કે પોતાને કોઈએ અપરિચીત સ્થળે આણેલી છે એકે એકે તેને સઘળી હકીકત યાદ આવવા લાગી જે ઘરમા તેને રાખવામા આવેલી હતી તે ઘર અતિશય નાનુ અને હવડ જેવુ લાગ્યુ અહિયા તે કેદ પડેલી છે એમ તેને સમજાતા તે બહારના રસ્તે જતા આવતા માણુસોનુ મન આકર્ષણ કરવાને ઈરાદે બૂમો મારવા લાગી

તેની બૂમો સામળી બહારથી એક માણુસે કહ્યુ –" બૂમ મારીશ નહિ ! બૂમ મારવાથી કાઇ લાભ થશે નહિ "

સુરેશકુમારીએ બોલનાર માણુસને પૂછ્યુ–" હુ કયા છુ ? '

બહારની બાજુએથી પુન જવાબ મળ્યો–" અહિયાજ તારે જીવનપર્યંત દિવસો નિર્ગમન કરવાના છે "

' મે એવો શો અપરાધ કર્યો છે ? "

" બહુજ ભારે અપરાધ કર્યો છે " બહારથીજ જવાબ મળ્યો.

" શુ તે તો જણાવો ? '

બહારથી જવાબ મળ્યો–" જો તુ એમજ કબુલ કરે કે મે જ રામપ્રસાદનુ ખૂન કરેલુ છે, તોજ તને અહિથી મુક્ત કરવામા આવશે, નહિ તો નહિ "

સુરેશકુમારી બહુજ ભયથી ચીસ મારી બીજીજ પળે બેભાન બની પૃથ્વી પર પડી ગઈ

## પ્રકરણ ૨૫ મું.

કેદમાં

સુરેશકુમારી બહુ વખત બેભાન રહી નહિ થોડી વારે તેને ભાન આવ્યુ એટલે તેના મનમા અનેક પ્રકારની ચિન્તાઓ થવા લાગી. તેને જે ઘરની અદર કેદ પુરવામા આવેલી હતી તેને ફક્ત એકજ દ્વાર તથા બે ચાર નાના નાના જાળીઆ હતા

તેણે બહુ વખત પર્યંત વિચાર કર્યો પરતુ કાઇ પણ નક્કી કરી શકી નહિ તેનું મન બહુજ વ્યાકુળ બન્યુ તે બારણાની પાસે આવીને વાર વાર બૂમો મારવા લાગી કે—

" બહાર કોણ છે ? "

બહારની બાજુએ એક માણસ ઉભેલુ હતુ, તેણે સુરેશકુમારીને જવાબ આપ્યો –" હુ છુ "

" તમે કોણ છો ? "

' મારૂ ઓળખાણ હમણા તને મળશે નહિ તારે શુ જોઇએ છીએ ? "

" ત્યારે તમે અહિં આગળ કેમ ઉભા છો ? '

" ફક્ત તને જવાબ આપવાને માટેજ "

" શાનો જવાબ આપવા માટે ? "

" તુ જે કાઇ પૂછે તેનો. "

" હુ નિર્દોષ છુ ! હુ રામપ્રસાદનું ખૂન કરવા શા માટે જાઉં ? તેઓ તો મારા બાપના પરમ મિત્ર હતા એટલે

તેઓ મારા તો બાપ સમાનજ હતા. હુ વિના કારણુ શા માટે મારા બાપ તુલ્ય તેમનુ ખૂન કરૂં ? ”

“ જો તુ તે વાત કબુલ નહિ કરે, તો તો તારે આ નાની કોટડીમા મર્ણ સુધી રહેવુ પડશે જો જીવવાની આશા હોય તો હુ કહુ છુ તેમ કબુલ કર ’

“ જીવવાની આશા કોને નથી હોતી ? પરતુ ખોટી વાત કબુલ કરીને હુ જીવવાને ચહાતી નથી. હા પણ એક વાત છે અહિયા રહીને તમારી સાથે બરાબર રીતે વાત થઈ શકતી નથી, માટે દ્વાર ઉઘાડો ’

“ હમણા નહિ ’

“ ત્યારે શુ તમે મને ગમપ્રસાદના બગલામા જોઇ હતી ? ”

“ તારી એ વાતનો જવાબ આપવાની મને જરૂર નથી જો તુ મારી વાત કબુલ કરવાને રાજીજ હોય નો જણાવ, નહિ તો જેમ છે તેમને તેમજ રહેવુ પડશે ’

“ પરતુ મારો અપરાધ ? ’

“ એ કાઈ હુ જાણુ નહિ. ”

“ ત્યારે એક વખત બારણા ઉઘાડો ’

“ ત્યારે તો તું એક દોટ મુકીને તારે ઘેરજ જતી રહે ! કેમ ખરૂ ને ? તુ જ ચતુર હશે અને બીજા તો મૂર્ખજ હશે. ”

“ હું તો એક સામાન્ય સ્ત્રી જાતી છુ ! હું તમારી પાસેથી કેવી રીતે નાસી જાઉ તેમ છુ ? ”

"હુ બીજુ કાઈ સમજુ નહિ ! સો વાતની એકજ વાત છે કે જો મારી કહેવાની વાત કબુલ હોય તો, હમણા દ્વાર ઉઘાડી નાખુ ! નહિ તો અહિ ને અહિ જ સડી મરજે ! બીજી કોઈ રીતે તારો છુટકો થવાનો નથી "

સુરેશકુમારી બોલતી અટકી ગઈ અને બહારના માણુસનો પણ શબ્દ તેના સાભળવામા આવ્યો નહિ, તેથી તેના મનમા થયુ કે તે માણુસ બહારથી ચાલ્યુ ગયુ હશે તરતજ સુરેશકુમારી નિરાશ થઈને હતાશ અ ત કરણે પાસે પડેલી એક પથારીમા પડી અને આસુ સારતા તેને ભીજાવવા લાગી

જે ઓરડાની અ દર સુરેશકુમારીને કેદ કરવામા આવેલી હતી તેમા તદ્દન અ ધકાર હતો કેવળ નાના નાના જાળીયાની અ દરથીજ થોડુ થોડુ અજવાળુ પડતુ હતુ સુરેશકુમારીએ સહજ પ્રકાશની અ દર તે ઓરડાની અ દરની બાજુએ જરા દૂર એક કાગળ પડેલો જોયો

સહસા તેના મનમા કાગળ જોતાજ આશ્ચર્ય ઉત્પન્ન થયુ તરતજ તે પથારીમાથી ઉઠી, અને કાગળને હાથમા લઇ વાચવા લાગી કાગળ વાચતાજ તેના મનમા આવ્યુ કે જય તિલાલેજ તેને આ કાગળ લખી મોકલાવેલો હશે સુરેશકુમારીએ ફરીથી તે પત્ર વાચવાની શરૂઆત કરી. તેણે પત્રમા નીચે પ્રમાણે લખેલુ હતું

"સુરેશ ! તે જ મ્હોટાભાઇનુ ખૂન કરેલુ છે, એવુ આટલા લાબા વખતે જણાયુ છે. પહેલા મારા મનમા તેવો

સદેહ હતોજ નહિ ! પરંતુ અત્યારે તારા વિરૂદ્ધમા એટલા તો પ્રમાણો મને મળી આવ્યા છે કે, હવે તે બાબતમા કાઈ પણ સદેહ રાખવા જેવુ રહ્યુ નથી હવે તારા ઉદ્ધારનો માર્ગ એકજ છે જો તુ પોલિસની પાસે જઈને બધી બાબતનો સ્વિકાર કરી તેમને આત્મ સમર્પણ કરીશ તોજ તુ બચી શકીશ નહિ તો કોઈ પણ રીતે તારો બચાવ નથી ’

સુરેશકુમારીએ એ પત્રને વારવાર વાચ્યો પત્ર વાચી તેના મનમા વિચાર આવ્યો કે જ્યારે જયતિલાલ સુદ્ધાત પણ મારા ઉપર સદેહની દ્દષ્ટિએ જુએ છે, તો પછી મારો કોણ વિશ્વાસ કરશે ? હુ નિર્દોષ છુ ઇશ્વરની સમક્ષ તો હુ કોઈ પણ રીતે દોષિત છુજ નહિ

સુરેશકુમારીએ પુન વિચાર કર્યો કે, અવશ્ય ત્યારે તો જયતિલાલ આ મકાનની અદર હાજરજ છે અને પોતે જયતિલાલેજ મને આ વિપત્તિમા મૂકી છે આ ઉપરથી એમજ સમજાય છે કે તે મારી સાથે હવે વિવાહ કરવાને ચહાતા નથી તેમના ભાઈ રામપ્રસાદે તેમને વારવાર મારી સાથે વિવાહ કરવાને માટે આગ્રહ કરેલો છે, અને તેઓ પણ મારી સાથે કબુલ થયેલા છે, એટલુજ નહિ પણ રામ પ્રસાદના જીવતા તેમની સાથે પણ બધાયલા છે. મને લાગે છે કે અત્યારે તેમના મનમા દાક્તર દિનાનાથની કન્યા સ્નેહ લતાની સાથે વિવાહ કરવાનો વિચાર આવ્યો હશે અને તેથીજ તેમણે મને બીજાની મદદવડે આ નાની ઓરડીની અંદર કેદ કરાવી હશે !

એ પ્રમાણેની અનેક ચિન્તાઓ કરતી સુરેશકુમારી આખરે કલ્પાત કરતી પડી, અને થોડી વારમા નિદ્રાધીન બની ગઈ

બીજે દિવસે પ્રાત કાળે તેને ગખવામા આવેલી હતી તે ઓરડાના દ્વાર ઉઘાડવામા આવ્યા એક દાસીએ આવીને સુરેશકુમારીને માટે આહારાદિની સામગ્રી તેની પાસે મૂકી, તેને ખાવાને માટે કહ્યુ ઈચ્છાનુસાર ખાઈને સુરેશકુમારીએ દાસીને વિદાય કરી દાસી ઓરડાની અ દરથી બહાર નિકળી કે તરતજ ઓરડાના દ્વાર બ ધ કરી દેવામા આવ્યા

અહિયા રાજીવલોચન એજ નાના ઓરડાની અ દર એકલો સુઇ રહેલો હતો, અને થતી વેદના સહન કરતો હતો શારદાદેવી અને રસિકલાલ તેની પાસેથી બીજે ઠેકાણે જવાને તૈયાર થયા, તે વખતે રાજીવલોચનનું શરીર બહુજ દુર્બળ બની ગયેલુ અને તેનું મ્હો તદ્દન બેડોળ બની ગયેલુ હોવાથી તેને પણ બીજે ઠેકાણે લઈ જવાને તેમણે જણાવ્યુ હતુ પર તુ પોતાની નિર્બળતાને લઇને તથા પોતાનુ કદરૂપુ બની ગયેલુ મુખ બીજાને નહિ બતાવવાની ઇચ્છાએ તે રાજીવલોચને કબુલ કર્યું નહિ અ તની પળ પર્યંત તેણે તે જ ગૃહની અ દર રહેવાની અને તે જ સ્થળે દેહ છોડવાની ઇચ્છા જણાવી, તેથી બન્ને જણા ચાલ્યા ગયા

તેમના ચાલ્યા ગયા પછી રાજીવલોચનના મનમા સહસા વિચાર આવ્યો. તેણે તરતજ ઉભા થઇને એક મોટી બાટલી અને એક દવાની નાની શીશી બહાર કાઢી. મોટા શીશાની

અંદર દારૂ ભરેલો હતો, તે એક ગ્લાસની અંદર કાઢ્યો તથા શીશીની અંદરથી થોડીક દવા તે ગ્લાસની અંદર નાખી સહજ વાર થઈ નહિ એટલામાં દવનો સ્પર્શ થવાથી દારૂનો રંગ બદલાઈ ગયો તે જોઇ રાજીવલોચન પોતાના મનમાં કહેવા લાગ્યો–" સારૂં થયું કે આ શીશીની વાત શારદાદેવી જાણતી નથી, નહિ તો તે અત્યાર સુધી મારી પાસે રહેવા દેતજ નહિ "

એ પ્રમાણે કહી રાજીવલોચન દવાથી મિશ્ર કરવામાં આવેલો દારૂનો ગ્લાસ મ્હોડામાં મુકવા તૈયાર થયો એટલામાં બહારની બાજુએથી કોઇએ બારણું જોરથી ખખડાવ્યાં રાજીવલોચન જયંતિલાલને જાણી મોટેથી બોલ્યો–" હવે આપને મારી પાસે આવવાનું કાંઇ પણ પ્રયોજન નથી મેં અત્યાર સુધી આપના પૈસા ખાઇનેજ સેતાનીયત કરી છે જેવી રીતે મેં તમારૂંજ નિમક ખાઈને તમને વિશ્વાસઘાત કરી ઠગ્યા છે, તેવીજ રીતે ઈશ્વરે મારે પોતાને હાથેજ તેનું ફળ ભોગવવાનો મને સમય આપ્યો છે હું મારા કૃત્યનું ફળ પામ્યો છું. હવે મારે આ મ્હારૂં કાળું મુખ તમને બતાવવાની ઇચ્છા નથી, માટે હવે આપ ફરીથી બારણાં નહિ ખખડાવતાં ચાલ્યા જાઓ હું આપને હવે જવાબ આપીશ નહિ, પછી કયાં સુધી આપ મારી રાહ જોયા કરશો ? "

આવેલા માણસે રાજીવલોચનની તે વાત સાંભળી કે નહિ તે જાણી શકાયું નહિ, કિન્તુ પુનઃ બારણાં ખખડયાં એક વાર બે વાર એમ વારંવાર ખખડાટ ઉપર ખખડાટ થવા

લાગ્યો. આખરે રાજીવલોચને કંટાળીને ઉભા થઇ તે દ્વાર ઉઘાડયા તેની ધારણા ખોટી પડી જયંતિલાલને બદલે દાક્તર દિનાનાથજ તેની દૃષ્ટિએ પડયો.

દાક્તર દિનાનાથને જોતાજ તે બોલી ઉઠયો–"કેમ દાક્તર સાહેબ ! આપ આવા કવખતે અહિંયા કયાથી આવ્યા ?"

દાક્તરે જવાબ આપ્યો–" તમે મને અહિં આવેલો જોવાને રાજી નથી કેમ ખરૂં ને ? "

રાજીવલોચને કહ્યું –" નહિજ ! કહો કેમ પધારવું થયું છે ? મારા મોઢાની અવસ્થામાં જોવાને માટે આવેલા છો ? જ્યારે આવ્યા છો ત્યારે તો જોતાજ જાઓ તમારી છોકરીએ જે કામ કર્યું છે તે બરાબર જોઇ લીધું ને ? "

" સારી વાત છે ! જોઇએ તમારૂં મુખ ! "

" લ્યો જુઓ ! ધન્ય છે આપની કન્યાને કે મારા જેવા એક જુવાનને નાહક બદશીકલ બનાવી મૂકયો છે "

" તમે તેને શું કર્યું હતું ? તો પછી તે કરે એમાં નવાઇ શું ? વારૂ એતો ઠીક, પરંતુ આ ખુરસી લઇ જરા મારી સ્હામે બેસો હું તમારી સાથે કેટલીક ગુપ્ત વાતચીત કરવાના ઈરાદાથી અહિંયા આવ્યો છું "

" શું ખરૂં કહો છો ? "

" હા ! એટલા માટેજ હું અહિંયા આવ્યો છું "

" તે તો જાણ્યું પરંતુ આપે એમ ના સમજવું કે હું આપની સામે બેસીશ ! "

"કેમ ? મે શું બગાડયું છે ?"

"કાંઇ નહિ ! પણ આપના સામે મારાથી બેસી શકાય નહિ !"

"શા માટે ?"

"જો હુ બેસુ તો તમે તરતજ મારા ઉપર જાદુ કરી મૂકો, બીજુ શુ ! હુ તમારાથી અજાણ્યો નથી હુ બહુ દિવસથી તમારૂ આ કામ જોયા કરૂ છુ"

એ પ્રમાણે બોલતો બોલતો ગજીવલોચન એકદમ પરવશ બનવા લાગ્યો તેનુ જ્ઞાન જતુ રહેવા લાગ્યુ ક્રમે-ક્રમે તેની વાક્શક્તિ બ ધ થઇ ગઇ અને સહજ વારમા તે અચેતન બની ગયો કોણુ જાણે તેનામા એકદમ અતિશય બળ કયાથી આવ્યુ કે તે એકદમ જોરમાજ ઉભો થયો, અને એક ફલ ગ મારી દાક્તર દીનાનાથની સ્હામેથી એક બાજુ ખસી ગયો તેણે દાક્તર દિન નાથની પાછળ આવી એકદમ તેને એવી રીતે પકડી લીધો કે દાક્તરથી તેના હાથમાથી છૂટી શકાયુ નહિ

લગભગ અર્ધાએક કલાક સુધી બન્નેની વચ્ચે તાણા તાણી થઇ. છેવટે કાંઈ પણ છુટવાનો ઉપાય નહિ જોવાથી દાક્તરે પોતાના ખીસ્સામાથી એક તીક્ષ્ણ ધારવાળી છરી બહાર કાઢી રાજીવલોચનના હાથ પર ઘા કર્યો ઘા લાગતાજ રાજીવલોચને દાક્તરને છોડી દીધો દાક્તર મળેલી તકનો લાભ લઇ ઘરમાથી બહાર નીકળી નાસી ગયો.

## પ્રકરણ ૨૧ મું.

### પરિણામ

તે દિવસે રાત્રી ઘણી જવાથી સ્નેહલતા પોતાના પિતાની એક ખુણામ બેઠી બેઠી રાહ જોતી હતી દાક્તર દિનાનાથ સ ધ્યાકાળ પહેલા ઘરમાથી બહાર નીકળ્યો હતો રાત્રીના દશ વાગી ગયા હતા છતા પણ તે ઘેર આવેલો નહિ હોવાથી, તે કેમ આવ્યા નહિ ? તે બાબત સ્નેહલતાના મનમા અતિ શય ચિ તા થવા લાગી તે ઘરની બારી આગળ કયારે પિતા ઘેર આવશે એવા વિચારથી બેઠી હતી

જોતજોતામા સાડાદસ વાગ્યા, છતા પણ દાક્તર ઘેર આવ્યો નહિ તેણે અત્યાર સુધી સાજનું વાળુ કર્યુ નહોતુ કારણ કે તે વહેલો આવશે એમ માન્યતા હતી, અને તેણે પોતે પણ જલદીથી પાછા આવવાનુ જણાવેલુ હતુ, છતા હજી સુધી આવ્યો નહોતો, તેથી સ્નેહલતાનુ મન અતિશય ચ ચળ બન્યુ હતુ

ઘરના નોકર ચાકરો તથા દાસી વગેરે સહુ કોઇ પોત પોતાના સુવાના સ્થળે જઇને સૂઈ રહેલા હતા સ્નેલતા સિવાય ઘરના બધા માણુસો ઘોર નિદ્રામા પડયા હતા સ્નેહ લતા પોતાનો બાપ ઘેર પાછો નહિ આવેલો હોવાથી બહુજ વ્યાકુળ જણાતી હતી હવે તે વધારે વાર બાપની રાહ જોઇ શકી નહિ તરતજ તેણે ત્યાથી ઉઠી પોતાનું સઘળુ' શરીર ઢાકી દીધુ, અને કોઇ પણ પોતાનો પગસ'ચાર સાભળે નહિ

તેવી રીતે રામપ્રસાદના બ ગલા તરફ ઉતાવળે ઉતાવળે ચાલી

રામપ્રસાદના બ ગલા ઉપર જવાનો તેનો નિત્ય ક્રમ હોવાથી તેણે તે બ ગલાના સઘળા ઓરડાઓની ચાવીઓ પોતાની પાસે મેળવી રાખી હતી એ ચાવીઓને લઇને જ્યારે જ્યારે તેની ઇચ્છા થતી ત્યારે ત્યારે તે વગર અટકાવે બ ગલાની અ દર જઇ શકતી હતી

રામપ્રસાદના બ ગલા અ દર જઈ એક પછી એક સઘળા ઓરડાઓ ઉઘાડી તેણે તપાસ્યા, પર તુ પોતાના બાપને ત્યા જોયા નહિ છેવટે નિરાશ બનીને તે રામપ્રસાદના શયનગૃહ-વાળા ઓરડાની અ દર ગઈ, અને ત્યા પડેલા એક સે ફા ઉપર સૂઈ ગઇ

સહસા એક શબ્દ તેના કાને આવ્યો સ્નેહલતા એક-દમ છલ ગ મારીને સોફા ઉપરથી ઉઠી અને તત્ક ળ રસાયણ શાળાવાળા ઓરડા તરફ ચાલી ગઇ ત્યા જઇ જોયુ તો તેના પિતાને તેણે આલમારી ઉપરથી એક દવાની શીશી હાથમા લેતા જોયા તરતજ તેના મનની ચિન્તા દૂર થઇ ગઈ તે પિતાની સાથે કાઇ પણ નહિ બોલતા તેઓ શુ કરે છે તે છાનીમાની એક બ જુએ ઉભી રહી જોવા લાગી

દિનાનાથ બીજી કોઇ બાજુએ લક્ષ નહિ આપતા પોતાના કાર્યની અ દરજ લાગેલો હતો સ્નેહલતા રસાયણશાળાની અ દર આવી એક બાજુએ ઉભેલી હોવા છતા તેને તેણે જોઈ નહિ અનેકવાર તેની નજીકમા થઇને જવા આવવા છતા સ્નેહલતા તરફ તેનું લક્ષ્ય બીલકુલ દોરાયુ નહિ.

છેવટે અર્ધો કલાક થયા પછી તે એક ટેબલ પાસે ગયો અને એક પત્ર લખવા લાગ્યો સ્નેહલતાએ શાન્ત નહિ રહેતા પોતાના પિતાની પાછળ જઈને પત્ર વાચવા માડ્યો

પત્ર વાચતા વાચતા સ્નેહલતા એકદમ બૂમ પાડી મ્હોટેથી બોલી ઉઠી–" બાપુ ! બાપુ ! આ શુ લખો છો ? તમે તે કોને લખો છો ? "

સ્નેહલતાનો ઘાટો સાભળતાજ દાક્તર ચમકી ઉઠયો તેણે આશ્ચર્ય પામતા સ્નેહલતાને પૂછયુ–" સ્નેહલતા ! તુ અહિયા કયારે આવી ? "

સ્નેહલતાએ જવાબ આપ્યો–" મને આવ્યે બહુ વખત થઇ ગયો છે "

" અત્યાર સુધી તુ કયા હતી ? "

" અહિયાજ હતી "

" ખોટી વાત ! તુ અહિયા હોય અને હુ તને જોઇ શકુ નહિ એવુ કાઇ બને ? "

" આપ મને જોઇ શકયા નહોતા, આ શુ લખો છો ? "

" એ વાત તારે જાણવાની શુ જરૂર છે ? " એ પ્રમાણે કહી દાક્તરે પોતાની પુત્રી તરફ તિક્ષ્ણ દૃષ્ટિપાત કર્યો સ્નેહલતા ક્રમે ક્રમે અચેતન બની ગઇ તેની બોલવાની શક્તિ બધ થઇ ગઈ, અને તે એક તરફ જઈને બેશુદ્ધ બની બેઠી તેને અચેતન અવસ્થામા બેઠેલી જોઇને દાક્તર બોલી ઉઠયો–" હુ પોતાના બચાવની સામગ્રી તૈયાર કરૂ છુ "

# પ્રકરણ ૨૭ મુ.

## અવશેષ

સ્નેહલતા પોતાના બાપના શબ્દો સાભળતાજ તરત બોલી ઉઠી-" પોતાના બચાવને માટેજ આ પત્ર લખો છો ? આપને કોણ પકડે છે ? શુ છુપી પોલિસના માણસોએ આટલે બધે સુધી પત્તો મેળવ્યો છે ?

દાક્તરે જવાબ આપ્યો-" પત્તો મળે કે ના મળે, પરતુ હુ મારા માથાનો દોષ ઉડાવી દેવાનો પ્રયત્ન ના કરૂ કેમ ? '

સ્નેહલતાએ કહ્યુ ' પરતુ એથી તો મારા સર્વસ્વનુ સત્યાનાશ વળે છે "

" તેનુ હુ શુ કરૂ ? "

" હુ તો આપની પુત્રી છુ, તેનો કાંઈ વિચાર કર્યો ?

" સૌથી પહેલા સહુ કોઇએ પોતાના જીવનનો વિચાર કરવો જોઇએ "

' ત્યારે હુ મરૂ અગર જીવુ તેની તો દરકારજ નથીને ? ઠીક ! ત્યારે હુ હમણાજ જયતિલાલની પાસે જાઉં છુ, અને તેની પાસે જઈ અત્યારેજ સઘળી હકીકત જણાવી દઉ છુ, પછી જોઉ છુ કે આપ કેવી રીતે બચી શકો છો ? આપ એક જાતના જાદુગર છો, તે સહુ કોઈ જાણે છે આપને ના ઓળખતુ હોય એવુ કોઇએ નથી તેમ આપનાથી ના બની શકે તેવુ કાર્ય પણ કોઈ નથી અત્યાર સુધીમા જે બધા અન્યાયના કાર્યો તમે કર્યા છે, તે સઘળા તમારી જાદુવિદ્યાના

બળેજ થયા છે, જો તેમ ના હોય તો એક સામાન્ય સ્ત્રી તેવા કામ કેમ કરી શકતી નથી ? આપ આજે આટલા બધા સાવધાન બની ગયા છો, તો પછી મારે પણ તેવુ બનવુ પડશેજ આપ પિતા છો એમ ધારીને હવે કોઈપણ રીતે મારાથી પણ બેસી રહેવાશે નહિ આપ જ્યારે મારા ઉપરજ દોષ મૂકવાને તૈયાર થઈ પોતાનો બચાવ કરવાની યુક્તિ કરો છો, તો પછી હુ પણ તમારા મુખ સ્હામુ જોઈને કેવી રીતે બેસી રહીશ ? ”

એ પ્રમાણે કહી દાક્તર દિનાનાથના જવાબની કાંઈ પણ પરવા નહિ કરતા સ્નેહલતા એકદમ તે રસાયણશાળાના ઓરડામાથી બહાર નીકળી ઘર તરફ ચાલી

જ્યારે તે ઘેર જવાના રસ્તા ઉપર આવી, તે વખતે એક માણસ તેને માટે રાહ જોઈ ઉભુ રહેલુ હોય તેવુ તેને જણાયુ, તે માણસ પણ સ્નેહલતાની પાછળ પાછળ ચાલ્યુ સ્નેહલતા કોઈ દિશા તરફ લક્ષ્ય નહિ આપતા એકદમ પોતાના ઘરમા આવી ઉભી રહી તત્તજ તેની પાછળ પાછળ આવનાર માણસે પોતાના ખીસ્સામાથી એક કાગળ બહાર કાઢયો

અત્યારે થોડા થોડા વરસાદના છાટા આવતા હતા, તેથી રસ્તાની અદર કાદવ થયેલો હતો તે કીચડ સ્નેહલતાના પગે લાગેલો હતો, તેથી જ્યા જ્યા તેના પગલા પડેલા હતા ત્યા ત્યા પગના સઘળા ચિન્હો સ્પષ્ટપણે દેખાતા હતા તેની પાછળ પાછળ આવનાર રસિકલાલે પોતાના ખીસ્સામાથી બહાર કાઢેલા કાગળની સાથે તે ચિન્હો મેળવી

જોયા, અને તેથી રસિકલાલની ખાત્રી થઇ કે, રામપ્રસાદની કારપેટ ઉપર પણ સ્નેહલતાનાજ પગલાના ચિન્હ પડેલા છે તેમ સ્નેહલતા જે દિવસે રામપ્રસાદનુ ખૂન થયુ તે દિવસે રામપ્રસાદના બગલામા હાજર હતી એમ પણ નક્કી થયુ છે

રસિકલાલને પદચિન્હે જોઇ પ્રથમ તો સુરેશકુમારીના ઉપર વહેમ આવેલો હતો તે પોતાની પાસેના કાગળની સાથે તેના પદચિન્હ મેળવવાને માટે સુરેશકુમારીને ત્ય ગયો હતો પરતુ ત્યા આગળ સુરેશકુમારીના કાઇ પણ સમાચાર નહિ મળવાથી તે રામપ્રસાદના બગલામા ગયો બગલાની અદર રસાયણશાળાવાળા ઓરડામા દાક્તર અને સ્નેહલતા વચ્ચે થતી વાત સાભળી ત્યારે તેને સ્નેહલતા ઉપર સપૂર્ણ શક ઉત્પન્ન થયો તરતજ તે રામપ્રસાદના બગલામાથી બહાર આવી સ્નેહલતાની રાહ જોતો રસ્તા ઉપર ઉભો રહ્યો હતો

સ્નેહલતા ઘરની અદર થોડીવાર રહી બહાર આવી, અને રસ્તા ઉપર ચાલી રસિકલાલ આ વખતે પણ ગુપ્તપણે તેની પાછળ પાછળ ચાલ્યો કેટલુક એ પ્રમાણે ચાલ્યા પછી સ્નેહલતા જે ઘરની અદર રાજીવલોચન રહેતો હતો તેની અદર પેઠી

સ્નેહલતાના મનમા હતુ કે, રાજીવલોચન અહિયા એકલોજ રહે છે અને તેથીજ તે અદર પેઠી હતી પરતુ અદર પેસતાજ તેણે શારદાદેવીને અદર બેઠેલી જોઈ શારદાદેવીને જોઇ સ્નેહલતાએ પૂછ્યુ--" તમે અહિયા કયાથી ? "

શારદાદેવીએ તેને સ્હામુ પૂછ્યુ -" તમે અહિયા કયાથી ? "

“ હુ રાજીવલોચનને જોવા માટે આવી છુ ”

“ રાજીવલોચન અહિયા છે એ તમે કેવી રીતે જાણ્યુ?”

“ એ આપનુંજ કામ છે તમે એમને અહિ લાવ્યા છો?”

“ પણ તમને કોણે કહ્યુ ? ”

“ સુરેશકુમારીની દાસીએ ’

“ એણે એ વાત કેવી રીતે જાણી ? ”

“ તેની સાથે રાજીવલોચનને સ્નેહ છે ”

“ તે દાસી કયા છે ? ”

“ તે પછીથી જણાવીશ ”

“ રાજીવલોચનની જે દુર્દશા તમે કરી છે, તેથી તે બચ્યો છે ”

“ બચ્યો છે, જાણીનેજ જોવા માટે આવી છુ જો મરી ગયો હોત તો તે પણ જાણત ”

“ ઠીક ! ત્યારે જે કામે આવ્યા છો તે કામ કરી લ્યો, વાર કરશો તો પછી જોઈ શકશો નહિ ”

સહુસા રસિકલાલ તે જ સ્થળે આવીને ઉભો રહ્યો શારદાદેવીને સ્નેહલતાની સાથે વાત કરતી જોઈને તે હાસ્ય વદને સ્નેહલતાની પાસે જઈને બોલ્યો–“ સ્નેહલતા ! તે મને બહુજ દુ ખ આપ્યુ છે તેજ રમપ્રસાદનુ ખૂન કરેલુ છે એ અત્યાર સુધી બરાબર રીતે મારા જાણવામા આવ્યુ નહોતુ પરતુ હવે તારો કોઈ પણ રીતે છુટકારો નથી હજી પણ જો તુ તારૂ ભલુ ચહાતી હોય તો બધી વાત ખુલ્લે ખુલ્લી મારા આગળ જણાવી દે અને માફી માગ ”

સ્નેહલતાએ કાઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ તે પોતે બન્ને છુપા માણસો આગળ ફસાઈ પડેલી હોવા છતા તેણે નાસી જવાનો ઉપક્રમ પણ કર્યો નહિ તેણે કેટલીક વારે જવાબ આપ્યો–" મે ? શુ મે જ ખૂન કર્યું છે ? આપે તે કેવી રીતે જાણ્યુ છે ? "

રસિકલાલે મોઢેથી કાઈ પણ નહિ બોલતા વિષથી ભરેલી કાચની ગોળ શીશી અને કાગળની અદર વીટેલો રામપ્રસાદનો હાથ એ બન્ને ચીજો સ્નેહલતાને બતાવી સ્નેહલતા તે બન્ને ચીજો જોતાજ પોતાના મનમા સમજી ગઇ કે હવે કોઇ પણ રીતે છૂટી શકાય તેમ નથી

રસિકલાલે તરતજ એક સીટીનો અવાજ કર્યો તત્કાળ બે પોલિસના કોન્સટેબલો આવીને હાજર થયા રસિકલાલે સ્નેહલતાને બધન કરવાનો હુકમ આપ્યો હુકમ અનુસાર સ્નેહલતાને બધન કરવામા આવી

કેટલીક વારે શારદાદેવીએ સ્નેહલતાને પૂછ્યુ –" સ્નેહ-લતા ! બોલ હવે તારો શુ વિચાર છે ? જો ખરી હકીકત નહિ જણાવે તો તારૂ મૃત્યુ થશે "

સ્નેહલતાએ પોતાની ઈચ્છા નહિ હોવા છતા જણાવ્યુ – " રસિકલાલ ! હુ કહુ તે સાભળો જ્યારે હુ પકડાઈ ગઈ છુ, તો પછી કોઇ પણ વાત છુપાવી રાખવાની જરૂર જોતી નથી મે જ રામપ્રસાદનું ખૂન કરેલુ છે એ હુ કબુલ કરૂ છુ "

રસિકલાલ–" શા માટે તે એમનું ખૂન કર્યું હતુ ? "

સ્નેહલતા–" ફક્ત પૈસાના લોભેજ હુ જાણતી હતી

કે રામપ્રસાદની પાસે પુષ્કળ પૈસો છે, તેમ એ પણ જાણતી હતી કે સુરેશકુમારીજ એ સઘળી મિલ્કતની માલિક થનાર છે મારા બાપના યુક્તિ પ્રપચથી અને તેમની અદ્ભુત જાદુ વિદ્યાના બળથી જયતિલાલને પહેલાથીજ અમે અમારા વશ ( કબજે ) કરી લીધેલા હતા તેમની પાસેથી તેમના મારી સાથે વિવાહ કરવાનું એક પ્રતિજ્ઞાપત્ર લખાવી લીધુ હતુ જો કોઈ પણ રીતે જયતિલાલ રામપ્રસાદના ઉત્તરાધિકારી થાય તો એમા ભારે દખલ ઉભી કરવાને માટેજ અમે એ વિચાર કર્યો હતો, અને તેથીજ મે રામપ્રસાદના ખરા વીલની ચોરી કરી હતી

શારદાદેવીએ વચ્ચેજ તેને બોલતી અટકાવીને કહ્યુ–" એ વીલ અત્યારે મારી પાસે છે ચોરની પાસેથી ચોરી કરીને હુ લઈ આવી છુ રસિકલાલ ! આ તે વીલ તમે લ્યો "

એ પ્રમાણે કહી શારદાદેવીએ તે વીલ રસિકલાલના હાથમા આપ્યુ રસિકલાલે તરતજ વાચી જોયુ, અને તેથી તેની ખાત્રી થઇ કે સુરેશકુમારીજ રામપ્રસાદની અધિક સંપત્તિની ઉત્તરાધિકારીણી છે

વીલ વાચી રહ્યા પછી રસિકલાલે સ્નેહલતાને કહ્યુ–" પછી ? "

સ્નેહલતા–" એક ખોટુ વીલ પણ તૈયાર કરવામા આવેલુ છે મારા બાપેજ રામપ્રસાદને જાદુવિદ્યાના બળે બેભાન બનાવીને તેમની તે અવસ્થાની અદર તેમની પાસે લખાવેલુ છે. ત્યાર પછીજ બીજું બધુ બન્યુ છે, પછીથી મેં

રામપ્રસાદના રસાયણશાળાવાળા ઓરડાની અંદર જઇને સઘળી જાતના વિષોની શીશીઓ તપાસી હતી, તેમજ કીયા વિષથી શું શું થાય છે, અને કેવા પરિણામ આવે છે તે મે જાણી લીધું હતુ મે આલમારી ઉપરથી કાચના ગોળાઓમા ભરેલા વિષની શીશીઓ બહાર કાઢી તેમાથી ફક્ત બેજ શીશીઓ લીધી હતી ”

“ ત્યાર પછીથી ? ”

“ ત્યાર પછીથી હુ એક કાચની ગોળી લઇને તેને મારા હાથમા ગુપ્ત રાખી રામપ્રસાદના સુવાના ઓરડાની અંદર તેમને મળવા માટે ગઈ હતી રામપ્રસાદ હુ શુ ઉદ્દેશથી ગઈ હતી તે જાણુતા નહોતા. મે તેમનો હાથ પકડીને વાત કરતા તે ગોળી તેમના હાથની અંદર રાખી દીધી, અને એટલા જોરથી દબાવી દીધી કે, તે અત્યારે કહી શકાય તેમ નથી પછી તરતજ હુ ત્યાથી હળવે હળવે ચાલી નીકળી ”

“ તારી સાથે કોણુ હતુ તે તુ જાણે છે ? ”

“ ના ! મને કોઇની પણુ બીક લાગતી નથી આનંદની વાત તો એ છે કે, હુ પકડાઇ ત્યાર પહેલાજ મને પકડવાની છે એ વાત હુ જાણુતી હતી પરંતુ એક વાત બહુજ જરૂરી છે. સુરેશકુમારી મારા ઘરમા કેદ છે ”

“ કેમ ? ”

“ મારા બાપ તેના કારણુ રૂપ છે તેઓ અત્યારે મને પકડાવા અને પોતે બચી જવાના કામમા રોકાયલા છે.

સુરેશકુમારી જો કબુલ કરત કે મેજ રામપ્રસાદનુ ખૂન કરેલુ છે તો આ બધી પીડા ઉત્પન્ન થાત નહિ ”

“ આમા તારા બાપનો કેટલો દોષ છે ? ”

“ બધા કામનું મૂળજ એ છે ! તેઓ જે વિદ્યા જાણે છે, તેનાથી તે કોઈ પણ કાગ ના કરી શકે એવુ નથી ”

‘ તેઓ અત્યારે કયા છે ? ”

“ ઘણું કરીને તો તે અત્યારે રામપ્રસાદના બ ગલામાજ હશે ’

રસિકલાલ તરતજ સ્નેહલતાને પોલિસ ચોકી પર મોકલી રામપ્રસાદના બગલા તરફ ચાલ્યો ત્યા જઇ જોયુ તો દાક્તર દિનાનાથ એક આરામખુરસી ઉપર બેસીને કાંઈક કાગળ વાચવામા ગુથાયલો હતો કાંઇ પણ વિલબ નહિ કરતા રસિકલાલે તેને એકદમ કબજે કરી બ ીવાન બનાવ્યો પરતુ તેનુ સઘળુ શરીર અતિશય ઠડુ પડી ગયેલુ જોઈ તેણે વિચાર કર્યો કે મારા આવતા પહેલાજ તેણે કોઈ પણ પ્રકારનુ વિષ લઈ આત્મહત્યા કરી છે અને આ બધા મામલામા સપડાવું ના પડે માટેજ આમ કર્યું છે.

સ્નેહલતા પોલિસ ચોકીમા આવ્યા પછી બહુ વાર સુધી જીવી નહિ તેની પાસે પણ એક પ્રકારનું વિષ હોવાથી, તે તેણે પી લઈ આત્મહત્યા કરી હતી.

શહેરના સઘળા લોકોના જાણુવામા આવ્યુ કે સ્નેહલતાએજ રામપ્રસાદનુ ખૂન કરેલુ છે. પહેલા તો એ વાત કોઇના પણ માનવામા આવી નહિ, કારણ કે રામપ્રસાદ

જેવા બળવાનનુ ખૂન કરવાનુ સાહસ એક સ્ત્રી કરે એ અસ ભવિત હતુ પર તુ જયારે સઘળાના સાભળવામા આવ્યુ કે તેને પકડીને થાણામા લાવવામા આવી છે અને ત્યા ઝેર ખાઇને એણે પોતે આત્મહત્યા કરી છે ત્યારેજ એ વાત માનવામા આવી સઘળા માણુસો સ્નેહલતાની નિદા કરવા લાગ્યા

ખૂની સ્નેહલતાને પકડવાથી રસિકલાલને બહુજ સારૂ ઈનામ મળ્યુ સુરેશકુમારીને દાક્તરના ઘરમા પુરેલી હતી ત્યાથી તરતજ બહાર કાઢવમા આવી

---

## ઉપસંહાર.

સુરેશકુમારી દાક્તરના ઘરમાથી મુક્ત થઇને રસિકલાલ સાથે પોતાને ઘેર ગઈ રસિકલાલે અસલ વીલ તેના હાથમા આપ્યુ, અને તેને રામપ્રસાદના વકીલોને ત્યા લઇ જઇ જે રીતે અસલ વીલ પ્રમાણે કાર્યક્રમ થાય તે પ્રમાણેની સઘળી યોજના કરી આપી

થોડાજ વખતમા સુરેશકુમારી રામપ્રસાદના વીલમા લખેલી મિલ્કતની સ્વતત્ર માલિક થઇ જયતિલાલે જ્યારે રસિકલાલની સાથે જઈ સુરેશકુમારીની સાથે વિવાહ કરવાની વાત કરી ત્યારે સુરેશકુમારીએ હાસ્ય વદને જયંતિલાલને કહ્યુ –" મે તો ખૂન કરેલુ છે, મારી સાથે વિવાહ કરવાથી આપનુ ખોટુ કહેવાશે

જયતિલાલ-સુરેશ ! એવી વાત શા માટે કરે છે ? મેં કોઇ પણ વખતે તારા માટે સદેહ કર્યોજ નથી.

સુરેશકુમારી-ત્યારે હુ જે વખતે દાક્તરના ઘરમા કેદ હતી, ત્યારે તમે તેવી રીતે મને પત્ર કેમ લખ્યો હતો ?

જયતિલાલ-હુ તે વખતે દાકતરના હાથમા રમકડા રૂપે હતો. હુ શુ કરૂં છુ કે, શું બોલુ છુ તેનુ મને બીલકુલ ભાન તે વખતે રહેતુ નહોતુ

સુરેશકુમારીએ હાસ્ય કરતા કહ્યુ-ત્યારે અત્યારે હવે કોના હાથમા છો ?

જયતિલાલ-હવે તો તારાજ હાથમાં, બીજા કોના ?

સુરેશકુમારી-પાછા પછીથી બોલશો નહિ કે તે વખતે હું તારા હાથમા હતો માટે મેં શુ કર્યું હતુ તે ખબર નથી

રસિકલાલ ( ઉચ્ચ સ્વરે હાસ્ય કરતા )-“ તમે બન્ને જણા નિર્દોષ છો, વિશેષમા જયતિલાલે તે દિવસે જે વાત કહી હતી, તે રીતે તો તેમણે તને બચાવવાનોજ પ્રયત્ન કર્યો હતો, અને તેથી મારો તો નિશ્ચય થયો હતો કે જય-તિલાલ તને પોતાના પ્રાણ કરતાં પણ અધિક ચાહે છે જુઓ ! તમારા વિવાહ સબંધની વાત બહુ દિવસ થયાં નક્કી થયેલી છે, અત્યારે તમારા ઉપરની સઘળી આપત્તિઓ ટળી ગઇ છે, અને કોઇ પણ પ્રકારની ભીતી નહિ રહેવાથી આનંદ છે. તેવીજ રીતે તમારો વિવાહ થઈ જાય એટલે બધાને આનંદ થશે હવે તુ રામપ્રસાદની સઘળી મિલકતની ઉત્તરા-ધિકારીણી થઇ છે. જયંતિલાલને તો તેમાંથી થોડો ભાગજ

મળ્યો છે. તમારા બન્નેનો વિવાહ થઇ જશે એટલે સઘળી સંપત્તિ પાછી એકત્ર થશે અને બન્ને જણુ તેના માલિક સ્વતંત્રપણે થશો. ”

સુરેશકુમારી કાંઈ પણુ બોલી નહિ, તે પણુ જય તિલાલને અતિશય ચહાતી હતી. પોતાનો વિવાહ જય તિલાલની સાથેજ થશે એ જાણીને તે બહુ ખુશી થઇ

વકીલોની સહાયતાથી રામપ્રસાદના ખોટા વીલને રદ કરવામા આવ્યું, અને અસલ વીલ પ્રમાણે સઘળી વ્યવસ્થા કરવામા આવી. છેવટે રામપ્રસાદની સઘળી મિલ્કત સુરેશ-કુમારીના હાથમા સોંપાઈ, અને તેનો મનોભિલાષ સંપૂર્ણ થયો

રામપ્રસાદના બંગલાને ફરીથી સાફસુફ કરાવી સુધારવામા આવ્યો. સુરેશકુમારી અને જયતિલાલ બન્ને પોતાને રહેવાના મકાનો ભાડે આપી દઈ રામપ્રસાદવાળા બંગલાની અંદર રહેવા માટે ગયા

વિવાહનો દિવસ નક્કી કરવામા આવ્યો. સુરેશકુમારીના તેમજ જયતિલાલનાં કોઇ પણુ આત્મીય સ્વજન જીવતા નહોતા તેથી સ્નેહી સમુદાયે અને રામપ્રસાદના વીલના એક્ઝીક્યુટરોએ તેમનો લગ્નોત્સવ ઉજવ્યો

યથાસમયે તેમના લગ્નનું શુભ કાર્ય કરવામા આવ્યું તેઓ બન્ને જણા જીવન પર્યંત સુખે સંસાર-યાત્રામાં મ્હાલવા લાગ્યા

રાજીવલોચન વધુ વખત જીવ્યો નહિ તેના મુખમા પડેલા ક્ષત દિન પ્રતિદિન વધતા જતા જવાથી એક માસ પીડા ભોગવી તે મરી ગયો.

શારદાદેવીએ તે દિવસ પછી ફરીથી કોઈ પણ દિવસ છુપી ખાતમીદારનુ કામ હાથ ધર્યું નહિ તે પોતે તે કામનો ત્યાગ કરી પોતે રાખેલી બાળકીને પરણાવી સુખપુર્વક કાળ નિર્ગમન કરવા લાગી

રસિકલાલે તેના ભરણુપોષણુનો સઘળો ભાર પોતાના શીર પર લઈ લીધો

સમાપ્ત.

## જનસમાજમાં ખાસ વખણાયેલી

## નવલકથાઓ

| | |
|---|---|
| ગુર્જરી-મુંબાઈની શેઠાણી સચિત્ર | ૨-૦-૦ |
| મિલન-મંદિર (સચિત્ર) | ૨-૮-૦ |
| કુમુદકુમારી (સચિત્ર) | ૩-૦-૦ |
| રતિસુંદરી (સચિત્ર) | ૨-૮-૦ |
| રત્નગઢની રંભા (સચિત્ર) | ૩-૦-૦ |
| સરોજસુંદરી-સુધરેલો જમાનો | ૨-૮-૦ |
| સ્ત્રીઓની રંગભૂમિ | ૨-૮-૦ |
| સંસાર શેતરંજ ભાગ ૧ થી ૩ દરેક ભાગની | ૨-૦-૦ |
| વસંત વિહાર (ગઝલોનો ભંડાર) | ૨-૮-૦ |
| કર્મ-બન્ધન યાને વિધવાની કર્મકથા | ૧-૮-૦ |
| ભામિની કે ભૈરવી ? | ૨-૮-૦ |
| વિધિનું વિધાન (સચિત્ર) | ૨-૮-૦ |
| કુંદન અને કુસુમ ભાગ ૧ થી ૮ દરેક ભાગની | ૧-૪-૦ |
| સરસ્વતી (સામાજિક નવલ) | ૧-૪-૦ |
| વનવાસિની (ઐતિહાસીક) | ૨-૦-૦ |
| કુસુમલતા | ૧-૮-૦ |
| મડમ કે મધુરી | ૨-૦-૦ |
| કુસુમકુમારી | ૧-૮-૦ |
| માનવ શયતાન | ૨-૦-૦ |
| પ્રેમપિંજર કે ખુની ખંજર ? | ૨-૦-૦ |
| સન્મિત્ર કે શયતાન ? | ૧-૦-૦ |